પ્રકરણ ૧૩ મું

# પરદેશી પ્રવાસીઓની નજરે ખંભાત

ખંભાતની કીર્તિ સાંભળી પરદેશી પ્રવાસીઓ ઘણા આવેલા છે; અને પોતાની નોંધપોથીઓમાં ખંભાત વિશે કંઈ ને કંઈ લખી ગયા છે, જેથી વેપારરોજગાર, સમાજવ્યવસ્થા વગેરે અનેકવિધ બાબતો પર પ્રકાશ પડે છે.

ટોલેમી : ઈ. સ.ની બીજી સદીની મધ્યમાં મિસર દેશના એલેકઝાંડ્રિયા નગરનો રહેવાસી હતો; ત્યાં બેઠેબેઠે મુસાફરોની વાતો ઉપરથી તથા જૂનાં પુસ્તકો ઉપર હિંદુસ્તાનની ભૂગોળનું પુસ્તક લખ્યું છે. તેમાં ખંભાતને 'ટામરા' નગર અથવા 'કોપરસીટી નગર' કહ્યું છે.[૧]



હ્યુએન સાંગ

૧. એસીયાટિક રીસર્સ – વૉ. ૯, સને ૧૮૦૯

ચીની મુસાફર હ્યુએન સાંગ : આ પ્રસિદ્ધ ચીની મુસાફર ઈ. સ. ૬૪૦ના અરસામાં હિન્દમાં આવેલો. તે ઉજ્જનથી ખંભાત આવ્યો હતો. અને ખંભાતથી નીકળી વલભી ગયો હતો. સાબરમતી નદી ઓળંગી તે વલભી ગયો હતો.[૨]

અબુલ હસનઅલી મસૂદી : ઈ. સ. ૯૧૫ – હિ. સ. ૩૦૩માં ગુજરાતમાં આવ્યો હતો અને તેણે ખંભાત વિષે કેટલુંક લખ્યું છે. તે લખે છે કે ખંભાતના જોડા વખણાય છે. ખંભાતમાંથી લીલમની સુંદર જાત હિન્દુસ્તાનથી બહાર જાય છે. પ્રકાશ, લીલાશ અને ચળકાટમાં તે ઘણા છે. આ પથ્થર વધારે સખત અને વજનદાર છે; હરેક શખ્સને પથ્થરનો તફાવત માલમ પડતો નથી. ફક્ત હોશિયાર ઝવેરી જ તે સમજી શકે છે. અને હિંદી લીલમને ઝવેરી 'મક્કી' નામથી ઓળખે છે. કારણ કે હિંદથી એડન બંદરેથી પસાર થઈ મક્કાના બજારમાં લઈ જઈ તેને વેચવામાં આવે છે. તેથી લોકો તેને 'મક્કી' જ કહે છે. ગુજરાતમાં તે વખતે વીરસીંગ ચાવડાની હકૂમત હતી.[૩]

૨. ચરોતર સર્વસંગ્રહ, ભા. ૧લો, પૃ. ૮૭૩. વળી શ્રી ડૉ. હરિપ્રસાદ જણાવે છે કે પ્રવાસી દશપુરથી ખંભાત ગયેલો ને ત્યાંથી વડાલી થઈ ખંભાતના અખાતમાં થઈ વલભી ગયો. ખંભાત પાસે હાલનું નગરા છે તે નગરાથી વડાલી ઈશાનમાં છે. ( ઇતિહાસ સં. નિ. સંગ્રહ ).

૩. ગુજરાતનો ઈ. ( નદવીસાહેબ ) ભા. ૧લો, પૃ. ૨૦૯, ૨૧૧

અબુઇસ્હાક ઈબ્રાહીમ ઈસ્તખરી : ઈ. સ. ૯૫૧ ( હિ. સ. ૩૪૦ ) હિંદમાં આવ્યો હતો. તે લખે છે કે ખંભાતથી સીમૂર ( ચીમૂર ) પર્યંત વલ્લભરાયનાં શહેર છે. તેમાં હિંદુ રાજાઓ છે. એ શહેરમાં ઘણું કરીને હિન્દુઓની વસ્તી છે. અને મુસલમાનો પણ રહે છે. અને તેઓ ઉપર વલ્લભરાય તરફથી ત્યાં મુસલમાન જ હાકેમ નીમવામાં આવે છે. તે શહેરોમાં જામે મસ્જિદો છે, જેમાં મુસલમાનો જુમાની નમાઝ પઢે છે. અને વલ્લભની રાજધાની જ્યાં તે રહે છે તે માંગીર છે અને તેની સલ્તનત ઘણી વિશાળ છે. આ શહેર સોંઘું છે અને વિશાળ છે. અહીં નાળિયેર, કેળાં, કેરી વગેરે થાય છે. ડાંગરની ખેતી વધુ પ્રમાણમાં છે. અહીં મધ બહુ મળે છે, પરંતુ ખજૂર નથી. વળી લખે છે કે કામહલથી ખંભાત સુધી મેદાન છે. કામહલથી ખંભાત સુધી ૪ મરહલા ( ૧૨ કોસ કે તેથી વધુ ) છે. અને સમુદ્રથી એક ફુરસમ ( અરબી ત્રણ માઈલ ) છે. અને ખંભાતથી સોપારા ૪ મરહલા અને તે પણ સમુદ્રથી અર્ધો ફરસમ ( અરબી ત્રણ માઈલ ).[૪]

ઈબ્ને હોકેલ બગદાદી : ઈ. સ. ૯૭૭ (હિ. સ. ૩૬૭ )માં આવ્યો હતો. તે પોતાના સફરનામામાં જણાવે છે કે ખંભાતથી ચીમૂર સુધી વલ્લભરાયની હકૂમત છે. ત્યાં મોટી વસ્તી હિંદુઓની છે, પણ મુસલમાનો પણ રહે છે. અને મુસલમાનો ઉપર મુસલમાનોની હકૂમત છે, એટલે રાજા તરફથી તેમને માટે મુસલમાન હાકેમ મુકરર કરવામાં આવે છે.[૫]

અબુરીહાન અલ્બેરૂની : ઈ. સ. ૧૦૨૭ ( હિ. સ. ૪૦૮ )માં હિન્દમાં આવ્યો હતો. તે લખે છે કે સોમનાથથી ' કમ્બાયત ' ૩૦ ફર્સખ દૂર છે.[૬] તે આરબ વિદ્વાન હતો અને મહંમદ ગઝનવીના રસાલામાં હતો.

અલઈદ્રીસી : ઈ. સ. ૧૧૦૦માં લખે છે કે ખંભાત ગુજરાતનું સારું શહેર છે, અને નૌકાસૈન્યનું જાણીતું થાણું છે. હવાપાણી સારાં હતાં. કિલ્લો સારી રીતે બાંધેલો છે તેથી ચાંચિયાથી રક્ષણ થાય છે. ખંભાતના અધિકારી કીશ ( મકરાણ )ના દ્વીપ પાસેથી ખંડણી લેતા. ખંભાતમાં ઘઉં અને ચોખા સારા થતા. અને તેના વતનીઓ મૂર્તિપૂજક હતા.[૭]

નુરુદ્દીન મોહંમદ આફી : ઈ. સ. ૧૨૨૭ ( હિ. સ. ૬૨૫ )માં ખંભાતમાં આવ્યો હતો. તેણે લખેલો ' જામે ઉલ હિકાયત ' ગ્રંથ પ્રસિદ્ધ છે. તેમાં તેણે ખંભાતની મસ્જિદ તોડી નાખેલી અને તેની ફરિયાદ સિદ્ધરાજને પહોંચાડેલી અને તેણે ખંભાત જાતે આવી તપાસ કરી ન્યાય આપ્યો હતો, તે હકીકત આવે છે.[૮]

માર્કોપાલો : ઈ. સ. ૧૨૯૫. ઈટાલી, વેનિસના મુસાફર મોર્કોપોલોએ ખંભાતનું વર્ણન કર્યું છે. તેણે ખંભાતને પશ્ચિમ હિંદનું મોટું રાજ્ય ગણ્યું છે. ચાંચિયાઓ વિષે લખે છે કે તેઓ દોઢસો દોઢસો વહાણો લઈ ને દરિયામાં ધૂમે છે. ને વેપારીઓનાં વહાણો લૂંટે છે. કોઈ વેપારીને પકડે તો તેને તરત દરિયાનું પાણી પાઈ દે છે કે જેથી તેને ઝાડો થવા માંડે. આમ કરીને વેપારીએ હીરામોતી ગળી ગયા હોય તો તે પકડે છે. વળી લખે છે કે દુનિયામાં કયાંય નથી થતું તેવું સોનાનું

૪. ગુજરાતનો ઈ. ( નદવીસાહેબ ). ભા. ૧ લો, પૃ. ૧૧૯–૨૦ સફરનામાનો ઉતારો.

૫. એ જ, પૃ. ૧૨૦

૬. અલ્બેરૂની ( હિંદી ) ભા. રજો પૃ. ૧૩૬

૭. ખંભાતનો ઈ. ( ૨. ભી. ) પૃ. ૩૬

૮. ગુ. ઈ. ( નદવી ) ભા ૧ લો. પૃ. ૨૯૮–૩૦૧

જરીનું બારીક કામનો ખંભાતમાં ધમધોકાર વેપાર ચાલે છે. અહીં ગળી, સૂતર, કાપડ પુષ્કળ થાય છે.[૯]

ઇબ્નબતૂતા — ઈ. સ. ૧૩૪૨માં આવેલો. તેણે ખંભાતનું જે વર્ણન કર્યું છે તે પાછળ આવી ગયું છે.

વનિકોલો કોંટિ : આ વેનિસનો વેપારી હતો; તે ઈ. સ. ૧૪૨૦માં ખંભાત બંદરે ઊતર્યો હતો. તેની સ્ત્રી તેની સાથે હતી. તેણે હિંદની મુસાફરી કરી હતી. તેના હેવાલનું અંગ્રેજી ભાષાન્તર હાલ મળે છે.

નિકિટિન : ઈ. સ. ૧૪૬૮માં આ રશિયાનો વતની ખંભાત આવ્યો હતો. તેનો હેવાલ મૂળ તુર્કી ભાષામાં લખાયો હતો.

### વાસ્કોડીગામા – ઈ. સ. ૧૪૯૭

પોર્ટુગલ દેશનો રહીશ વાસ્કોડીગામા લીસ્બન બંદરેથી તા. ૨૫મી માર્ચ સને ૧૪૯૭ના રોજ હિંદ આવવા માટે રવાના થયો. ત્યાંના રાજાની પરવાનગી લઈ તથા બીજા ૧૬૦ માણસો સાથે ત્રણ મોટાં વહાણો સાથે ઊપડ્યો. સંરક્ષણ માટે દારૂગોળો પણ રાખેલો હતો તથા જ્યાં જાય ત્યાં અધિકારીઓને ભેટ આપવા માટેની સુગંધી પ્રવાહીઓ તથા સોના-ચાંદીની વસ્તુઓ, સિક્કાઓ, રેશમનું કાપડ, તલવારો, ભાલા વગેરે અનેક વસ્તુઓ રાખી હતી. તેની મુસાફરીનું વર્ણન આપવું અત્રે અસ્થાને છે. તે મોમ્બાસા આવી પહોચ્યો. પછી ત્યાંથી હિંદ આવવા ઊપડે છે, પરંતુ અજાણ્યા પ્રદેશ માટે તેણે બે વિશ્વાસુ ખલાસીઓ રાજા પાસેથી લીધા. તે બેમાં એક ક્રિશ્ચન સુકાની હતો, બીજો આલમ કાના (કાનજી) હતો. તે કેરો ઝંગબાર વગેરે દૂરદૂરના સમુદ્રોની મુસાફરી કરી આવેલો અનુભવી સુકાની હતો. તે ખંભાતનો રહીશ હતો. ખંભાતના ખલાસીઓની આ પરાક્રમગાથા છે. તેણે વાસ્કોડીગામાને ૨૪મી એપ્રિલ ૧૪૯૮ના મંગળવારે નીકળી તા. ૨૦મી મે ૧૪૯૮ના રોજ કાલીકટ બંદરે આવી પહોંચ્યો. ગામાને માર્ગમાં સુકાનીઓએ ખંભાત વિષે ઘણું કહેલું. જેથી તે પોતે લખે છે કે આ દેશમાં 'કેમ્બે (ખંભાત) નામનું બહુ મોટું શહેર છે.' તે સિવાય તેણે કેટલુંક લખ્યું છે. વાસ્કોડીગામા ૧૪ માસની મુસાફરી કરી પાછો પોર્ટુગાલ જાય છે.[૧૦]

### વરથેમા – ઈ. સ. ૧૫૦૩

આ ઈટાલિયન મુસાફરે પોતાની મુસાફરીનો હેવાલ ઈ. સ. ૧૫૨૦માં વેનિસખાતે ઈટાલિયન ભાષામાં પ્રકટ કર્યો હતો. તેણે ઈ. સ. ૧૫૦૩થી ૧૫૦૮ વચ્ચે હિન્દની મુસાફરી કરી હતી.

તે ખંભાત વિષે લખે છે કે 'ખંભાત શહેર દરિયાથી ત્રણ માઈલ અંદર આવેલું છે, જેથી વહાણો જ્યારે ઉધાંન હોય ત્યારે જ ત્યાં જઈ શકે છે. અને ઉધાંન વખતે જમીન લગભગ ૪ માઈલ જેટલી પાણીથી ઢંકાઈ ગયેલી હોય છે. તે એક વિચિત્ર ભરતી વિષે લખે છે કે અહીંથી ભરતી તેના ઈટાલિયન મુલકની ભરતી કરતાં તદ્દન જુદી જ છે. કારણ કે જ્યારે ઈટાલીમાં પૂનમના દિવસોની અગાઉ મોટી ભરતી થાય છે ત્યારે અહીંયાં ચાંદરાતની અગાઉના દિવસ પર થાય છે. વરથેમાએ વિચારોમાં દેખાઈતી ભૂલ કરેલી છે. 'એ શહેર આપણી તરફનાં શહેરોની માફક દિવાલોથી ઘેરી લીધેલું છે અને સઘળી જોઈતી ચીજો પુષ્કળ જથામાં મળે છે. ઘઉં અને સઘળી તરેહનાં

૯. 'માર્કોપોલો' (રમણલાલ સોની)

૧૦. 'રવિવાર' દીપોત્સવી અંક, સં. ૨૦૦૫, પૃ. ૧૬૯

ફળો તેમ જ રૂ પણ પુષ્કળ ઊગે છે. કેટલીક જાતના મસાલા થાય છે, જેનાં નામ હું જાણતો નથી. આ બંદરે વેપારીઓ રેશમ અને રૂ એટલા જથામાં લાવે છે કે કેટલીક વેળા તો ૪૦ – ૫૦ મોટાં વહાણો એ ચીજોથી બીજા દેશો માટે લાદવામાં આવે છે. એ મુલકમાં એક પહાડ છે જેમાંથી ઓનીકસ અને અકીક મળી આવે છે. એ પહાડથી થોડે દૂર એક બીજો છે તેમાંથી કેલ-સેડોની અને હીરાઓ મળે છે. ત્યાંનો રાજા મુસલમાન છે પણ પ્રજા મુસલમાન નથી. વરથેમા ખંભાતમાં હતો ત્યારે તેને જણાયેલું કે મહંમદ બેગડો ખૂબ ઝેર ખાતો હતો.

વળી તે લખે છે કે ખંભાતમાં દુનિયાના સઘળા વેપારીઓ મળી આવે છે. અહીંથી વેપારની સઘળી ચીજો દુનિયાના દરેક મુલકમાં જાય છે. ખાસ કરીને તુર્કી, સીરીયન અને આરબ લોકો ઘણો વેપાર ચલાવે છે. રેશમ અને રૂના અતિ બહોળા વેપારથી આવક એટલી મોટી થઈ છે કે સુલતાન તેથી અજાયબ જેવી રીતે દોલત મેળવ્યે જાય છે.*

આ પ્રવાસી આપણા દેશમાં પાંચ વર્ષ સુધી રહ્યો હતો. તેના પ્રવાસ વખતે ગુજરાતમાં સુલતાન મહંમદ બેગડાનો અમલ ચાલતો હતો. તેણે મહંમદ બેગડા વિષે સારું લખ્યું છે. તે ઉપરથી બટલરે મહંમુદ બેગડા વિષે લખ્યું છે કે 'ખંભાતનો રાજા, જેનો રોજનો ખોરાક ઝેરી સાપ, મણીધર સાપ અને દેડકો હતો.[૧૧] તેનું પ્રવાસપુસ્તક પાંચ ભાષામાં લખાયું છે.

* બીજી સાહિત્યપરિષદનો હેવાલ પૃ. ૯૫

૧૧. ગુ. દી. અંક, સને ૧૯૨૮, પૃ. ૪૫

## સીઝર ફ્રેડરીક

### (ઈ. સ. ૧૫૬૩થી ૧૫૮૫ વચ્ચે)

આ ઈટાલિયન મુસાફર વેનિસ શહેરનો રહીશ હતો. તેણે પોતાની ઈટાલિયન ભાષામાં પ્રવાસનું વર્ણન લખ્યું છે. જેનો અંગ્રેજી તરજુમો હેકયુલેટ નામના અંગ્રેજે પોતાના મુસાફરીના હેવાલોના સંગ્રહમાં આપ્યું છે. જે સંગ્રહ ૧૫૮૯માં પહેલો પ્રગટ થયો છે.

તે મુસાફર ખંભાત વિષે લખે છે કે 'તે વખતે ખંભાતમાં ઘણો સખત દુકાળ પડેલો હતો, અને તે એટલો બધો ત્રાસ ઉપજાવનારો હતો કે ત્યાંના લોકોને પોતાનાં બાળબચ્ચાંને પોર્ટુગીઝ લોકોને વેચવાની ફરજ પડી હતી. મેં પોતે એકેક છોકરાંને પાંચપાંચ સાતસાત રૂપિયે વેચાતાં જોયાં. વળી તે ખંભાત વિષે આગળ લખે છે કે 'જો ખંભાત મેં જાતે જોયું ન હોત તો હું કદી માનતે નહિ કે તેનો વેપાર આટલો બધો બહોળો છે. દરેક ચાંદરાત અને ઉધાન ઉપર જે નાનાં બાર-કસો એ વખતની મોટી ભરતી વખતે ચાલ્યાં આવે છે અને ચાલ્યાં જાય છે. તે ખરેખર અસંખ્ય છે. આ બારકસો બધી જાતના મસાલાથી તેમ જ ચિનાઈ અને રેશમી કાપડ, સુખડ, હાથીદાંત, મખમલના તાકા, સોનાની અસરફી અને બીજી તરેહવાર વેપારની વસ્તુઓથી લાધેલાં છે. આ વહાણોમાં તરેહ કીસમનું સુતરાઉ, સાદું અને તરેહવાળું કાપડ બહુ મોટા જથામાં નિકાસ થાય છે. વળી ગળી, સૂંઠ, હરડે, બેઢાં, બોરખાર, ખાંડ, રૂ, અફીણ, હીંગ, દિલ્હીની બનાવટના પાઘડીઓ, હીરાઓ તથા પાનાનો બહોળો વેપાર ચાલે છે.' વળી તે વખતમાં ચાલતી પરદેશી વેપારી પેઢી સાથે સોદો કરવાની રૂઢિ અને દલાલોનું વર્ણન આવે છે. વળી કેટલીક નવાઈ જેવી ચીજો તેણે

ખંભાતમાં જોઈ હતી. તે લખે છે કે ત્યાંના રહીશો પોતાનાં બૈરાં માટે હાથીદાંતની ચુડીઓ પુષ્કળ જથામાં ખરીદ કરે છે. અને એ ચુડીઓ ઉપર હજારો રૂપિયાનો ખરચ કરે છે. જ્યારે કુટુંબમાં મરણ થતું ત્યારે સઘળા ચુડા શોકને ખાતર ભાગી નાખવામાં આવતા અને પછી તુરત જ બીજાં નવાં પહેરાવવામાં આવતાં. તેઓ માને છે કે કદાપિ ખોરાક વગર ચલાવી શકાય પણ એવાં ઘરેણાં વગર ન ચાલી શકે.[૧૨]

## બારબોસા – ઈ. સ. (૧૫૧૫)

### કહેલું ખંભાતનું વર્ણન

આ પોર્ટુગીઝ મુસાફર ઈ. સ. ૧૫૧૨માં આવેલો. તેણે ખંભાત વિષે લખ્યું છે કે ' ખંભાતના અખાતમાં ' ગંદારી ' (મહી) નદીમાં પેસતાં ખંભાતનું મહાન શહેર આવેલું છે.[૧૩] એ શહેર ઘણું સુંદર છે અને એમાં હિન્દુ અને મુસલમાન બંનેની સારી વસ્તી છે. ઘર પથ્થરનાં અને ઈંટ-ચૂનાનાં ધોળેલાં છે. ઘણાં ઊંચાં, મોટાં, બારીઓ-વાળાં અને સ્પેઈનની માફક નળિયાંનાં છાપરાં-વાળાં છે. એ શહેર ફળદ્રુપ અને સમૃદ્ધ મુલકમાં આવેલું છે. એમા રસ્તા અને ચોગાન ઘણા સારાં છે. એના હિન્દુ અને મુસલમાન વેપારીઓ ઘણા ધનવાન છે. લોકો કપડાં અને ઘરેણાંના શોખીન છે. આ શહેરના વતનીઓ વર્ણે ગોરા છે. જે લોકો બહારના દેશાવરોના વતની છે તે તો ઘણા જ ગોરા અને ઉત્તમ કપડાં પહેરનારા છે. લોકોને સુગંધી વસ્તુઓ વાપરવાનો શોખ ઘણો છે. પુરુષ અને સ્ત્રીઓ માથામાં મોગરા વગેરેનાં ફૂલ સારી રીતે વાપરે છે. ત્યાં ગવૈયા ઘણા છે અને ઘણી જાતનાં વાદ્યો મળે છે. બળદ અને ઘોડાની ગાડીઓ બારીઓવાળી તથા રેશમી તકિયા તથા ગોદડાં મૂકી ' કેબિન 'ની પેઠે શણગારેલી જોવામાં આવે છે. એમાં બેઠેલાં માણસો પોતે દેખાયા વગર બહારનું બધું જોઈ શકે છે. હિન્દુઓ માંસાહાર કરતા નથી. બાગબગીચામાં જઈ આનંદ કરે છે.' વળી તે મહંમદ બેગડાને ખંભાતનો રાજા કહે છે.[૧૪]

લીન્સ્ટકોટન; પીરાર્ટ : આ મુસાફરોએ ખંભાતનો કાપડઉદ્યોગ ઘણા મોટા પ્રમાણમાં ચાલતો નોંધ્યો છે.

પેટ્રો ડીલાવેલ : ઈ. સ. ૧૬૨૩માં ખંભાત આવ્યો હતો. તે રોમન મુસાફર હતો. તેણે પાંજરા-પોળોનું વર્ણન કર્યું છે.

## રાલફ – ફ્રીન્ચ ઈ. સ. ૧૫૮૦

આ અંગ્રેજ મુસાફર ઈ. સ. ૧૫૮૦માં આવેલો. તેણે જે વર્ણન કર્યું છે તે સીઝર ફ્રેડરીકના વર્ણનને મળતું છે. તેને વિધવાઓને ધણી સાથે બળી મરવાનો રિવાજ ઘણો વિચિત્ર લાગે છે. વળી તે લખે છે કે ખંભાતમાં લૂલાં – લંગડાં, કૂતરાં, બિલાડાં માટે, પક્ષીઓ માટે ઇસ્પિતાલો છે. વળી કીડીઓ માટે લોકોને ખોરાક પૂરો પાડતાં જોયાં. આ પાંજરાપોળોનું વર્ણન ઈ. સ. ૧૬૮૯–૯૦માં આવેલા ડૉકટર ઓવીંગટને પણ કરેલું છે.

## સર ટોમસ રો અને ઍડવર્ડ ટેરી
## (ઈ. સ. ૧૬૫૫)

આ મુસાફરોએ પણ ખંભાત વિષે કેટલુંક લખ્યું છે.

---

૧૨. હકલ્યુએટની મુસાફરી, પૃ. ૩૭૫ – ૪૧૦ તથા બીજી સાહિત્યપરિષદનો હેવાલ પૃ. ૯૬

૧૩. Stanleys Barbosa P. 64 – 66 ઉપરથી ' ખંભાતના ઇતિહાસ 'માં પૃ. ૪૩ ઉપરથી.

૧૪. ગુજરાતનો સાં. ઈ. પૃ. ૫૫૫ લખે છે કે ' ખંભાતના રાજાનો મલીક અયાઝ નામે સૂબો દીવમાં રહેતો હતો.'



મુસાફર મેન્ડેસ્લો–ખંભાતમાં સને ૧૬૩૮

જર્મન મુસાફર
જોન આલ્બર્ટ મેન્ડેલ્સ્લો
( ઈ. સ. ૧૬૩૮ – ૨૧મી ઑક્ટોબર )

દિલ્હીની ગાદી ઉપર શાહજહાં બાદશાહ બિરાજતો હતો. ખંભાત તેની સત્તા નીચે હતું. ગુજરાતનો સૂબો આજમખાન હતો. તે સમયે જર્મન મુસાફર જોન આલ્બર્ટ મેન્ડેલ્સ્લોએ ખંભાતની મુલાકાત લીધી હતી. તે અમદાવાદમાં નવ દિવસ રહી તા. ૨૧ ઑક્ટોબર સને ૧૬૩૮માં ખંભાત આવવા નીકળ્યો. રસ્તાનાં લૂંટારુનો ભય હોવાથી તે પોતાની સાથે આઠ માણસો ભાલા તથા ઢાલવાળા રક્ષક તરીકે તે લાવ્યો હતો. તે તેમને હજુરિયા તરીકે પણ કામ આપતા. તેમને ૧૬ રૂા. આખી મુસાફરીના ભાડાના આપવાના હતા.

સોજીત્રાથી ફત્તેહવાડી ગામ થઈને તે ત્રીજે દિવસે ખંભાત આવ્યો. ઈંગ્લીશ અને ડચ પેઢીમાં કામ કરતો એક વાણિયો દલાલ તેને મળ્યો. તે થોડું થોડું પોર્ટુગીઝ જાણતો હતો, અને તે મેન્ડેલ્સ્લોને ગામમાં લઈ આવ્યો. ખંભાતમાં અંગ્રેજનો એજન્ટ ગામથી થોડે દૂર રહેતો હતો. તેથી દલાલે મેન્ડેલ્સ્લોના ઉતારાની વ્યવસ્થા ગામના એક મુસલમાન વેપારીને ત્યાં કરી.

તે વખતના ખંભાતના વર્ણનમાં તે જણાવે છે કે ગામને ફરતો કોટ હતો અને ગામને બાર દરવાજા હતા. ઘણાં ભવ્ય મકાનો હતાં. રસ્તાઓ સીધા અને પહોળા હતા. સુરતના રસ્તા કરતાં વધારે મોટા હતા. મોટે ભાગે રહેવાસીઓ હિન્દુ હતા જેઓ દીવ, ગોવા, મક્કા અને પર્શિયા વગેરે દેશો સાથે મોટા પ્રમાણમાં વેપાર કરતા હતા. તેઓ આ બધા દેશોમાં રેશમ અને સૂતરનો માલ મોકલતા હતા; અને તેના બદલામાં તેઓ સોનારૂપાના સિક્કા તથા લગડીઓ લાવતા હતા.

ખંભાતની શોભા નિહાળ્યા પછી તેને દલાલ કોટની બહાર લઈ ગયો. અને તેને શહેરના લગભગ પંદર સાર્વજનિક બગીચાઓમાં ફેરવવામાં આવ્યો. આમાંનો એક બાગ દરિયાકિનારે આવેલો હતો કે જેમાં ઊંચી દીવાલો ચણી દીધેલો હજીરો જે તેના સ્થાપકની યાદગીરી તરીકે બનાવવામાં આવ્યો હતો. આ સ્થળના સૌંદર્ય માટે તેનો ઘણો જ ઊંચો અભિપ્રાય હતો. તે લખે છે કે **'દરિયાકિનારે તેમ જ જમીન ઉપર જો આખી દુનિયાનું કોઈ પણ સુંદર દૃશ્ય જોવાનું હોય તો તે અહીં જ જોવા મળે છે.'** આ સ્થળ એવું આહ્લાદજનક છે કે મોગલ બાદશાહ એક દિવસ રહેવાના હોય તો પછી આ બગીચામાં રહેવાનું પસંદ કરશે અને આ રોજાના પથ્થરો પોતે પવિત્ર માની લઈ જશે.

મેન્ડેલ્સ્લો સાથે ખંભાતની અંગ્રેજોની કોઠીના બે અંગ્રેજ વેપારી જોડાયા. તેઓએ તેને બીજે દિવસે શહેર બહાર ફરવા લઈ ગયા. એક જગા જ્યાં એક

હિંદુ સ્ત્રી જાતે બળીને સતી થવાની હતી; તે જગાએ તેને લઈ ગયા. તે સ્ત્રીનો ધણી જાતે રજપૂત હતો અને તેને લાહોર નજીક મારી નાખવામાં આવ્યો હતો. આ સમાચાર સાંભળી તે બાઈએ પોતાના જીવનનો અંત આણવાનો નિશ્ચય કર્યો હતો. મોગલ સરકારની આ અમાનુષી જંગલી નિર્દય રિવાજ દૂર કરવાની નીતિને લીધે ખંભાતના સૂબેદારે ઘણા લાંબા સમય સુધી તેનો વિરોધ કર્યો. તેણે જાહેર કર્યું હતું કે તેના ધણીના મૃત્યુના સમાચાર પાકા પાયાના નથી, અને તેથી તેને આ કામ માટે મંજૂરી આપી શકાય નહિ. કારણ કે પસ્તાવું પડે. સમય ગુમાવવાનો સૂબેદારનો હેતુ એ હતો કે તેના પતિની પાછળ બીજી બાજુ દુનિયામાં સંચરવાની તેની વૃત્તિઓ થાય. પરંતુ તે બાઈ પોતાના નિર્ણયમાં મક્કમ હોવાથી તેનો ધાર્મિક રિવાજ કરવાની તેને અનુમતિ આપી. મેન્ડેલ્સ્લો અહીંથી હિંદુ રિવાજ તરફ રાજકીય વલણનું પૂરેપૂરું વર્ણન કરે છે. અકબરના વખતથી કોઈ પણ હિંદુ વિધવા સૂબેદારની યોગ્ય પરવાનગી વિના સતી થઈ શકે નહિ; પરંતુ સૂબેદાર તેને સલાહ આપી શકે તથા તેના નિર્ણયને ઢીલમાં નાખવા પ્રયત્ન કરી શકે. જો સ્ત્રી પોતાના નિર્ણયને મક્કમ રીતે વળગી રહે તો તે સંમતિ આપવા બંધાયેલો હતો.

જે સ્ત્રી પોતાના ધણીના અસીમ પ્રેમને લીધે તેની પાછળ પોતાની જાતને હોમી દેવા તૈયાર થઈ હતી તે વીસ વર્ષથી વધારે વયની ન હતી. ચિતા તૈયાર કરી હતી. તે જગાએ તે દૃઢ નિશ્ચય અને હસમુખા ચહેરે ત્યાં આવી હતી. મેન્ડેલ્સ્લોએ જોયું કે કુદરતી રીતે આવતા મૃત્યુ વખતે પણ મનુષ્ય-મોં પર આવા દૃઢ ભાવ હોતા નથી. તેથી તે માનવા પ્રેરાયો કે તે બાઈએ અફીણ ખાઈને પોતાની જ્ઞાનેન્દ્રિયોને શકિતહીણ કરી નાખી છે. તેના કમકમાટી ઉપજાવનારા સતી થવાના દૃશ્યનું વર્ણન હિન્દમાં પહેલાં આવી ગયેલા બીજા મુસાફરોએ કરેલ વર્ણનને સંપૂર્ણ મળતું આવે છે. ધિક્કારની થોડી લાગણીઓ સાથે તેણે તે ચિતા સામે જોયું. તે યુવાન સ્ત્રીએ પોતાના સગાવહાલા અને મિત્રોની અનુમતિ લીધી. પોતાના ગળાના હાર, હાથની વીંટીઓ તથા બીજા શણગાર તેમને આપ્યા. આપણો જર્મન મુસાફર લખે છે કે હું મારા બે અંગ્રેજ વેપારી મિત્રો સાથે ઘોડા ઉપર તેની પાસે ગયો. તે સ્ત્રીએ મારી સામું જોતાં તેને અનુમાન થયું કે હું તેની દયા ખાઉં છું. તેણે મારા તરફ એક હાર ફેંક્યો ને મેં ઝીલી લીધો અને લીધો અને હજુ પણ આ કામની યાદગીરી તરીકે મેં તેને સાચવી રાખ્યો છે.

મેન્ડેલ્સ્લોએ ખંભાતના પ્રખ્યાત વેપારી મીરજાંબેગની મુલાકાત લીધી. તે વેપારી ઉપર અમદાવાદની અંગ્રેજી કોઠીના મુખ્ય અમલદારનો ભલામણપત્ર લાવ્યો હતો. તુર્કી ભાષામાં તેઓની વચ્ચે સામાન્ય ખબરઅંતર પુછાઈ. મેન્ડેલ્સ્લોના ઘર પાછા ફરી ખાણું લીધા પછી મીરજાંબેગ તરફથી એક ડઝન કૂકડા, ઇંડાંની ટોપલી, નાળિયેરનો કરંડિયો, શેરડીનો એક મોટો ભારો અને અકીકનું બનાવેલું એક સુંદર વાસણ લઈને એક માણસ ભેટ આપવા આવ્યો. બીજે દિવસે સવારે મેન્ડેલ્સ્લો અમદાવાદ જવાનો હતો, ત્યારે તે વેપારીએ તેના તરફથી આવેલી ભેટ માટે આભાર માનવા માટે તેને મળવાની ઉત્સુકતા હતી. અને એવામાં પેલો વેપારી જાતે જ તેને વિદાય આપવા આવી પહોંચ્યો. તે વખતે મેન્ડેલ્સ્લોની તેને વિનંતી કરી. તે વેપારીએ જવાબ આપ્યો કે આમ અજાણ્યા માણસ પાસેથી ભેટ લેવી તે અજુકતું છે, પણ જે આટલી બધી ઇચ્છાપૂર્વક ધરવામાં આવી છે તેનો ઇનકાર કરવો તે અસભ્યતાનું એક મોટું લક્ષણ ગણાય અને તેથી તે સ્વીકારવા માટે ઓછી યોગ્યતા ધરાવતો હોવા છતાં તેના ઉપર જે ભેટ ધરવામાં જ આવી છે તેનો તે સ્વીકાર કરશે.

બહાર જતાં પહેલાં મીરઝાંબેગ તરફથી હંમેશાં ધરવામાં આવતાં પાન જોઈને મેન્ડેલ્સ્લોએ તેની નોંધ કરી છે. તે લખે છે કે મોજશોખની આ વસ્તુનો ઉપયોગ કરવાથી દાંત લાલ રંગના બની જાય છે. એટલું નહિ પણ હિન્દી સ્ત્રીઓનું એક સૌન્દર્ય-સાધન ગણાય છે. આ દેશના લોકો બહાર જાય ત્યારે આ સાધનસામગ્રીને લાખ કે ચાંદીની ડબ્બીમાં સાથે લઈ જાય છે. રસ્તામાં ચાલતાં ચાલતાં જ નહિ પણ જ્યારે મોટા સોદા કરવાના હોય ત્યારે પણ તેનો ઉપયોગ કરે છે.

અકીક વિષે તે મુસાફર લખે છે કે ખંભાતના કુશળ કારીગરો સુન્દર કપરકાબી, છરીઓના હાથા, તલવારની મૂઠ તથા બીજી અનેક ચીજો બનાવીને વેચે છે.

લગભગ ચાર દિવસ રહી તા. ૨૫મીએ તે મુસાફર સોજીત્રા અને ૨૭મીએ અમદાવાદ રહી તે આગ્રા તરફ ઊપડી ગયો.

ટેવરનિયર (ઈ. સ. ૧૬૬૨ – ૬૬)

આ મુસાફર લખે છે કે હલકામાં હલકી જાતથી માંડી ઊંચામાં ઊંચી જાતનું કાપડ ખંભાતના કારીગરો બનાવતા હતા. ટાઢના કાપડથી માંડી બારીક મલમલો અને આંખે ઊડીને વળગે એવી વિવિધ રંગીન છીંટ અહીં સસ્તા ભાવે મળી શકતી હતી. આ ઉપરાંત જુદા જુદા રંગની સુજનીઓ, રજાઈ ઓ, જાજમો, શેતરંજીઓ અને પાટી વગેરે બનતાં હતાં. ગોવાથી તેમ જ મલબારના બીજા બંદરેથી બસો – અઢીસો વહાણોનો કાફલો દર વરસે આ કાપડ ખરીદવાને પોર્ટુગીઝોની સરદારી અને રક્ષણ હેઠળ ખંભાત આવતો અને યુરોપ તેમ જ અન્ય દેશો માટે જરૂરી કાપડ મોટા જથામાં ખરીદી પાછો જતો. પોર્ટુગીઝો ખંભાતમાં વધારે પ્રમાણમાં હતા. તેમનાં મકાનો દરિયાકિનારે હતાં. ખંભાતથી ત્રણ કોસ દૂર આવેલી એક મૂર્તિનું તે વર્ણન કરે છે.

**કેપ્ટન હેમીલ્ટન :** આ પ્રવાસી લખે છે કે ખંભાતનું ભરતકામ હિંદમાં તો શું પણ આખી દુનિયામાં ઉત્તમ હતું.

**ઓગિબ્બી :** (૧૬૭૦) તેણે ખંભાતનો કોટ તથા બાર દરવાજાનું વર્ણન કર્યું છે. તે લખે છે કે ખંભાત સુરત કરતાં એવડું છે. દરવાજા રોજ રાત્રે બંધ થતા. રસ્તા ઘણા સારા હતા. મોટાં બજારો છે. પંદર મોટા બગીચા છે. ચાર તળાવો છે તેમાં આખું વર્ષ પાણી રહે છે. ઘર કાંઈક ઈંટો અને કોઈ પથ્થરનાં બાંધેલાં હતાં. આ ઘર ઇંગ્લાંડમાં નજીવાં ગણાય પણ હિન્દમાં સારામાં સારાં ગણાય તેવાં હતાં.[૧૫]

**જેમેલી કેરેરી :** આ ઈટાલિયન મુસાફર લખે છે કે ખંભાતની પુરાણી જાહોજલાલી ઓછી થઈ ગઈ છે પણ તે મોટું અને ધનવાન શહેર હતું.[૧૬]

બર્નીઅર, થેવેના, ફ્રેઝર વગેરે અનેક મુસાફરો આવ્યા છે. જેણે ખંભાત શહેરની નોંધ લીધી છે. પરદેશી મુસાફરો આપણા સમાજ માટે જે જે હકીકતો લખી ગયા છે તે તમામ ઇતિહાસને ઘણી ઉપયોગી છે.

---

૧૫. બોમ્બે ગે. વો. ૫. પૃ. ૨૧૯ – ૨૦
૧૬. બો. ગે. વો. ૫. પૃ. ૨૨૦

## પ્રકરણ ૧૪ મું
# ખંભાતના કેટલાક મુત્સદ્દી અને પેશકારો

### ખંભાત બંદરના કેટલાક મુત્સદ્દી

સૈયદ અકીલખાન. હિ. સ. ૧૧૨૫ (ઈ. સ. ૧૭૧૩)

ઈ. સ. ૧૭૧૩ (હિ. સ. ૧૧૨૫)માં ખંભાત બંદરનો મુત્સદ્દી અહસનુલ્લાખાન હતો. તેની બદલી થવાથી તેની જગાએ સૈયદ અકીલખાનની નિમણૂક થઈ. તેણે પોતાની જગાએ સદાનંદ નામના માણસને નાયબ બનાવીને મૂક્યો.

સૈયદ અહસનુલ્લાખાને રૈયતની સાથે સારી ભલમનસાઈ વાપરી ન હતી. જેથી લોકોના દિલને દગોફિસાદ કરવાની બુદ્ધિ સૂઝી એટલે તે ગયો ત્યારે કંસારી સુધી તેમણે તેને બેઈજ્જતથી વિદાય કર્યો. કેટલાક વખત પછી સદાનંદ મરણ પામવાથી તેની જગાએ અકીલખાન જાતે આવવા નીકળ્યા. તે સોજીત્રા આવ્યા ત્યારે ખંભાતની રૈયતે ફરિયાદ કરી. તે વખતે મિરાતે એહમદીનો લેખક ત્યા હાજર હતો. લોકોના મનમાં શું છે તે જાણવા ચારપાંચ દિવસ ત્યાં રોકાયા પછી લોકોને શાંત પાડીને પોતાની સાથે ખંભાત લઈ ગયા. ત્યાં જઈ જૂના અમલદારે કરેલા ધારાધોરણ સુધારી લીધા.[૧]

### બાદશાહી દિવાન અલી મુહમ્મદખાન

મિરાતે એહમદી (હિ. સ. ૧૧૭૦ ઈ. સ. ૧૭૫૬માં લખાઈ)ના લેખક મિરઝાં મહંમદ હસન હતો. તેને દિલ્હીના બાદશાહ તરફથી ખિતાબ મળ્યો હતો. અલી મુહમ્મદખાન ખંભાતમાં મુત્સદ્દીની જગા પર આવેલા છે, એમના પિતા ગુજરી ગયા પછી તેમણે રાજદારી બાબતોમાં સારો ભાગ લીધો હતો; જેથી દિલ્હીના મુહમ્મદશાહ બાદશાહના અંતસમયમાં મુહંમદખાંને ગુજરાતના દિવાનની પદવી મળેલી. એમનું કુટુંબ બાદશાહી દિવાન તરીકે પ્રસિદ્ધ છે. અલી મહંમદખાનની ખરી પ્રસિદ્ધિ એમણે લખેલા 'મીરાતે એહમદી'નામના ઇતિહાસથી છે. મોગલાઈ પછી મરાઠા રાજ્ય વખતે એ કુટુંબને વર્ષાસન ચાલુ રહ્યું હતું. બાદશાહી દિવાનનું કુટુંબ અલી મુહમ્મદથી ચાલુ હતું.[૨]

ખંભાતમાં બાદશાહી દિવાન તરીકે ઓળખાતા મર્હુમ જ. આફતાહુસેન સાહેબ હતા. તેઓ અમદાવાદથી ખંભાત આવે ત્યારે ખંભાતના નવાબસાહેબ તરફથી બળદ, ઘોડા વગેરે સામા મોકલી તેમનો માનમરતબો ઘણો સાચવતા.

### વજેરામ : હિ. સ. ૧૧૪૫ (ઈ. સ. ૧૭૩૨)

પહેલા મોમીનખાનના પેશકાર તરીકે વજેરામ હતા. તેઓ બાહોશ અને મોમીનખાનના ભરોસાદાર માણસ તરીકે કામ કરતા હતા. હિ. સ. ૧૧૪૯ (ઈ. સ. ૧૭૩૬)ના સફર માસમાં મોમીનખાને તેને રંગોજીના ભરોસાદાર માણસ સાથે દામાજીરાવ પાસે સંધિ તથા કરાર કરવા મોકલ્યો હતો.[૩] દામાજી ગાયકવાડ સાથે મોમીનખાનને ભેટ થઈ. તેમાં વજેરામે સારો ભાગ ભજવ્યો હતો. મોમીનખાન તરફથી પેશકશ ઉઘરાવવાનું કામ પણ તે કરતા.

---

૧. મિ. એ. (કૃ. મો.) ભા. ૧. પૃ. ૪૨૮.

૨. ગુજરાતનું પાટનગર 'અમદાવાદ' પૃ. ૭૩૨

૩. મિ. એ. ભા. ૨. પૃ. ૨૪૯

**ધરમચંદ : હિ. સ. ૧૧૬૮ ( ઈ. સ. ૧૭૫૪ )**

બીજા મોમીનખાનના પેશકાર તરીકે ધરમચંદ નામે એક માણસને રાખ્યો. પણ તેણે કેટલોક વખત તે જગાનું કામ કર્યા બાદ કોઈ અમુક કામ બાબત તપાસ કરવામાં આવી. અને દંડ તરીકે એક મોટી રકમ તેને આપવી પડી; તે પરિણામે ખંજરનો ઉપયોગ કરી આ દુનિયામાંથી ચાલ્યો. ગયો.[૪]

**બ્રિજલાલ–હિ. સ. ૧૧૬૫ ( ઈ. સ. ૧૭૫૨ )**

બીજા મોમીનખાને ખંભાતના પેશકાર તરીકે બ્રિજલાલને નીમ્યો. મોમીનખાનને ગાયકવાડના પ્રતિનિધિ જોડે હંમેશાં તકરાર થવા કરતી. બાલાજીરાવ પેશવા અને દામાજીરાવ ગાયકવાડ વચ્ચે વહેંચણુ થઈ ગઈ છે. આ વાતની મોમીન-ખાનને ખબર મળતાં તેમણે બ્રિજલાલને પેશવા પાસે મોકલ્યો અને માગણી કરી કે ખંભાતનો હિસ્સો પેશવા રાખે. પેશવાએ તે વાત કબૂલ કરી અને પોતાનો માણસ મૂકયો.

શ્રીપતરાયની ખંભાત ઉપર ચડાઈ વખતે પેશકાર બ્રિજલાલે મોમીનખાન તરફથી સારો ભાગ ભજવ્યો. એક વખત બાલાજીરાવ પેશવાના મક્કાસદાર ભગવંતરાવ પુણે હતા તે ખંભાત આવવાનો છે તેવી હકીકત તેણે મોમીનખાનને કહી.[૫] પાછળથી બ્રિજલાલને ખંભાત મોકલી દીધો અને તેની અમદાવાદની જગા ઉપર શંભુ-રામની નિમણૂક કરી. બ્રિજલાલ ખંભાત બેકાર પડી રહ્યો.[૬] જે વખતે જવાનમદખાનને કાઢી મૂકી રૂઘનાથરાવને અમદાવાદ તાબે લીધું તે વખતે ખંભાત બંદરના પ્રશ્ન બાબત વાતચીત કરવા તથા તેની વચ્ચે સલાહ કરાવવા તેણે કોશિશ કરી. શંભુરામ સાથે તેને અણબનાવ હતો. એક વખત તે અમદાવાદથી કેટલીક રકમ લઈ ખંભાત આવ્યો. દુશ્મનોની એક ટોળીએ તેનું ખૂન કર્યું.[૭] હિ. સ. ૧૧૭૧.

**ગુલાબરાય પેશકાર ( હિ. સ. ૧૧૬૨ )**

મુફતાખીરખાન મોમીનખાન બીજાના સમયમાં તેને પેશકાર તરીકે નીમ્યો હતો. મોમીનખાન જ્યારે બાલાજીરાવ પેશવા પાસે પૂના મળવા જાય છે, તે વખતે પોતાની ( મોમીનખાનની ) જગાએ ફીદાઉદ્દીનના છોકરા મહમદ ઝમાનને નાયબ તરીકે નીમ્યો અને ગુલાબરાયને પેશકાર તરીકે નીમ્યો.[૮] તા. ૪ શાબાન હિ. સ. ૧૧૬૨ના રોજ તે પૂને ગયા. ગુલાબરાય મોમીનખાનની કેટલીક રાજકીય અટપટી બાબતોમાં સારી મદદ કરતો.[૯]

**ગણેશ આપા**

**હિ. સ. ૧૧૭૪ ( ઈ. સ. ૧૭૬૦ )**

પેશવા બાલાજીરાવનો અમદાવાદનો સૂબો હતો. તે ખંભાત આવ્યો. તે ખંભાતના મુત્સદ્દી મોમીન-ખાન બીજા હતા. તેમની સાથે મિત્રતા દર્શાવી મુલાકાત લીધી. પછી ત્યાંના મરાઠાના અડધના હિસ્સાના રૂપિયા ચોરાસી હજાર તેણે હપ્તેથી આપવા એવું નક્કી કર્યું. મોમીનખાન તરફથી એક હાથીની ભેટ લઈ ખંભાત બંદરેથી પોતાનાં માણસો ખેંચી લીધાં પછી તે ડાકોર ગયો.[૧૦]

અમદાવાદના સૂબેદાર તરીકે ગણેશ આપાનું નામ ખંભાતનાં ખતપત્રોમાં વિ. સં. ૧૮૨૦ – ૧૮૨૫ વગેરેમાં મળે છે.

---

૪. મિ. એ. વૉ. ૨. ખં. ૩, પૃ. ૫૧૯
૫. મિ. એ. વૉ. ૨. ખં. ૩, પૃ. ૫૩૯
૬. એ જ પૃ. ૫૮૩
૭. એ જ પૃ. ૬૬૦
૮. મિ. એ. વો. ૨, ખં. ૪ પૃ. ૬૮૫
૯. એ જ પૃ. ૩૮૭
૧૦. મિ. એ. વો. ૨ ખં. ૪ પૃ. ૭૧૩

## ઝાહેદઅલી વેપારી

હિ. સ. ૧૧૭૪ ( ઈ. સ. ૧૭૬૦ – ૬૧ )

મોમીનખાન પહેલાના વખતમાં ખંભાતમાં એક મુસ્લિમ મોટો વેપારી હતો. તેણે વેપારમાં સારું દ્રવ્ય મેળવ્યું હતું. તેના બાપદાદા પણ પૈસાપાત્ર હતા. અણીને વખતે જ્યારે જ્યારે નજમખાન અને મોમીનખાનને નાણાંની જરૂર પડતી ત્યારે તે વગર વ્યાજે તેમને ધીરતો અને તેના વેપારની જકાત પેટે તે રકમો જમા લેતા; અને હિસાબ કરતા. આ વેપારી પાસે મોમીનખાને જકાત પેટે મોટી રકમ બાકી કાઢી. આ અરસામાં મોમીનખાનના માણસોથી તેને જાણવા મળ્યું કે મોમીનખાનના મનમાં એવું છે કે ઝાહેદઅલીને કાંઈ કરવું. એ હકીકત ઉપર તેને બહુ ભરોસો ન બેઠો પણ પોતાની આબરૂ માટે ધ્રૂજવા લાગ્યો; અને પોતાનો નાણાંકીય સંબંધનો છુટકારો ઇચ્છવા લાગ્યો. પોતાના માણસોની સલાહ લીધી. તેમાં એવો નિર્ણય થયો કે પોતાનાં માણસોને લઈ ને પહેલાં બાગમાં જવું; પછી ત્યાંથી ચાલ્યા જવું. એ પ્રમાણે તેણે ખંભાતમાંથી નીકળી પેટલાદ ફોજદાર સદાશિવ બલ્લાવને મળ્યો. ત્યાં તેણે તેનું સારું માનઅકરામ કર્યું.

મોમીનખાનને ઝાહેદઅલી ગયાની હકીકત મળતાં; તેણે એક વિશ્વાસુ પત્ર લખ્યો તેના જવાબમાં તેણે લખ્યું કે મારી તબિયત સારી નથી. હમણાં હું અમદાવાદ જાઉં છું. ત્યાં હવાફેર કરીશ અને પછી આવીશ. સદાશિવે તેને અમદાવાદ પહોંચાડ્યો. ત્યાં થોડો વખત રહ્યા પછી તે સદાશિવ બલ્લાવ વગેરે સાથે મળી જઈ ખંભાત જીવતા વિચાર રાખતો હતો, પરંતુ તેમાં તેનું કાંઈ વળ્યું નહિ. તેથી તે પાછો અમદાવાદ આવ્યો; ને ત્યાંથી તે મીયાંગામ તરફ જતો રહ્યો. પાછળથી તે આપાજી ગણેશ સાથે મળી ગયો. તેને ધોધા પરગણું ઝાહેદઅલીને સોંપ્યું.[૧૧]

૧૧. મિ. એ. વૉ. ૨, ભા. ૪, પૃ. ૭૧૫

## ખંભાતની પેશ્વાની ચોથ

(ઈ. સ. ૧૭૫૬થી ઈ. સ.૧૮૧૮ )

મોગલ પાદશાહ ઔરંગઝેબે શિવાજીના પુત્ર સંભાજીને મારી નાખ્યો અને તેના પુત્ર શાહુને મોગલ દરબારમાં કેદ રાખવામાં આવ્યો. ઔરંગઝેબના મરણ પછી શાહુને પોતાના મુલકમાં જવા રજા આપી. તેણે પોતાની ગાદી સતારામાં સ્થાપી. તે મોજશોખમાં ઉછરેલો હોવાથી સઘળો કારભાર તેણે પેશ્વાઓને સોંપી દીધો હતો. તેથી તેઓ રાજા જેટલી સત્તા ભોગવતા હતા. બાલાજી ઈ. સ. ૧૭૨૦માં ગુજરી ગયો. તેના દીકરા બાજીરાવને પેશ્વાઈ મળી. તેણે રાજાને નામે કારભાર કરવા માંડ્યો. તે ઈ. સ. ૧૭૪૦માં મરણ પામ્યો. તેનો વડો પુત્ર બાલાજી પેશ્વા થયો. શાહુ રાજા સને ૧૭૪૮માં અપુત્ર મરણ પામ્યો, તે વખતે એક વસિયતનામું બાલાજી પેશ્વાએ રજૂ કર્યું કે શિવાજીના વંશમાં ગાદી રાખી રાજાની વતી રાજ્યનો સઘળો કારભાર પેશ્વાએ કરવો. આ વાત મંજૂર થઈ અને પેશ્વા વંશપરંપરાના કારભારી રાજા જેવા થયા. તેઓ ગુજરાતમાં પોતાના તરફનો કારભાર કરવા લાગ્યા.

## ખંભાતમાં પેશ્વાની કચેરી અને અધિકારીઓ

આ વખતે ખંભાતમાં પહેલા મોમીનખાન હતા. તેમની સાથે સમજૂત કરી ખંભાતમાં જગાતનો વહીવટ વજેરામ કરીને એક માણસ કરતો હતો. તેને રાજ્યવહીવટનો ભોમિયો ધારીને નવાબસાહેબ પાસેથી માગી લઈ ને તેને કુમાવીશદાર નીમ્યો અને દફતરનું તમામ કામ તેને સોંપ્યું. અને ખંભાતની ઉપજનો ચોથો ભાગ ઉઘરાવવાનું કામ લીધું. આ હિસ્સો પાછળથી અડધોઅડધ કર્યો. ત્યાર પછી કુમાવીશદાર તરીકે આપાજી ગણેશ થયા. અને ત્યાર પછી ભગવતરાવ આવ્યા. તેણે તો ચોથનાં નાણાં ઉઘરાવવા ઉપરાંત

ફોજદારી તથા ન્યાયના કામમાં અધિકારીઓની નિમણૂક કરી. એટલે સંવત ૧૮૧૨નાં હસ્ત-લિખિત ખતપત્રોમાં ખંભાતના અધિકારીઓનાં નામ લખ્યા પછી પેશ્વાના અધિકારીઓનાં નામ લખવામાં આવતાં. એટલે બેવડાં નામ લખવામાં આવતાં.

ખંભાતમાં પેશ્વાઓ તરફથી અધિકારીઓની સ્વતંત્ર કચેરી હતી; અને તેના જુદા નોકરો હતા. તેમને પગાર પણ તેઓ આપતા.

ચોથની આવક થતી, તેમાંથી મોટા ભાગની આવકમાંથી થોડો ભાગ મુખ્ય ઑફિસે જતો, બાકીનો ભાગ અંદરોઅંદર વપરાઈ જતો. અને તેથી પૈસા ઉઘરાવવામાં સખતાઈ થતી.

આ પ્રમાણે પેશ્વાનો કારભાર સને ૧૮૧૮ સુધી ચાલ્યો અને તેમણે અંગ્રેજોને સોંપ્યો. ચોથની કચેરીનું કામ શહેર બહાર ચાલતું હતું; તે હવેથી શહેરમાં લાવવામાં આવ્યું.

પ્રકરણ ૧૫ મું

## ખંભાતના નવાબોનો પૂર્વઇતિહાસ[1]

મૂળ પુરુષ ઈરાનના :

ખંભાતના નવાબસાહેબ મોગલ કુળના છે. તેઓશ્રીના મૂળ પૂર્વજો ઈરાનના છે. ઈરાનમાં તેમનું કુળ બહુ ઊંચું અને ખાનદાન હોવાથી તેઓનો સંબંધ ઈરાનના શહેનશાહોની સાથે હતો.

આ વંશના પુરુષ જનાબ અમીરઅહેમદ નજમેસાની હતા. તેઓના પિતાનું નામ અબ્દુલ મોમીન હતું. તેઓ ઈરાનમાં બહુ ઊંચો હોદ્દો શોભાવતા હતા; તેઓનાં માતુશ્રી હવેઝા વંશનાં હતાં. આ વંશ ઈરાનમાં મોટો અને ઊંચો ગણાતો હતો. તે કારણથી તે વંશ હવેઝી અથવા મોમીન-ખાની કહેવાય છે. અને તે વંશના મોમીનખાન કહેવાય છે.

દૈવયોગે અમીરએહમદસાહેબને પોતાના પિતાજી સાથે ઊંચું મન થયું; અને પોતાના દેશનો ત્યાગ કર્યો. અને 'બિરકા'માં જતા રહ્યા. ત્યાં મુકામ કરી સહેલ અને શિકાર કરી મનને ખુશ કરવા લાગ્યા, જ્યારે બિરકાના હાકેમને ખબર પડી કે અમીરએહમદસાહેબ પધારેલા છે ત્યારે તેમણે તેમને પોતાને ત્યાં લઈ જઈ તેમની ઉત્તમ પરોણાગત કરી.

એવી પણ હકીકત છે કે બિરકાના હાકેમને કંઈ સંતાન ન હતું; એટલે તેણે અમીરએહમદને પોતાના દત્તક લીધા; પણ આ વાત ખરી લાગતી નથી, કારણ કે અમીરએહમદ જેવા મહાપુરુષ એક નાનાસરખા હાકેમના દત્તક થાય એ અશક્ય છે.

એવામાં શાહ ઈસ્માઈલ સફવી શાહજાદા બિરકામાં શિકાર કરવા માટે આવ્યા; અને

---

૧. ખંભાતના સ્વ. મુનશી કમાલુદ્દીનસાહેબે 'ના. નવાબસાહેબનું પેઢીનામું' નામનું નાનકડું પુસ્તક ફારસીમાં છપાવ્યું હતું; જે આ લેખકે જોયું છે. તેનો ઉર્દૂ તરજુમો જ. ગૌહરઅલી સા. કરેલો અને તે ઉપરથી ગુજરાતી તરજુમો જ. મોલવી મકસુદમીયાં અબ્દુલ રજ્જાકે કરી આપ્યો હતો.

અમીરએહમદસાહેબ કદર કરવા યોગ્ય હતા તેથી શાહજાદાસાહેબની નોકરી અને સાથી તરીકેનો મોટો હોદ્દો મેળવવા ભાગ્યશાળી થયા.

શિકારથી પૂર્ણ રીતે સંતોષ પામ્યા પછી શાહજાદા પાછા ફર્યા અને પોતાની સાથે અમીર-એહમદને લઈ ગયા. બાદશાહે તેમની ચાલાકી અને બુદ્ધિની કદર કરી અને ખાનનો ખિતાબ ઇનાયત કર્યો.

અમીરએહમદની દિવસે દિવસે ઉન્નતિ થવા લાગી. તે એટલે સુધી કે મોટા પ્રમુખ અમીર નજમુદ્દીન જેલાનીના પ્રયત્નથી (ઉપર જણાવેલા શાહ ઈસ્માઈલના મોટા મંત્રી) અમીરએહમદખાન મંત્રી તરીકેના પદ ઉપર આવ્યા, અને તેમણે પોતાનાં મંત્રી તરીકેનાં કર્તવ્યો ઘણી જ ખુશીથી બજાવ્યાં.

જ્યારે અમીર નજમુદ્દીન જેલાની કે જેમનો ખિતાબ 'નજમેઅવ્વલ' હતો, અને જેઓ ઈરાનની સલ્તનતના વકીલના હોદ્દાથી શોભતા હતા. તે સ્વર્ગસ્થ થયા; એટલે એમનો હોદ્દો શાહ ઈસ્માઈલ સફવીએ અમીરએહમદખાનને આપ્યો કે એમને વકીલાતનો હોદ્દો આપ્યો અને 'નજમેસાની' ખિતાબ આપવામાં આવ્યો, તથા સલ્તનતની સંપૂર્ણ સત્તા બક્ષી.

એમના વજીર તરીકેના સમયમાં હિંદુસ્તાનનો મુગલ બાદશાહ હુમાયુ મદદ માગવાને માટે ઈરાન ગયો ત્યારે અમીરએહમદખાનની કોશિશથી તે બાદશાહની પૂરેપૂરી મદદ મેળવવા ભાગ્યશાળી થયો.

હુમાયુ બાદશાહે હિંદુસ્તાન પાછા ફરતી વખતે આ 'નજમેસાની'ના હાથને ચુમી લીધા અને કહ્યું કે બધો આપનો જ પ્રતાપ અને ઉપકાર છે.

અમીરએહમદખાન નજમેસાની તા. ૩ જી માહે રમજાન હિ. સ. ૯૧૮ના દિવસે અબ્દુલખાન ઉઝબેકની સાથે જે લડાઈ કરવામાં આવી તેમાં તે શહીદ થયા.

અમીરયાર એહમદખાન : અમીરએહમદખાન નઝમેસાની શહીદ થતાં તેમના ફરજંદ અમરયાર એહમદખાન મંત્રીપદે આવ્યા.

મીરઝાં મોમીન : અમીરયાર એહમદખાન પછી તેના પુત્ર મીરઝાં મોમીન કે જેમનો વજીર તરીકેના કામમાં હાથ હતો તે થયા.

મીરઝાં જાફર : મીરઝાં મોમીનની હયાતીમાં તેમના પુત્ર મીરઝાં જાફર હિન્દુસ્તાનની સહેલને માટે દિલ્હી આવ્યા. આમ ખંભાતના નવાબસાહેબનું કુળ મૂળ ઈરાનના ખાનદાનો સાથે ઈ. સ. ૧૫૦૦ સુધી સંબંધ ધરાવે છે.

## મીરઝાંજાફર નજ્મુદ્દૌલા ઉર્ફે મોમીનખાન પહેલા ઈ. સ. ૧૭૩૦-૧૭૪૩

દિલ્હીની ગાદી ઉપર મોગલ બાદશાહ મહંમદશાહ (ઈ. સ. ૧૭૧૯-૪૮) રાજ્ય કરતો હતો; તે સમયે ઈરાન છોડીને મીરઝાં જાફર હિન્દમાં આવ્યા. ઈ. સ. ૧૭૨૦.

આ સમયે મોગલ બાદશાહ તરફથી ગુજરાતનો સૂબો મુબારિજઉલમુલ્ક સરબુલંદખાન હતો; તેણે મીરઝાંજાફરને 'નિજામઉદ્દવલા'નો ખિતાબ આપી પેટલાદ પરગણાના ઇજારદાર નીમ્યા ઈ. સ. ૧૭૨૫.

## મીરઝાંજાફર મોમીનખાનનું લગ્ન ઈ. સ. ૧૭૨૫.

આ વરસમાં તેમને બીજો મોટો લાભ એ થયો કે તેમનું લગ્ન ખંભાત અને સુરતના હાકેમ મીરઝાં અબદુલહુસેન ડેહલામી મોમીનખાનની દીકરી ઓલીયાબેગમ સાથે થયું. આ અબદુલહુસેન મૂળ ઈરાનનાં ડેહલામી વંશના હતા. બહુ

ઊંચા ખાનદાન કુટુંબના હતા; વળી દિલ્હીના બાદશાહના એક મોટા હોદ્દા પર હતા; અને આવા એક મોટા માણસની બેટી સાથે મીરઝાંજાફરનું લગ્ન થવાથી તેઓ એકદમ પ્રખ્યાતિ પામ્યા અને મોગલ દરબારમાં પણ માન પામ્યા; ઈજ્જતમાં ઘણો વધારો થયો.

### મીરઝાં અબદુલ હુસેનનું મરણ હિ. સ. ૧૧૪૦ (ઈ. સ. ૧૭૨૮)

સુરતના હાકેમ મીરઝાં અબ્દુલહુસેનનું મરણ રમઝાન મહિનાની ૨૫મી તારીખે હિ. સ. ૧૧૪૦ (ઈ. સ. ૧૭૨૮ )માં થયું; તેની જગા ઉપર તેનો ભાઈ અબ્દુલગનીખાન દિલ્હીના બાદશાહ તરફથી કીર્તિવંત પોશાકથી સન્માનિત થઈ અમદાવાદ આવ્યો; અને મુબારેઝઉલમુલ્કને મળી સફર મહિનાની ૧૭મી તારીખે પોતાના કામ પર દાખલ થયો, અને નાયબ તરીકેનું કામ પોતાનો ભત્રીજો મહંમદ બાકરખાન કરતો હતો.[૨]

### ચીમનાજી આપાની ખંભાત પર ચડાઈ ઈ. સ. ૧૭૩૦

બાલાજીરાવ પેશ્વાના ભાઈ ચીમનાજી આપાએ ખંભાત ઉપર ચડાઈ કરી; આ વખતે ખંભાતનો સૂબો મીરઝાં અબ્દુલહુસેન હતો; ચીમનાજી આપાએ ત્રણ લાખ રૂપિયા ખંભાતમાંથી અને બે લાખ રૂપિયા પેટલાદમાંથી ખંડણીના લીધા. વળી ધોળકાને લૂંટયુ; મરાઠા સરદારનો આવો જુલમ જોઈને મીરઝાં અબ્દુલહુસેનને ફિકર પડી કે ખંભાતના વેપારને ધોકો પહોંચશે; વળી એમનું જોઈને કેટલીક મુસલમાન ટોળીઓએ લૂંટ કરવા માંડી; થોડો વખત ગયો એટલામાં ફરીથી મરાઠાઓએ ખંભાત ઉપર ચડાઈ કરી અને શહેરને લૂંટયું; આ વખતે તો શહેરના કેટલાક વેપારીઓ પોતાનાં ઘર અને દુકાનો બંધ કરી ચાલ્યા ગયા. મરાઠાઓએ ઘણો ભય બતાવ્યો, અને ખંભાતના જકાતનો અર્ધો ભાગ માગ્યો. જો અમારા માગ્યા પ્રમાણે નહિ આપો તો શહેર અને પરગણું પાયમાલ કરીશું.

### મીરઝાં જાફરને મુબારેઝ ઉલમુલ્ક સાથે અણબનાવ–૧૭૩૦

પેટલાદ પરગણાના હિસાબ બાબત મીરઝાં જાફરને ગુજરાતના સૂબા મુબારેઝ ઉલમુલ્ક સાથે અણબનાવ થયો. આથી તેમને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા; આથી તે સીધા પાટનગર દિલ્હી ગયા. ત્યાં તેમને સારું માન મળ્યું. આ વખતે મુબારેઝ ઉલમુલ્કની બદલી થઈ અને તેની જગાએ મહારાજા અભેસીંગની નિમણૂક થઈ. તેની સાથે મીરઝાં જાફર ન આવ્યા. ગુજરાતમાં આવ્યા પછી તેમણે મહારાજા અભેસિંગની સારી નોકરી કરી બતાવી; રાજાના તે કૃપાપાત્ર બન્યા. મહારાજા અભેસીંગે તેમને ગુજરાત ખાતાના ઘોડેસ્વાર લશ્કરના ઉપરી, ગુજરાતના એજન્ટ અને ખંભાતના સૂબા નીમ્યા. આ પ્રમાણે અભયસિંહ મહારાજાએ મીરઝાં જાફરને ઊંચા હોદ્દે ચડાવ્યા; વળી તેમના ભાઈ ફીદા ઉદખાનને પણ ખંભાતની નજીકના મુલકના તજવીજદાર ઠરાવ્યા.

### રતનસિંગ ભંડારી સાથે અણબનાવ : ૧૭૩૩

મહારાજા અભેસિંગ પોતાના પ્રતિનિધિ તરીકે મૂકેલા રતનસિંગ ભંડારીને જોધપુર ગયા. ત્યારે મીરઝા જાફરે પોતાની હોશિયારીથી ભંડારીની પ્રીતિ સંપાદન કરી હતી, પરંતુ થોડો સમય જતાં રતનસિંગને મીરઝાં જાફર ઉપર એવી શંકા થઈ કે તે સોરાબખાન સાથે મળી જઈ વીરમગામની

---

૨. નજમુદ્દૌલા – બાદશાહના તારા
મુમતાઝુલમુલ્ક – મુલકના શ્રેષ્ઠ
દિલાવર જંગ – લડાઈમાં બહાદુર

સૂબેદારી લેવાને ખટપટ કરે છે. આ કારણથી સૂબાની લાગણી દુભાઈ; અને મીરઝાં જાફરને પણ દહેશત લાગી કે કદાચ ખંભાત લઈ લેશે, પણ થોડા સમયમાં આ બીકનો અંત આવ્યો.

### વડોદરા ઉપર મરાઠાની ચડાઈ : ૧૭૩૪

મરાઠાઓ વડોદરું લેવાને આવ્યા એટલે સૂબેદાર રતનસિંગે ખંભાતના હાકેમને હુકમ કર્યો કે વડોદરાના હાકેમ શેરખાનને મળી મરાઠાને હાંકી કાઢવા. પરંતુ શેરખાન હારી જવાથી અને મરાઠા સાથે લડવું ડહાપણભરેલું નહિ લાગવાથી મોમીનખાન ખંભાત રહ્યા. આ વખતે નડિયાદ, માતર, પેટલાદ અને મહુધાનો ઈજારો મીરઝાં જાફરને મળ્યો.

કેટલોક વખત વીત્યા બાદ રતનસિંગ ભંડારીને કોઈએ જખમ કર્યો હશે તે મટ્યા પછી તેણે મીરઝાં જાફર મોમીનખાન ઉપર તેણે ચડાઈ કરી. આ અરસામાં મહુધા, માતર, નડિયાદ વગેરે પરગણાંના ઈજારાની મુદત પૂરી થવાથી તેમની પાસેથી ભંડારીએ સફરદરખાન બાબીને આપ્યાં. ઈ. સ. ૧૭૩૫.

### મીરઝાં જાફર ગુજરાતના હાકેમ થાય છે : ઈ. સ. ૧૩૩૭.

દિલ્હીના બાદશાહની અભેસીંગ મહારાજા ઉપર પ્રીતિ નહિ હોવાથી તેમને બોલાવી લઈ તેમની જગાએ મોમીનખાન મીરઝાં જાફરને ગુજરાતના સૂબેદાર નીમ્યા.

**અમીરઉલ ઉમરાના મહોર સાથના ફરમાનની નકલ બાદશાહી ફરમાન :[૩] ( હિ. સ. ૧૧૪૯ માહેરમ માસની ૧૦મી )**

'બહાદુરી અને ઉચ્ચતાના રક્ષક, શૌર્ય અને મહત્ત્વપૂર્ણ શક્તિધારક મોમીનખાન, બાદશાહી કૃપા મેળવવા ભાગ્યવાન થાઓ. અમદાવાદના સૂબાના નાઝિમના નાયબ તરફથી થોડો વખત થયો. જાતજાતના અને વિવિધ જુલમો થાય છે. ઘણો માલ પડાવી લેવામાં આવે છે, તથા જુદી જુદી જાતના સિતમો કરવામાં આવે છે. વળી દાટેલો માલ મેળવવાને બહાને માણસોનાં ઘર ખોદી નાખવામાં આવે છે. તેમ જ પૈસા વસૂલ કરવા માટે શહેરમાંની વસ્તીના મુખીઓનાં ધનદોલત લેવાની ફરિયાદો ઘણી વખત અને વારંવાર ઉચ્ચ બાદશાહ પાસે રજૂ થતાં બાદશાહ હજૂરે મહારાજા અભયસિંગને તે બાબતમાં બંદોબસ્ત કરવા ઘણી તાકીદ આપી સખત હુકમ કાઢ્યા છતાં તેનાથી કાંઈ પણ ફાયદો થયો નહિ; માટે સત્તા અને અધિકારની કચેરીમાંથી અમદાવાદની સૂબેદારી પરથી મહારાજાની ફેરબદલી કરવામાં આવી છે; અને તેથી એવા બાદશાહી ઉચ્ચ હુકમને પ્રચલિતતાનો પ્રકાશ આપવામાં આવ્યો છે કે બીજો સૂબેદાર નીમાય ત્યાં સુધી તે ઉચ્ચતાના રક્ષકે ( મોમીનખાને ) એ સૂબાનો ખબરદાર રહી; બંદોબસ્ત રાખવો અને સદરહુ નાયબને શહેરમાંથી દૂર કરવો. તેને શહેરમાંથી કાઢી મૂક્યો છે તેવી ખબર તેને પડતાં તેના જુલમ ને ત્રાસનો હાથ તેને વધારે લંબાવવા દેવો નહિ. અને કોઈ પણ માણસને તેના તરફથી ઈજા પહોંચવા દેવી નહિ. નવો સૂબેદાર નીમાઈ ને આવે ત્યાં સુધી શહેર અને શહેરવાસીઓના રક્ષણ માટે પોતાને જવાબદાર સમજી ચાલુ સ્થિતિ કાયમ રાખી — કોઈની બદલી ન કરતાં — છે તે સાચવી રાખવાની કોશિશ કરવી. અને જુલમોનો ભોગ થઈ પડેલી રૈયતને દિલાસો આપવો. અને તેને થયેલું નુકસાન ભરી આપવું જે કેટલાએક માણસોને મહારાજાના નાયબોએ નાણું પડાવી લેવા કેદમાં નાખ્યા છે, તેમને છૂટા કરવા અને સૂબાની પાડોશમાં ફેલાઈ ગયેલા મરાઠાઓ જોડે; સમય વર્તી જઈ, સમયાનુસાર વર્તવું; ખરેખર એમ જ કરવું સલાહભરેલું છે; માટે મહાન બાદશાહના હુકમ પ્રમાણે અમલ કરવો. લખ્યું પવિત્ર મહોરમ

---

૩. મિ. એ. વૉ. ૨, ખંડ ૨, પૃ. ૨૪૨

માસની તારીખ દસમી; હજુરશ્રીએ ગાદીએ બેઠાને અઢારમે વરસે.' ( ઈ. સ. ૧૭૩૭ )

આ બાબત જાહેરમાં જણાવવા – પ્રસિદ્ધ કરવા મીરઝાં જાફરે ખુશાલીની નોબત વગડાવવાનો હુકમ આપ્યો. અને ખંભાતના કાજીની મહોર કરાવી.

વળી આ ફરમાનની નકલ રતનસીંગ ભંડારી ઉપર રવાના કરી; અને પોતે ખંભાત બંદરની હદમાં આવેલા નારેશ્વર તળાવ ઉપર મુકામ કરી તૈયારી કરવા માંડી. કાકાના છોકરા ફીદાઉદ્દીનખાનને મુખ્ય કારભારી, પોતાના ભત્રીજા મહમદ મોમીનને બક્ષી, પોતાના સાઢુ મહમદ ઝમાનબેગને તોપખાના-નાનો દારોગો નીમી તેમને ઘોડેસવાર અને પાયદળ લશ્કર રોકવાના હુકમો આપ્યા. વળી જવા-મર્દખાનને લશ્કર લઈ ને પોતાની મદદે આવવા લખ્યું.[૪] વળી સંજોગવશાત એવો સાત ધાતુની બનેલી કેટલીક તોપો કે જે વીસ શેરના ગોળા ફેંકે તેવી સુરતમાં ખરીદેલી તે ખંભાત આવી પહોંચી. મોમીનખાને આ ઘટનાને ઈશ્વરી સહાય ગણી. ' નઝમુદ્દૌલા મોમીનખાન બહાદુર ફિરોઝ-જંગ ' એ ખિતાબ ધારણ કરી તેણે પૂરજોશમાં કામ કરવા માંડયું.

## અમદાવાદને ઘેરો ઈ. સ. ૧૭૩૭

રતનસીંગ ભંડારીએ એક અધિકારીને મોક-લીને મોમીનખાનને કહેવરાવ્યું કે ' આગ્રેથી જવાબ આવે ત્યાં સુધી તમારે કંઈ કરવું નહિ.' પણ આ વાત મોમીનખાને સ્વીકારી નહિ, તેણે પોતાનું લશ્કર લઈ ખંભાતથી ચાલવા માંડયું. તેણે સોજીત્રા લીધું. ત્યાં જવામર્દખાન બાબી મળ્યો; ત્યાંથી બેઉ વસો ઉપર રહી ખેડે આવ્યા. પુષ્કળ વરસાદ પડવાથી તે એક માસ સુધી વાત્રકના કિનારા પર તેમને પડી રહેવું પડયું. પૂર ઊતરી ગયા પછી અમદાવાદ કૂચ કરી. અમદા-વાદના કાંકરિયા તળાવ પર પડાવ નાખ્યો. આ વખતે મોમીનખાને પોતાના કારભારી વજેરામને દામાજીરાવ ગાયકવાડની મદદ લેવા સોનગઢ મોકલ્યો. તે એવી શરતે કે જો અમદાવાદ કબજે થાય તો અમદાવાદ તથા ખંભાત સિવાય ગુજ-રાતના બીજા મુલકમાંથી અર્ધી ઉપજ ગાયકવાડને આપવી. દામાજી ગાયકવાડે ભાઈચારાનો સંબંધ બાંધ્યો. અને મદદ કરવા અમદાવાદ આવ્યો; બેઉ જણાએ અમદાવાદને ઘેરો ઘાલ્યો.

મોમીનખાને ઘેરો ઘાલ્યાની વાત રતનસીંગ તરફથી મહારાજા અભેસીંગને મળી. આથી તે ઘણો ગુસ્સે થયો અને બાદશાહ પાસેથી ચાલતો થયો; પરન્તુ તેને રાજી રાખવા બાદશાહે તેને ફરી પાછો બોલાવ્યો; અને બીજો હુકમ મોકલ્યો કે મહારાજા અભેસીંગને સૂબેદાર નીમ્યા છે. માટે મોમીનખાને ખંભાત જવું, અને રતનસીંગ ભંડા-રીએ જુલમ કર્યો છે માટે તેની જગાએ બીજા કોઈની નિમણૂક કરવી.

દામાજી અને મોમીનખાન વચ્ચે થયેલા કરારની ખબર રતનસીંગ ભંડારીને પડતાં તેણે દામાજીને કહેવરાવ્યું કે જો તમે મને મદદ કરશો તો હું તમને ખંભાત અને અમદાવાદ બાદ કર્યા વિના આખા ગુજરાતની ઉપજમાંથી અર્ધો ભાગ આપીશ. દામાજીએ આ વાત મોમીનખાનને કહી મોમીનખાને પણ તે પ્રમાણે આપવા કબૂલ કર્યું; પરંતુ ખંભાતને બદલે આખું વીરમગામ પરગણું આપવાને તેમણે કહ્યું દામાજીએ તે કબૂલ કર્યું. પછી બન્ને જણાએ થઈ ને અમદાવાદ ઉપર તોપનો મારો ચલાવ્યો. રતનસીંગે જાણ્યું, હવે મારાથી અમદાવાદનો બચાવ થાય તેમ નથી; તેથી તેણે કહ્યું કે મને મારું ખર્ચ મળે તો હું ચાલ્યો જાઉં. મોમીનખાને તે વાત કબૂલ કરી. મોમીનખાને તા. ૨૦મી મે સને ૧૭૩૭ના

---

૪. મિ. એ. ભા. ૨, પૃ. ૨૪૪

રોજ અમદાવાદ લીધું. પછી કરાર પ્રમાણે મોમીનખાને રાયખડ, આસ્તોડીઆ, ખાનજહાન અને રાયપુરના દરવાજા સુધીનો જમાલપુરનો ભાગ મરાઠાને આપ્યો,[૫] અને આ વખતથી ગુજરાતની ખંડણી અને હકૂમત મરેઠા તથા મુગલો વચ્ચે નિમોનિમ ભાગ મુકરર થયા.

મોમીનખાન અમદાવાદ રહેવા લાગ્યા અને ખંભાત પોતાના જમાઈ નજામખાનને સોંપી તેમને ત્યાંના હાકેમ નીમ્યા, તથા પોતાના પિતરાઈ ફિદાઉદ્દીનખાનને પોતાનો નાયબ નીમ્યો. મોમીનખાને આ સઘળી હકીકત બાદશાહને લખી જણાવી. સાથે ભેટસોગાદો પાદશાહને મોકલી.

મરાઠાના જુલમથી અમદાવાદની પ્રજા બહુ દુઃખી થઈ હતી, તેને મોમીનખાને આબાદ કરવા માંડી.

### બાદશાહ તરફથી મહાન ભેટ થતા પ્રશંસાપત્ર મળ્યા

જ્યારે બાદશાહની કચેરીમાં અમદાવાદ જીત્યાના સમાચાર મળ્યા, ત્યારે તે કચેરીમાંથી જાતી એક હજારી અને એક હજાર સવારનો તેને ઈઝાફો (વધારો – ચઢતી) આપવામાં આવ્યો. મૂળ અને વધારો મળી તેમની મનસબ જાતી ચાર હજારી અને બે હજાર સવારની થઈ. ઝુંડો અને નગારું તથા બહાદુરનો ખિતાબ સાથે બક્ષવામાં આવ્યાં તથા એક ખાસ ખિલત (પોશાક); રત્નજડિત સરપેચ અને તોરો, નવનિશાનની મઠવાળી તલવાર; એક હાથી અને ઝાલરદાર પાલખી આપવામાં આવ્યાં. તેમ જ અમદાવાદ સૂબામાં બંદોબસ્ત રાખવા માટે ધન્યવાદ આપતું એક પ્રશંસનીય ઉચ્ચ ફરમાન પ્રસિદ્ધ કરવામાં આવ્યું. વળી બીજા જેમણે મોમીનખાનને આ કાર્યમાં મદદ કરી હતી તે સર્વને માટે થોડી કીમતી ખિલતો (પોશાક) ગુર્ઝબરદાર ઝૈનઉલ્આબેદીનખાન સાથે મોકલવામાં આવી. વળી અમીર ઉલ્ઉમરા સમસામ ઉદ્દૌલાએ તેમનાં ઘણાં વખાણ કર્યાં અને લખ્યું કે :

"આ કામ તો તારાથી જ થાય,
શૂરવીરો એમ ન કરે."

ઉપર મુજબની ભેટસોગાદો જે બાદશાહી દરબારમાથી ગુર્ઝબરદાર ઝૈનુલ આબેદીનખાન સાથે મોકલ્યાં હતાં તે હિ. સ. ૧૧૫૧માં આવી પહોંચ્યા. ચાલતા આવેલા રિવાજ મુજબ મોમીનખાને તેનું રીતસર સ્વાગત કરી તેનો સ્વીકાર કર્યો. બીજા જેઓએ આ કાર્યમાં મદદ કરી હતી તેમને પોશાક આપી આનંદનાં વાજાં વગાડતા વગાડતા ભદ્રમાં દાખલ થયા.

### જમીનદારો પાસેથી ખંડણી ઉઘરાવે છે. ઈ. સ. ૧૭૩૮

વરસાદની મોસમ પૂરી થઈ હતી. અનાજ લણવાનો સમય થયો હતો. જમીનદારો પાસેથી વસૂલાત લેવા, સાબરમતી જિલ્લાના કોળીઓ બખેડો ન કરે અને તેમના જામીન લેવા વગેરે માટે જરૂરી તોપખાનું તથા લશ્કર એકઠું કર્યું. જવામર્દખાન-બાબી તથા શેરખાનબાબી તેમને આવી મળ્યા. તેમને પણ તે કામમાં સામેલ કર્યા. પેથાપૂર, માનસર, વીજાપોર, મોહનપુર, માણસા, રણાસર, વરસોડા વગેરે સ્થળોના જમીનદારો પાસેથી ખંડણી ઉઘરાવી. પછી પાલણપુર જિલ્લામાં ગયા. આ રીતે ગુજરાતમાં તે પેશકશ ઉઘરાવતા હતા. હિ. સ. ૧૧૫૦ – ૫૧.

૫. ગુ. અ. ઇ. પૃ-૧૭૩

## રંગોજી અને મોમીનખાન વચ્ચે અણબનાવ

ઈ. સ. ૧૭૩૯ ( હિ. સ. ૧૧૫૨ )

અમદાવાદ શહેરમાં રંગોજીનો અને મોમીનખાનનો એમ બે જણનો અમલ હતો. રંગોજીનાં માણસો વેરો અને દંડની રકમ માટે પ્રજા ઉપર જુલમ કરવા લાગ્યા. અને પ્રજાએ દુઃખનો પોકાર કરવા માંડ્યો. મોમીનખાનનાં માણસોએ રંગોજીનાં માણસોને તેમ કરતાં અટકાવ્યાં. આથી તેમની બે જણ વચ્ચે ખાનાજંગી થઈ. લગભગ ૨૦ દિવસ સુધી લડાઈ ચાલી. છેવટે હિતેચ્છુઓ વચમાં પડ્યા; અને બન્ને વચ્ચે કરાર કર્યા; અને સમાધાન કર્યું.

વળી સજાણસિંહ હજારી, રામસિંહ હજારી, ગોદડસિંહ વગેરે જે રતનસિંહ ભંડારીના સાથીદારો હતા, તેઓ મોમીનખાનની પાસે નોકરીમાં રહ્યા હતા. તેમણે વધારે પગાર માગ્યો; પરંતુ સમય વિચારી મોમીનખાને મીઠાશ અને નરમાશથી કામ પતાવી દીધું.

## નાદીરશાહની સવારી પછી

( ઈ. સ. ૧૭૩૯ )

દિલ્હી ઉપર નાદીરશાહ ચડી આવ્યો; દિલ્હીને ઘણું પાયમાલ કરી તે પાછો ગયો. ત્યાર પછી તેની રવાનગી જણાવતા તથા સામ્રાજ્યના દિવાની તથા ફોજદારી અમલદારોની સત્તા તેમને સ્વતંત્ર રીતે કરતા હુકમો પ્રસિદ્ધ થયા. પોતાના નામનું એક ફરમાન મળતાં જુમ્માને દિવસે મોમીનખાન જુમ્મા મસ્જિદમાં ગયા; ત્યાં બાદશાહના ઇલકાબોથી વિભૂષિત થયેલો આનંદપ્રિય ખુતબો ખતીબે નાનામોટા સૌની સમક્ષ પઢ્યો; અને ત્યાર બાદ પોશાકથી સન્માનિત થયા.

## મલ્હારખૂનીની મુલાકાત

હિ. સ. ૧૧૫૨, ઈ. સ. ૧૭૩૯

વડોદરાથી મલ્હારખૂની જે દામાજીએ નાયબ તરીકે નીમ્યો હતો. તે મોમીનખાનને મળ્યો. તેણે વિવેકપૂર્વક એક પોશાક, એક રત્નજડિત સરપેચ, એક ઘોડો, ત્રણ ચાંદીની લગામો તથા સાથીઓ માટે બીજા પચાસ પોશાક મોમીનખાનને ભેટ આપી. મોમીનખાને પણ તેને ઘોડો – પોશાક વગેરે આપી વિવેક દેખાડ્યો. ( ૨૫મી જમાદી માસ. હિ. સ. ૧૧૫૨ ).

## અમદાવાદની ટંકશાળનો બંદોબસ્ત

અમદાવાદની ટંકશાળમાં પડતા સોનાચાંદીના સિક્કામાં તેના કારભારીઓ તાંબું ભેળવતા. આથી અમદાવાદની ટંકશાળનું નામ હલકું પડી ગયું હતું. આથી મોમીનખાને તે ખાતાના સરાફો, અમલદારો, કારીગરો વગેરેને હુકમ કર્યો કે એવું ભેગવાળું નાણું ગાળી નાખી તે ધાતુને ચોખ્ખી કરો અને તેના મુબારક ( નામના ) સિક્કા પાડો. આથી ભેળસેળ સંબંધી બંદોબસ્ત થયો અને એક વર્ષ સુધી એ મિશ્ર ધાતુઓના સિક્કામાંથી થતી ઉપજ માફ કરી.

મોમીનખાન મહેમુદાબાદની સલેહગાહ તરફ છડી સ્વારીએ જવા નીકળી પડ્યા. ત્યાંથી નીકળી નડિયાદ આવ્યો; ને ત્યાંનાં કેટલાંક કામ પૂરાં કરી પેટલાદ આવ્યા. આ અરસામાં ખિલાફત અને પૃથ્વીના રક્ષકની દરબારમાંથી અસલ અને ઈઝાફો મળી જાતી ૬૦૦૦ હજારીની મનસબ, ૬૦૦૦ હજાર સવાર અને ' નજમઉદ્દૌલા મોમીનખાન બહાદુર દિલાવર જંગ 'નો ખિતાબ; ૭ પોશાકની ખાસખિલત, રત્નજડિત સરપેચ, એક હાથી અને માહીમુરાતેબ[૬] થી તેમને સન્માનિત કરવામાં આવ્યા. અને એ બાબત જે ઉચ્ચ ફરમાનને પ્રસિદ્ધિનું માન મળ્યું હતું તેનો સ્વીકાર કર્યો.

---

૬ શાહજાદાઓ અને મોટા ઉમરાવોને અપાતો એક ખેતાબ. મિ. એ. વૉ. ૨, ખં. ૨, પૃ. ૩૩૫

ઉચ્ચ ફરમાનની નકલ[૭]

'શૌર્યના રક્ષક, બહાદુરીની શક્તિવાળા, મહેરબાનીને પાત્ર, કૃપાને જાહેર થવાનું સ્થાન, પાદશાહી બક્ષેશને લાયક, રહેમિયતને યોગ્ય (એવા) મોમીનખાન બહાદુર, બાદશાહી નવાજેશોને માટે આતુર હોઈ જાણજો કે આ સુભાગ્યના સાથી અને આનંદવર્ધક સમયે બાદશાહી ઔદાર્ય અને ઉપકારથી પોતાના સેવકને નવાજવા તથા તે કૃપાપાત્ર (સેવક) પર અનુગ્રહ દર્શાવવા 'નજમુદ્દૌલા દિલાવરજંગનો ખિતાબ,' માહીમુરાતેબનું નિશાન, ખિલત, હાથી, મનસબનો વધારો કે જે અસલ ને વધારો મળી જાતી ૬૦૦૦ હજારી, ૭ હજાર સવાર, કે જેમાંના બે હજાર સવાર ઝડપી ચાલના (છે) આપી તેણે કીર્તિ તથા માનનો માચો મેળવનાર બનાવવામાં આવે છે. ઉચ્ચ અને પૂજ્ય નવાજેશો માટે ઉપકાર માની દુષ્ટ બંડખોરોને શાસન તથા શિક્ષા કરવાના કાર્યમાં બને તેટલી કોશિશ અને મહેનત કર્યા કરવી. અપાયેલા આ માનને તેણે મહાન ખિલાફતની જનાબમાં મુજરો કરવાનું (સલામ ભરવાનું -નમન કરવાનું) કારણ માન્યું. લખ્યું, બીજા રબી માસની અગિયારમી તારીખ. ઉચ્ચ તખ્ત નશીનના પચીસમા વર્ષમાં.

મોમીનખાને ખિલતનો સ્વીકાર કર્યા બાદ પેટલાદ, બોરસદ વગેરે સ્થળે ફર્યા. પછી તે ખંભાત આવ્યા. અહીં તેમની તબિયત બગડવા લાગી; દોઢેક માસ ખંભાત રોકાયા. અને તબિયત સુધરતાં તે પેશકશ ઉઘરાવવા નીકળી પડચા. પછી તેઓ અમદાવાદ આવ્યા.

નજમુદ્દૌલાને જે રોગ લાગુ પડચો હતો તે વધતો ગયો. અને તેમને જલંધરનો રોગ થયો.

૭. મિ. એ. વૉ. ૨ ખંડ–૨, પૃ. ૩૩૬

## મોમીનખાનનું અવસાન : ઈ. સ. ૧૭૪૩

હિ. સ. ૧૧૫૬માં નજમુદ્દૌલાનો મંદવાડ વધ્યો. દવાદારુ તેમને લાગુ ન પડચાં. અને મહોરમ માસની ૭મી તારીખે સવારે લગભગ ૯ વાગે તેઓનું મરણ થયું. અને રાતને પહેલે પહોરે અમદાવાદમાં રૂસ્તમઅલીખાનના મકબરામાં તેમને દાટવામાં આવ્યા.[૮] હાલ તેમના મરણસ્થાન પર એક મસ્જિદ છે. કબર ઉપર લેખ છે.

"મિઝીં મોહંમદ જાફર નજમેશાની સલમુખાતબબ મોમીનખાન બહાદુર નજમુદ્દૌલા દિલાવરજંગ યવ મુસ્સલા સાઉસ્સાચીન મીન શહરીલ મોહર્રમુતિ હરામ સને ૧૧૫૬ સીતા ખમસીન મીઆ વ અલ્ફ" "મહોરમની ૮મી તારીખ હિ. સ. ૧૧૫૬ મંગળવાર (૧૫મી માર્ચ ૧૭૪૩ ઈ. સ.)."

ફીદાઉદ્દીનખાન અને મુફતખીરખાને આ દુખદ સમાચાર દિલ્હીના બાદશાહને પહોંચાડચા. પોતે શોક પાળ્યો. ત્રીજે દિવસે તેમની ઝીયારત હતી, તે દિવસે શહેરના અગ્રેસરો, શરાફો, નોકરો વગેરે પાથરણે બેસવા આવ્યા.

દિલ્હીના બાદશાહે પોતાની દિલગીરી જાહેર કરી, તેમના કુટુંબને આશ્વાસન આપવાનું ફરમાન કાઢવામાં આવ્યું.

## મોમીનખાનનું ચારિત્ર્ય

મોમીનખાનની બાહોશી, કાર્યદક્ષતા, મુસીબતોમાંથી કેમ બચી જવું; પ્રજાનો પ્રેમ સંપાદન કરવો ને સાથે રાજાઓનો પ્રેમ સંપાદન કરવો; ગુજરાતના એક બાહોશ અધિકારી તરીકે તેમણે કામો કર્યાં

૮. ડૉ. મોહમદ અબ્દુલ્લા ચોપતાઈના અંગ્રેજી પુસ્તક "અમદાવાદના મુસલમાની લેખો" જ્યારે મિ. એ. વૉ. ૨, ખંડ–૨, પૃ. ૩૪૦ ઉપર મહોરમની ૭મી તારીખ હિ. સ. ૧૧૫૬ આપ્યાં છે.

કે તેથી રાજા તરફથી તેમને ફરમાનો મળ્યાં. જે વાંચતાં તેમના ગુણો અને ચારિત્ર્યનું ભાન થાય છે. દિલ્હીની બાદશાહી નબળી પડતાં તેમણે ખંભાતને સ્વતંત્ર બનાવી દીધું. ગુજરાતના ઇતિહાસમાં તેમનું નામ લખાયું છે.

### મુફતાખીરખાન-મોમીનખાન બીજા
### ઈ. સ. ૧૭૪૩થી ઈ. સ. ૧૭૮૩

**બાદશાહી ફરમાનનું આવવું :**

હિ. સ. ૧૧૫૬ સફર માસની સાતમી તારીખે દિલ્હીના બાદશાહ તરફથી ફરમાન મળ્યું. આ ફરમાનનો ફિદાઉદ્દીનખાન અને મુફતાખીરખાને ધારા મુજબ તેનો વિવેકપૂર્વક સ્વીકાર કર્યો. અને હાથીના હોદ્દામાં અને વાજાં વગાડતા શહેરમાં દાખલ થયા.

નજમુદ્દૌલાની હયાતીના સમયમાં ફિદાઉદ્દીનખાન તેના કુલમુખત્યાર જેવો હતો. મુલ્કી કામોનો મુખ્ય કારભાર તે કરતો. ફિદાઉદ્દીનખાન અને મુફતાખીરખાને નજમુદ્દૌલાની વિધવા એટલે કાયમકુલીખાનની બહેન પાસેથી કંઈક લેવાની ઇચ્છા કરી. આથી પોતાનું શું થશે તેવી ભીતિ લાગવાથી પોતાનું સર્વસ્વ રોકડ નાણું, દાગીના વગેરે ધીમે ધીમે પોતાના બનેવી મહમદઝમાન બેગને ઘેર મોકલી દીધા અને પોતે ચિંતામુક્ત થઈ.

**મુફતાખીરખાન મરણની જાળમાં—**

આણંદરામ નામે એક માણસ મર્હુમ મોમીનખાનના સમયમાં અગ્રગણ્ય ભોગવતો હતો. કંઈક કારણસર મોમીનખાનની તેના પર અપ્રીતિ થતાં તે નાસી છૂટચો. મોમીનખાને તેના ઘરનો નાશ કરાવ્યો. તે ખટપટિયો અને પહોંચેલો હતો. તેણે મુફતાખીરખાન, ફિદાઉદ્દીનખાન અને રંગોજી વચ્ચે ખટપટ ઊભી કરવા પ્રયત્ન કર્યો. તે રંગોજી સાથે ખૂબ મળી ગયો. રંગોજીએ પણ આણંદરામને રાજી કરવા ઘોડો, પોશાક અને છત્ર આપી પેશકાર નીમ્યો.

એક વખત આણંદરામે મુફતાખરખાન અને ફિદાઉદ્દીનખાનને મારી નંખાવવા રંગોજીને ત્યાં બોલાવ્યા. ત્યાં કેટલાંક માણસ સંતાડી રાખ્યાં હતાં, પરન્તુ ઈશ્વર–ઇચ્છાથી તેમાંનું કશું થયું નહિ. છેવટે ખટપટી આણંદરામને તેમણે મારી નાખ્યો ઈ. સ. ૧૭૪૩.

અમદાવાદના સૂબેદાર નીમાયા : અબ્દુલ આઝીઝખાન નામે એક માણસ બનાવટી સૂબેદાર થયો હતો. આ વાતની દિલ્હીના બાદશાહને ખબર પડતાં તેણે હુકમ મોકલ્યો કે અબ્દુલ આઝીઝે ચાલ્યા જવું અને અમે મુફતાખીરખાનને સૂબેદાર નીમીએ છીએ. માટે તેને હવાલો સોંપી દેવો. આથી મુફતાખીરખાન અમદાવાદના સૂબેદાર નીમાયા ઈ. સ. ૧૭૪૪. આ વખતે જવાંમર્દખાન બાબી નામના નાયબ સૂબા સાથે કજિયો થયો. તેમાં જવાંમર્દખાન ફાવી ગયો. આથી મુફતાખીરખાનને અમદાવાદ છોડી ખંભાત આવવું પડયું.

### ખંભાત બંદરના દારોગા ઈસ્માઈલખાનનું મરણ : ( હિ. સ. ૧૧૫૮ )

પહેલા મોમીનખાનના સમયથી ખંભાત બંદરના ફુરજાના દારોગાની જગા પર ઈસ્માઈલ મહમદખાન હતો. તેણે સારી વર્તણૂકથી વેપારીઓને સંપૂર્ણ સંતોષ આપ્યો હતો; આથી વેપારીઓ તેના ઘણા ઉપકારી હતા. ખંભાતના મુત્સદ્દી નજમખાન કેટલાંક કામોમાં તેની સલાહ લેતા. હિ. સ. ૧૧૫૮ના શાબાન મહિનાની ૩જી તારીખે તે મરણ પામ્યો. વેપારીઓએ તથા નજમખાને ઘણો શોક દર્શાવ્યો. અને એક પત્ર તેના ભાઈ ઉપર મોકલી આપ્યો. તેની જગાએ તેનો ભાઈ કાસમઅલી ખંભાતના ફુરજાનો દારોગો થયો. આ બેઉ મિરાતેઅહમદીના લેખક

અલીમહમદખાનના ભાઈ હતા. આ સાલમાં ખૂબ વરસાદ થયો અને ઈમારતોના પાયા હાલી ઊઠ્યા.

### ફિદાઉદ્દીખાન અને મુફતાખારખાન વચ્ચે અણબનાવ

કેટલાંક કારણોસર આ બે જણ વચ્ચે અણબનાવ થવાથી ફિદાઉદ્દીખાન ખંભાત છોડી દહેવાણ જઈ રહ્યા.

ખંભાતના મુત્સદ્દી નજમખાનનું મરણ :

પહેલા મોમીનખાનના વખતથી ખંભાત બંદરના મુત્સદ્દી તરીકે નજમખાન હતા. તેઓ પહેલા રબી માસની ૧૦ તારીખે હી. સ. ૧૧૬૧માં મરણ પામ્યા. આ સમાચાર દિલ્હી મોકલવામાં આવ્યા. ત્યાંથી મોમીનખાનની નિમણૂકનું ફરમાન કાઢવામાં આવ્યું; આથી મુફતાખીરખાન ખંભાત રોકાઈ ગયા.

### પેશ્વાના તાબામાં ખંભાત

મુફતાખીરખાનને ગાયકવાડના કારભારી સાથે વારંવાર તકરાર થતી તેથી મુફતાખીરખાને પોતાના કારભારીને બાલાજી પેશ્વા પાસે મોકલી તેમના તાબામાં ખંભાત રહેવા કહાવ્યું. તે વાત પેશ્વાએ કબૂલ કરી. મુફતાખીરખાને સાત હજાર રૂપિયા અને ચાર નાની તોપો પેશ્વાને નજરાણો કર્યો ઈ. સ. ૧૭૫૨. રઘુનાથરાવે દસ હજાર રૂપિયા ખંડણી લીધી.

**શ્રીપતરાવની ખંભાત પર ચડાઈ—ઈ. સ. ૧૭૫૪**માં શ્રીપતરાવે ખંભાત ઉપર ચડાઈ કરી. પરંતુ મુફતાખીરખાનની બહાદુરીથી તે શહેરમાં દાખલ થઈ શક્યો નહિ. તેણે આજુબાજુનાં ગામડાંની વસ્તીને ઘણી હેરાન કરી. તેના ત્રાસમાંથી પ્રજાને બચાવવા સાત હજાર રૂપિયા આપી તેને વિદાય કર્યો.

**ભગવંતરાવની ખંભાત પર ચડાઈ—**તે જ સાલમાં ખંભાત ઉપર પેશ્વા ભગવંતરાવે ચડાઈ કરી. તેમાં તે ઘેરાયો ને કેટલીક ખટપટોને અંતે તે પેશ્વા તરફથી મદદ મળતાં છૂટ્યો. અને મોમીનખાન પાસેથી દસ હજાર રૂપિયા લેવાનો ઠરાવ કરી સલાહ કરી તે પાછો ગયો.

**ઘોઘા લીધું :** મોમીનખાને ઈ. સ. ૧૭૫૫માં ઘોઘા લીધું. ત્યાં પોતાના તરફથી સરદાર મૂકી કાઠિયાવાડનાં કેટલાંક ગામો ઉપર ચડાઈ કરી પૈસા મેળવ્યા.

**ફરી અમદાવાદ લે છે :** ઈ. સ. ૧૭૫૬માં દિલ્હીના બાદશાહને ઘોઘા લીધાની ખબર મળી તેથી તેમને એક તલવાર મોકલી અને અમદાવાદ લીધાની ખબર મળતાં તે ઘણો ખુશ થયો અને 'બહાદુર'નો ઈલકાબ અને ફરમાન મોકલ્યાં. તે તેમણે લીધાં. મરાઠા સરદાર સાથે કેટલીક ખટપટ થયા પછી એવું ઠર્યું કે મોમીનખાન એક લાખ રૂપિયા લઈ અમદાવાદ છોડી દે અને પહેલાંની માફક ખંભાત પોતાને કબજે રાખે. ખંભાતની અર્ધી ઉપજ પોતે લે અને અર્ધી પેશ્વાને આપે અને તે ઉપર દર સાલ દસ હજાર રૂપિયા ખંડણી આપવી. ઘોઘા ઉપરના તમામ હક ઉઠાવી લેવા. આ સલાહ પ્રમાણે અમદાવાદ મરાઠાઓને સોંપી દીધું ઈ. સ. ૧૭૫૮.

### મોમીનખાન પૂને બાલાજીરાવને મળવા જાય છે.

ઈ. સ. ૧૭૫૯માં મુફતાખીરખાન બાલાજી પેશ્વાને મળવા પૂને જવા તૈયાર થયા. વહાણમાં બેસી સુરત ગયા. સુરતનો અંગ્રેજ કોઠીના કૅપ્ટન સ્પેન્સરે તેમનો સારો સત્કાર કર્યો. ત્યાંથી વહાણમાં તે મુંબઈ ગયા. ત્યાંના ગવર્નરે તેમને કિનારે ઊતરતાં

તોપોના અવાજથી માન આપ્યું. મુંબઈથી પૂને ગયા.

### બાલાજીરાવે કરેલો સત્કાર

તેમને સામા તેડવા મોટા સરદારો આવ્યા. બાલાજીરાવ પેશ્વા, રઘુનાથરાવ અને વિશ્વાસરાવ વગેરે મળ્યા. મોમીનખાને કિંમતી કપડાં, રૂપેરી સાજ તથા બે સુંદર ઘોડા અને રત્નજડિત કંઠી વગેરે પેશ્વાને ભેટ આપ્યું, તથા બીજા યોગ્ય માણસોને ઘટતું આપ્યું. મોમીનખાન બે માસ પૂનામાં રહ્યા. નીકળતી વખતે બાલાજીરાવે મોમીન-ખાનને એક હાથી, પોશાક અને બીજાઓને પાઘડી, દુપટ્ટા વગેરે આપ્યું. તે મુંબઈના રસ્તે પાછા ફર્યા. ફરી પહેલાં પ્રમાણે જ મુંબઈ અને સુરતમાં માન મળ્યું. સુરતના કેપ્ટને એક ઘોડો અને શિરપાવ ભેટ આપ્યો. તે સુરતથી હાથી ઉપર બેસી ખંભાત આવ્યા.

### ખંભાત આગળ લડાઈ

પેશ્વાનો માણસ ગણેશ આપાજી સાથે મોમીનખાને ઘણી સમજાવટ કરી કે તેથી પેશ્વાનો માણસ ખંભાતમાંથી નીકળી જાય અને બીજા પણ કાંઈ હક ન રહે. આ વખતે અહમદશાહ અબદલી (ઈ. સ. ૧૭૬૧) હિંદ ઉપર ચડી આવેલો તેને મરાઠાઓએ હરાવ્યો. મરાઠા આથી જોરમાં હતા. પેશ્વાએ સદાશિવ રામચંદ્રને ખંભાત ઉપર મોકલ્યો; દામાજી ગાયકવાડે પણ તેને મદદ કરી. તેમણે ખંભાતનાં ગામ લૂટયાં; મોમીનખાનને નમવું પડયું; અને ૮૪,૦૦૦ની ખંડણીમાં જે રકમ બાકી હતી તે આપી દેવી પડી.

### તળાજાનો કિલ્લો ઈ. સ. ૧૭૭૧

ઈ. સ. ૧૭૭૧માં બ્રિટિશ સરકારે તળાજાનો કિલ્લો તથા બંદર ત્યાંના કોળી લોકો પાસેથી જીત્યો, અને તે મુફતાખીરખાનને રૂ. ૭૫,૦૦૦માં વેચી દીધો. બે વર્ષ પછી તે ભાવનગરના રાજાને આપ્યો.

### શાહજાદા ખાનજહાનનું મરણ. ઈ. સ. ૧૭૭૨

આ સાલમાં મોમીનખાનના યુવાન પુત્ર ખાનજહાન મરણ પામ્યો; અને મીરઝાં ટેમનને દિવાનગીરી આપી. તેણે પણ પ્રજા ઉપર જુલમ ગુજાર્યો. તેને કેદ કરવામાં આવ્યો. તેણે ૧૦ વર્ષ સુધી અમલ કર્યો.

આ સમય દરમિયાન મોમીનખાને રાજકીય ખટપટોમાં ખૂબ રસ ધરાવ્યો. અંગ્રેજો પણ તેમાં ભળેલા હતા. ઈ. સ. ૧૭૮૦ અંગ્રેજોએ અમદાવાદ જીત્યા પછી ફત્તેહસિંહને પેશ્વાનો મહીનદીની ઉત્તરનો ભાગ મળ્યો; એટલે એણે ખંભાતની ખંડણી છોડી. અને અંગ્રેજોને ખંભાતના બંદરના જકાતના દરવાજાનો હક મળ્યો. આ દરવાજાનો હક્ક ઈ. સ. ૧૭૮૩માં પાછો મળ્યો.

### મુફતાખીરખાનનું અવસાન

દિવાન મીરઝાં ટેમનને દૂર કર્યો પછી કુત્બી-ખાનમ નામની એક સ્ત્રી જે બહુ ખૂબસૂરત અને ચાલાક હતી તેની સત્તા વધી પડી. એ બીબી મરનાર શાહજાદા ખાનજહાનની મા અને મોમીન-ખાન દેહલમી જે ઈ. સ. ૧૭૨૮માં ગુજરાતનો દિવાન હતો તેની પૌત્રી હતી. એણે ઘણો જુલમ ગુજાર્યો હતો.

ઈ. સ. ૧૮૮૨માં ઑક્ટોબર મહિનામાં મુફતા-ખીરખાને પોતાના બનેવી નજામખાન કે જેને ઈ. સ. ૧૭૪૮માં પોતે મારી નાખ્યો હતો. તેના બેટા મહમદ કુલીખાનને દત્તક લીધો. આ મહમદ-કુલીખાન એ મુફતાખીરખાનના બાપ મીરઝાં જાફર ઉર્ફે મોમીનખાન પહેલાની હરમની બેટી નૂરજહાન અથવા ખાનમ બેગમનો બેટો થાય.

ઈ. સ. ૧૭૮૩ના જાનેવારી માસની ૨૨મી તારીખે ૩૫ વર્ષ રાજ્ય કરી ગુજરી ગયા. એમણે

લાંબો વખત રાજ્ય કર્યું પણ પ્રજા સુખી ન થઈ. ખંભાત પડી ભાંગ્યું. કરવેરાના ભારથી પ્રજા ત્રાસી ગઈ. ખંભાત જેવા નાના સંસ્થાનના રાજા હોવા છતાં આખા ગુજરાતના તે સમયના રાજ્યપ્રકરણમાં ભાગ લેવો તે કંઈ નાનીસૂની વાત નથી. મરાઠા, પેશ્વા, અંગ્રેજ બધાની વચમાં તેમને પોતાનું સત્ય જાળવવા પ્રયત્ન કરવો પડ્યો.

જેમ્સ ફોર્બસસાહેબ લખે છે[૯] — કે મુફતાખીરખાનની ઉંમર આશરે પચાસ વર્ષની હતી, તેઓ હૃદયના ઉદાર હતા, તેમનો વિવેક હિંદુસ્તાનમાં જાણીતો હતો.

### જેમ્સ ફોર્બસે કરેલું ખંભાતનું વર્ણન[૧૦]
### ઈ. સ. ૧૭૭૫–૧૭૮૦

જેમ્સ ફોર્બસ નામે એક અંગ્રેજ સુરતથી ખંભાત આવેલો. અને તેણે ખંભાત વિશે કેટલીક હકીકત લખી છે. વળી તેણે ખંભાતના અખાતને લગતું તથા મોમીનખાન બીજાનું ચિત્ર દોર્યું છે. તે લખે છે કે ખંભાતના અખાતમાં મોટા વહાણમાંથી નાના હોડકામાં બેસી ખંભાત આવવું પડે છે. પાણીમાં રંગબેરંગી માછલીઓ માલમ પડે છે. રાઘોબા અને અંગ્રેજો ખંભાતથી દોઢ માઈલ છેટે હોડીમાંથી ઊતર્યા અને તંબુઓમાં રહ્યા. નવાબે રાઘોબાને માન આપ્યું.

ચાંદીસોનાના સિક્કાની ભેટ આપી. તથા બે અરબી ઘોડા, એક હાથી, કિનખાબ, શાલ, મલમલ વગેરે આપ્યું. તેમ રાઘોબાએ આવેલા માણસોને પાનગુલાબ અને અત્તર આપ્યાં. એ પછી બધી છાવણી નારેશ્વર તળાવ ઉપર આવી. નવાબસાહેબ તરફથી મોગલાઈ પ્રમાણે ખાવાના ૫૦ થાળા આવતા. ફોર્બસના વર્ણન ઉપરથી જણાય છે કે રાઘોબા દિલકુશબાગમાંના મકાનમાં ઊતર્યો હોય એવું લાગે છે.

વળી ફોબર્સ લખે છે કે પૂર્વદેશોના ઇતિહાસમાં એક વખતનું પ્રસિદ્ધ ખંભાત હાલ બદલાઈ ગયું. એની સુંદરતા ગરીબાઈ સાથે મળી ગઈ અને ઘણા ભાગ હવડ થઈ ગયા. રસ્તા ઉજ્જડ દેખાય છે. મસ્જિદો અને મહેલો પડી જાય તેવાં દેખાય છે; પોળો પણ ઉજ્જડ દેખાય છે. જુમ્મા મસ્જિદ અને રાજમહેલ સિવાય જોવાલાયક મકાન બીજું દેખાતું નથી. વળી લડાઈઓને લીધે નાણાંભીડ પડવાથી પ્રજાને કરવેરાથી નુકસાન થયું. જેથી કેટલાક તો બીજે રહેવા ચાલ્યા ગયા.

તે વખતના નાયબ વજીર મીરઝાં મુહમ્મદઝમાને પોતાના મહેલની અગાસીમાં રાજવંશી રીત પ્રમાણે ખાણું આપેલું. નાચગાન થયેલાં, ખારી, બદામ, પિસ્તાં વહેંચેલાં.

આ વખતે ખંભાત પાસે રાની પશુઓ આવતાં. નવાબને શિકારનો શોખ હતો. ખંભાતથી બારેક માઈલ છેટે સાબરમતીને કિનારે એક વખત એક અંગ્રેજ ટોળીએ સિંહનો શિકાર કરેલો.

### નવાબ મહંમદ કુલીખાન
### ઈ. સ. ૧૭૮૩ – ૧૭૮૯

ગાદીએ બેસવું.

મુફતાખીરખાનના મરણ પછી તેમણે દત્તક લીધેલો છોકરો મહંમદ કુલીખાન તખ્તનશીન થયો.[૧૧]

---

૯. ફોર્બસ ઓરીએન્ટલ મેમોર્સ–પૃ. ૩૨૪, ૨૫

૧૦. ખંભાતના ઇતિહાસમાં પૃ. ૮૧ (ર. ભી. જોટે)

૧૧. નૂરજહાનને બીજો નહોતો; પોતાના ધણી નિઝામખાનને એક બીજી ઓરતથી બેટો થયો. અને મુફતાખીરખાનને એક બીજી ઓરતના પેટથી જોગનીખાનમ નામે બેટી થઈ. એને મહંમદ કુલીખાન સાથે પરણાવી દીધી. તેથી એક તરફથી મહંમદ કુલીખાન જમાઈ થતા હતા. (જુ. મં. ખં. ઈ. ૫.)

ગાદી ઉપર આવતાં તેમના સામે વાંધો લેનાર કોઈ ન હતું. પરંતુ મીરઝાં જાની નામે મુફતાખીરખાનની લોંડીના પેટનો એક બેટો હતો, તેણે વાંધો લીધો અને શહેરમાં પોતાના નામની દુવાઈ ફેરવી. પણ ના. મહંમદ કુલીખાને તેને કાઢી મૂક્યો અને પોતે સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યા.

તાપીદાસ :

વડોદરામાં તાપીદાસ કરીને એક વાણિયો રહેતો હતો. તેણે રાજ્યનો કંઈ ગુનો કર્યો; તેથી ત્યાંથી નાસીને તે ખંભાત આવ્યો. આ વાતની ગાયકવાડને ખબર પડતાં તેને પાછો માગ્યો; તે તેમણે ન આપ્યો. અને તેને નસાડવામાં કંઈક નવાબસાહેબે મદદ કરી છે એવો તેમના ઉપર ભાર મૂક્યો; અને ફત્તેહસિંહ ગાયકવાડ ખંભાત ઉપર ચઢી આવ્યો. તેણે ન. મહંમદ કુલીખાન પાસેથી પંદર હજાર રૂપિયા લીધા.

મરણ :

ના. નવાબ મહંમદ કુલીખાનસાહેબ છ વર્ષ રાજ્ય કરી ઈ. સ. ૧૭૮૯ તા. ૭–૨ તા. ૨૨ જુમાદીલ અવ્વલ ૧૨૦૪ હિજરી અને સંવત ૧૮૪૬ના મહા વદી ૯, રવિવારને દિવસે મરણ પામ્યા.

## નવાબશ્રી ફત્તેહઅલીખાન મોમીનખાન ઈ. સ. ૧૭૮૯ થી ઈ. સ. ૧૮૨૩

ગાદીએ બેસવું :

ન. મહંમદ કુલીખાનને ત્રણ દીકરા હતા. ફત્તેહઅલીખાન, બંદેઅલીખાન અને યાવરઅલીખાન. તેમાં ફત્તેહઅલીખાન રાજ્ય-ગાદી પર બેઠા. બુઝર્ગખાનમ સાહેબા નામે દીકરી હતી. તેમનું લગ્ન મીરઝાં બાકર નજમેશાનીને તહેરાનથી બોલાવીને કર્યું હતું.

માનાજીરાવ ગાયકવાડની છ ગામો માટે માગણી :

આ સમયે વડોદરાનો કારભાર સયાજીરાવ ગાયકવાડે પોતાના ભાઈ માનાજીરાવ ગાયકવાડને સોંપ્યો હતો. તેમણે ઈ. સ. ૧૭૭૯માં કાઠી જાતના લૂંટારાઓના બંદોબસ્ત કરવાના કામ માટે જે ગામો ગાયકવાડે ખંભાતને આપેલાં તે પાછાં માગ્યાં; ન. શ્રી ફત્તેહઅલીખાને તે આપવાની ના પાડી. તેમાં એવું ઠર્યું કે તે ગામો ખંભાતના તાબામાં રહે, અને તેમણે ગાયકવાડને દર વર્ષે દસ હજાર રૂપિયા આપવા. અને કાઠી લૂંટારાઓને પૂર્વ તરફથી આવતા અટકાવવા.

દિલ્હીના બાદશાહ – શાહઆલમ બીજા – તરફથી મળેલો ખિતાબ.

ન. ફત્તેહઅલીખાને દિલ્હીના બાદશાહ શાહઆલમને કીમતી નજરાણો મોકલ્યો, તે પરથી બાદશાહે તેમને 'નિઝામ ઉદ્દૌલા મુમતાઝુલમુલ્ક મોમીનખાન બહાદુર દિલાવર જંગ'નો ખંભાત તથા 'ખંભાતના નવાબ'ની પદવી મળી તથા પોતાના દરબારના છ હજાર ઉમરાવોમાંના એક ઉમરાવ બનાવ્યા.

## ગાયકવાડને ગામ પાછાં આપ્યાં

મરાઠાઓની મહેસૂલની માગણી વારંવાર થતી અને તેથી ચડાઈ કરતા, તેથી પ્રજા હેરાન થતી. આથી[૧૨] કણઝટ, કાણીસા, સાઠ, ભીનભીના, જીફર અને ગોરાર એ છ ગામ તેમને પાછાં આપી દીધાં ઈ. સ. ૧૭૯૨.

## પેશ્વા સરદાર આત્મારામ ભાઉ ખંભાત ઉપર ઈ. સ. ૧૭૯૯

બાજીરાવ બીજા ૧૭૯૬–૧૮૧૮ના સરદાર આત્મારામ ભાઉ ખંભાત ઉપર ચઢી આવ્યો. અને ત્રીસ હજાર રૂપિયા ખંડણીના લીધા.

## બાબાજી આપાજી ખંડણી લેવા ખંભાત આવ્યા. ઈ. સ. ૧૮૦૦

ગાયકવાડનો દિવાન બાબાજી આપાજી કાઠિયાવાડની ખંડણી ઉઘરાવવા જતાં ખંભાત ઉપર

---

૧૨. જુગલરામકૃત ખં. ઈ.

ચડાઈ કરી; ખંભાતને ઘેરો ઘાલ્યો, અને ગાયકવાડની ખંડણી બાકી છે એમ કહી પચાસ હજાર રૂપિયા લીધા.

આ અરસામાં ખંભાતની ઉપજમાં ઘણો જ ઘટાડો થયો હતો. વેપારઉદ્યોગ બંધ પડી ગયો હતો; અને લોકોને દ્રવ્યાદિની ઘણી જ પીડા ભોગવવી પડતી. સને ૧૭૯૭ના ઑગસ્ટની ૨૧મી તારીખે આવેલો એક મુસાફર લખે છે કે 'ખંભાત તો એટલું ભાંગી પડયું હતું કે ત્યાં અંગ્રેજોની કોઠી માત્ર નામની હતી.'[૧૩]

મુંબઈના ગવર્નર ડંકન અને ગાયકવાડના દિવાન રાવજી આપાજી સાથે ખંભાતમાં મસલત – ઈ. સ. ૧૮૦૨

મુંબઈના ગવર્નર અને ગાયકવાડના દિવાન રાવજી આપાજી સાથે મસલત કરવા માંડી. અને ઈ. સ. ૧૮૦૨ના ડિસેમ્બરની ૩૧મી તારીખે અંગ્રેજોએ પેશ્વા સાથે વસાઈની સંધિ કરી. આ તહનામાથી પેશ્વાએ ખંભાતના સઘળા હક અંગ્રેજોને આપી દીધા.

અંગ્રેજોએ ઈ. સ. ૧૮૧૮માં છેલ્લા બાજીરાવ પેશ્વા પાસેથી પૂના લીધું; તે વખતે મરાઠી રાજ્યરૂપી મોટી ઈમારતનો સદાને માટે અંત આવ્યો. અંગ્રેજોએ પેશ્વાની આણ માનતાં દરેક સંસ્થાનોનો કબજો લીધો. અને પેશ્વાના દરેક જાગીરદારો પાસેથી ચોથ લેવાનો હક પણ પ્રાપ્ત કર્યો.

આ વખતથી ખંભાતમાં જુદો રેસિડેન્ટ મૂકવાની પદ્ધતિ બંધ રહી અને ખંભાતને ખેડાના કલેકટરની દેખરેખ નીચે મૂકવામાં આવ્યું. ખેડાના કલેકટરને આ વખતથી ખંભાતનો પોલિટિકલ એજંટ કહેવામાં આવતો, ઈ. સ. ૧૮૧૮.

મરણ :

સને ૧૮૨૩ના ઑકટોબર માસની ૨૮મી તારીખે નવાબ ફત્તેહઅલીખાન મરણ પામ્યા.

## નવાબ બંદેઅલીખાનસાહેબ
## ઈ. સ. ૧૮૨૩ – ઈ. સ. ૧૮૪૧

ન. ફત્તેહઅલીખાન અપુત્ર મરણ પામવાથી તેમના પછી તેમના ભાઈ બંદેઅલીખાન મોમીનખાન ચોથા એવો ખિતાબ ધારણ કરી તખ્તનશીન થયા. તેમના સમયમાં કાંઈ ખાસ બનાવ બન્યો નથી. તેઓ ૧૮ વર્ષ રાજ્ય ભોગવી ઈ. સ. ૧૮૪૧ના માર્ચની ૧૫મીએ મરણ પામ્યા. તેમના પછી તેમના ભાઈ યાવરઅલીખાનને ગાદી મળી. પરંતુ તેમને યુવાન પુત્ર હોવાથી પોતે ગાદી ઉપર ન બેસતાં પોતાના પુત્ર હુસેન યાવરખાનને ગાદી ઉપર બેસાડયા.

## નવાબ શ્રી હુસેનયાવરખાનસાહેબ.
## ઈ. સ. ૧૮૪૧ થી ઈ. સ. ૧૮૮૦

મર્હુમ નવાબ બંદેઅલીખાન પછી નવાબ શ્રી હુસેન યાવરખાન તખ્તનશીન થયા માર્ચ ૧૮૪૧.

રાજકુટુમ્બ પરિવાર :

૧. ના. હુસેન યાવરખાનસાહેબનું પ્રથમ લગ્ન મર્હુમ નવાબ બંદેઅલીખાનની બેટી નજુમનીશાખાનમ સાહેબા સાથે તા. ૮મી જીકર સને ૧૨૨૬ હિજરીના રોજ થયું હતું. એમનાથી એક દીકરી થઈ જે મરી ગઈ હતી.

૨. બીજું લગ્ન આગાગફ્ફારની દીકરી કે જેઓ મચ્છલીપટ્ટણના નવાબસાહેબની ભાણેજ

---

૧૩. જુગલરામ કૃત પે. ઈ. પૃ.માં જણાવે છે કે 'પૂર્વ હિન્દુસ્તાનના કાગળો' ઈ. સ. ૧૭૮૫–૧૮૦૦ — પૃ. ૩૧૬.

થાય, જેનું નામ બહુબેગમસાહેબા હતું; તેમની સાથે ૧૭મી શાબાન, સને ૧૨૬૫ હિજરીના રોજ થયું. (ઈ. સ. ૧૮૪૯). આ બેગમસાહેબાને મીરઝાં જાફરઅલીખાન, સા. મીરઝાં નજુમખાન, સા. મીરઝાં મહમદખાન, સા. મીરઝાં નુરૂદ્દીન મહમદખાન, સા. મીરઝાં અલીયાવરખાન સાહેબ એ ચાર દીકરા અને બીબી લાડલી ખાનમસાહેબા નામે દીકરી થયાં. અલીયાવરખાનસાહેબ નાની વયમાં ગુજરી ગયા.

૩. ત્રીજું લગ્ન મીરઝાં મહમદ સાદીકઅલીખાન સાહેબ ખુરાસાનીની દીકરી સાથે કર્યું.

૪. ચોથું લગ્ન મીરઝાં મહમદહુસેન સા. શીરાઝીની દીકરી સાથે કર્યું. આ બીબીને પેટે એક દીકરી છે. જેમનું નામ ફાતમા સુલતાનખાનમ સાહેબા છે અને તેમના દીકરા ફત્તેહઅલીખાન હતા. તેનો જન્મ ૧૧મી નવેમ્બર ઈ. સ. ૧૮૪૭માં થયો હતો અને મરણ ઈ. સ. ૧૮૭૪માં થયું હતું. તેમનું લગ્ન એક ઈરાની મોગલ આગારજાખાનની દીકરી સાથે કરેલું. તેમને કંઈ ફરજંદ ન હતું.

નેકા કરીને આણેલી બીબીઓને મીરઝાં ફત્તેહઅલીખાન, મીરઝાં ખુદાદાદખાન અને મીરઝાં બાકરખાન નામના દીકરા થયા અને હરમોથી તેમને બે દીકરીઓ હતી: બુઝર્ગખાનમસાહેબા અને બદીઉલ જમાલખાનમસાહેબા.

દરબારના મુખ્ય માણસો :

૧. દિવાન તરીકે – ભગવાનદાસ હતા; તે મરણ પામ્યા પછી તેમનો દીકરો બાપુજી પોતાના બાપની માફક દિવાનગીરીનું નામ ધરાવતા હતા. દિવાનને રોકડો પગાર ન હતો, પણ અમુક નફો મળતો. ભગવાનદાસના ગુજરી ગયા પછી તે નફો તેમના છોકરાને મળતો હતો. બાપુજીને રાજ્યના કામકાજમાં કંઈ માથું મારવાનું ન હતું. પણ રાણીઓને ઉપજ માટે આપેલાં ગામોની તે સંભાળ લેતા. આથી એમ સમજાય છે કે દિવાનપદે વંશપરંપરા આવતા હશે.

૨. ખાનગી માણસ તરીકે – પ્રાણલાલ સારાભાઈ તે નવાબસાહેબનું ખાનગી કામ કરતા. તે નાગર બ્રાહ્મણ હતા.

૩. દિવાની કામ કરનાર – સૈયદ મહંમદ કાજમમીયાં સા. દિવાની કામ કરતા; પરંતુ તે ગુજરી ગયા પછી તેમના દીકરા હસનઅલી કરતા હતા.

૪. રેવન્યુ વહીવટ કરનાર – લાખાજી કરતા હતા. તેમના વખતમાં ખંભાતના આદરજ અને ખેડા જિલ્લાના માતર તાલુકાના મોરજ ગામના સીમાડાની તકરાર પડી તે તેનાથી પતી નહિ, અને ઊલટું તોફાન થયું. બંને તરફનાં માણસો મરાયાં. તજવીજ થયા પછી તે કસૂર બદલ તેને દૂર કર્યો, ને તે કામ બીજાને સોંપ્યું હતું. તેઓ ભાવનગરના રજપૂત હતા.

## અધિકારીઓ તથા સંબંધીઓ

રાજકુટુંબના અને સગાંવહાલાંઓને સારી જગાઓ આપી હતી. તેમાં મુખ્ય અધિકારીઓ આ પ્રમાણે હતા :

૧. જ. સૈયદ હસનઅલીનું નામ ઉપર જણાવી ગયા છીએ. તેઓ અદાલતના મુખ્ય ન્યાયકર્તા હતા. આ માણસના બાપ જ. સૈયદ કાજમમીયાં પાસે નવાબસાહેબ ફારસી શીખ્યા હતા. તેથી તેમને વિદ્વાન તરીકે ગણી અદાલતનું કામ સોંપ્યું હતું; પરંતુ તે ગુજરી ગયા પછી તે કામ તેમના દીકરાને સોંપ્યું.

૨. જ. મીર નીઝાબતઅલી તે મુનશી ખાતાનું કામ કરતા. મુનશી ખાતામાં ઘણું કરીને અંગ્રેજ

સરકાર તરફથી તથા બીજે ઠેકાણેથી આવેલા પત્ર-વ્યવહારનું કામ કરવામાં આવતું. અને તે નવાબ-સાહેબની દેખરેખ નીચે તે કામ ફારસી ભાષામાં થતુ.

૩. જ. બાદશાહમીયાં નામના એક અગ્રગણ્ય પુરુષ હતા, તેમની સગી બેન નબાબબેગમ સાથે નવાબસાહેબે શાદી કરેલી હોવાથી ફોજદારીનું કામ તે કરતા હતા.

૪. જ. સૈયદમીયાં ફકરૂદીન તે અદાલતવાળા જ. હસનઅલીના બનેવી થાય. તે હોશિયાર હોવાથી અદાલતના કામમાં મદદ કરતા.

૫. જ. મીર ગુલામ અબ્બાસ સા. પરગણાના દારોગા કહેવાતા હતા.

૬. જ. આગા રઝાખાન તે હુસેન યાવરખાનના મર્હુમ દીકરા ફત્તેહઅલીખાનના સસરા થાય તે પ્રથમ પરગણાના દારોગા હતા. પછી દિવાની કામ તથા ફોજદારી કામ કરતા.

૭. સૈયદ અબ્બાસ તે રાહદારીના દારોગા હતા. અને જ. મીરઝાંમેદી કુરજાના દારોગા હતા. મોલવી-સાહેબના તાબામા તો શાખાનું એટલે હજૂરની તિજોરી રહેતી. મછલીપટ્ટણના રહેનાર નવાબ બીજી બેગમ બહુબેગમસાહેબના મામા થાય અને મોલવીની દીકરી બહુબેગમસાહેબના દીકરા જ. જાફરઅલીખાન સાથે શાદી કરેલી.

### રાજવહીવટ
### પંચ નીમે છે

ના. નવાબસાહેબ પંચ નીમે તેમાં ખંભાતના નગરશેઠ; બ્રાહ્મણ-વર્ગમાંથી; વાણિયામાંથી તથા શેઠશાહુકાર તથા વહાણવટીઓ કે જે દેશાવર સાથે કાપડ, અકીક વગેરેનો વેપાર કરતા હોય; એવા પાંચ માણસને બોલાવે. તેઓ ઘણા ફેંસલા કરે, જ્યારે ખાસ કોઈ તકરારી મુકદ્દમો હોય ત્યારે શહેરમાંથી બીજા ખાસ આબરૂદાર અને જાણીતા શાહુકારને બોલાવી ન્યાય કરાવતા.

લહેણા-દહેણાનો નિકાલ :

છેલ્લી રકમથી તે છ વરસ સુધીમાં મુદ્દલ અને વ્યાજ સુદ્ધાં અપાવતા. બાર વરસ ઉપરાંતના ને ૨૦ વરસ સુધીની મુદ્દલની અર્ધી રકમ અપાવતા. ત્રીસ ઉપર ઉપરાંતનું લહેણું-દેવું અપાવતા નહિ.

દરેક અરજી અથવા દાવાનો નિકાલ થાય ને હુકમનામું બજાવી વસૂલ કરે ત્યારે દર સેંકડે રૂ. ૫] લવાજમફીના લેવા ઠરાવેલા. તેમાંથી રૂ. ૩] સરકારી ઉપજમાં દાખલ થાય અને રૂ. ૧] દરોગાનો અથવા અદાલતના મુક્ષ અધિકારીને હક દાખલ. અને રૂ. ૧] કારકુન અને સિપાઈ વગેરેને હક રીતે.

### જૂની અદાલત

જૂનું ન્યાયખાતું : જલીપોળથી આગળ જતાં 'જૂની અદાલત' નામે ઓળખાતું એક મકાન આવે છે. ન્યાયકર્તા પોતાને ઘેર જ કચેરી રાખતા. સાદા કાગળ ઉપર અરજીઓ લખાતી. દરેક અરજી દીઠ એક આનો અરજીફી લેવાતી હતી. તે અદાલત ખાતે જમા થતી. અરજી ઉપર નંબર નાખવામાં આવતો. અદાલતના જુદા ચોપડા રાખ-વામાં આવતા. તેનું વર્ષ મહોરમથી શરૂ થતું. માસિક મેળ રાખવામાં આવતો.

પહેલા જ. હાજી અબ્બાસસાહેબ ત્યાર પછી જ. મોહંમદ કાઝીમસાહેબ અને ત્યાર પછી જ. હસનઅલીસાહેબે ન્યાય કરવાનું કામ કર્યું; અને ત્યાર પછી તે સરકારમાં ગયું; અને પહેલા મૅજિસ્ટ્રેટ જ. કાજી મોહંમદ હુસેન મોહંમદઅલી સા. થયા. જ. મોહંમદ કાઝીમસાહેબને ના. નવાબસાહેબ તરફથી હિ. સ. ૧૨૬૩ તા. ૨૭ રજ્જબને દિવસે કામ સોંપ્યું તે હિ. સ. ૧૨૯૩ તા. ૧૯મી રજ્જબ સુધી કામ રહ્યું. તેઓશ્રી (૧) ના. નવાબસાહેબને ચંદ્રદર્શનના ખબર આપતા. (૨) લેણાદેણાનો નિકાલ કરતા. (૩) ફોજદારી

ગુનાના ફેંસલા કરતા. (૪) નીકાતલાકીની ચિઠ્ઠીઓ કરતા. તેઓશ્રી બહુ બુદ્ધિશાળી અને વિચારવંત હતા. તેમના વખતમાં ભંડરેજ તાબે પેટલાદ અને નગરા તાબે ખંભાત એ બંનેના સીમાડાની તકરાર ગાયકવાડના અમલદારો સાથે પડી. તેનો તથા ભંડરેજ અને મોભા તથા માલુ અને હરિયાણ તથા કણઝટ અને હરિયાણ તથા સાઠ આ સીમાડાની તકરારો થઈ હતી. તે સર્વનો તેમણે બીજાં રાજ્યો સાથે મળીને વગર લડાઈએ સારો નિકાલ કર્યો. આ બનાવ વિ. સં. ૧૯૧૦ના ફાગણ સુદ ૧૧ને શુક્રવારે બન્યો.[૧૪]

ખંભાતના નગરશેઠ

ખંભાતના નગરશેઠનો માનવંતો હોદ્દો જૈન કોમ દીપાવે છે. સને ૧૮૭૨માં શ્રી શેઠ માણેકચંદ લખમીચંદ નગરશેઠ હતા. તેઓ માણેકચોક નજીક હવેલીમાં રહેતા. તેમની સત્તા શહેરના તમામ વાણિયા–માજન ઉપર તથા જુદાં જુદાં પંચો ઉપર હતી. તેમને કાંઈક હરકત આવે તો તે નગરશેઠને ત્યાં ફરિયાદ જાય અને નગરશેઠ તે હકીકત નવાબસાહેબને પહોંચાડી તેનો નિકાલ કરાવે.

આ નગરશેઠની ઈજ્જત તેમના મોભા મુજબ નવાબસાહેબ રાખતા. દીવાની કામની અદાલતમાં ગૂંચવાયેલા મુકદ્દમામાં બોલાવતા અને મુખ્ય માણસની જગાએ બેસાડતા. વળી પાંજરાપોળ ઉપર તે દેખરેખ રાખતા.

શ્રી જદુભાઈ દામોદર – નામનો લાડવણિક; એક મોટો ધનાઢ્ય અને બુદ્ધિશાળી ઈ. સ. ૧૮૭૭માં થઈ ગયો. તેઓના ના. નવાબસાહેબને અતિશય વિશ્વાસ હોવાથી ન્યાયના પંચમાં તેમને પણ બોલાવતા.

---

૧૪. આ સઘળી હકીકત હસનપરાના ઈનામદાર જ. ગુલામઅબ્બાસસાહેબ પાસેથી મળી છે તે બદલ તેમનો આભાર માનું છું.

તોપખાનું :

ના. નવાબસાહેબ તરફથી એક તોપખાનું રાખવામાં આવતું. તેમાં સને ૧૮૭૫માં પાંચ તોપ હતી. તે છૂટી હતી. અંગ્રેજી રાજ્ય પહેલાં શહેરના દરવાજા – બુરજ ઉપર શહેર સાચવવા માટે તોપો રાખવામાં આવતી. દિવસે દિવસે તેનો ઉપયોગ ઓછો થવાથી તે તોપોય નકામી થઈ અને હવે તો દરવાજા અને બુરજ પાડી નાખવાથી તે બધું ખલાસ થઈ ગયું. રમઝાન ઈદ તથા બકરી ઈદને દિવસે ગામના ખેડૂતોને ત્યાંથી બળદો મંગાવી તે તોપોને જોડે; અને ઈદગાએ ખુતબો ભણ્યા પછી તેને ફોડતા. સુએબરાતને દિવસે પણ પાંચ તોપ ફોડે. અને બપોરે બાર વાગે રોજ દરિયા ઉપર તોપનો અવાજ કરે, કે જેથી શહેરમાં કામે ગયેલા કારીગરો કામ પરથી છૂટે. આ કામમાં રજપૂતો, મુસલમાનો વગેરે થઈ લગભગ ૩૦ માણસો કામ કરતા.

ગારદીખાનું :

આ તોપખાના સાથે ગારદીખાનાના માણસો રહેતા. કમરે છરો ખોસી તે ચાલે. એક પડઘમ, જહાંઝ વગાડનાર આગળ ચાલે. આ લોકોને ડ્રેસ સફેદ સુરવાલ, અંગરખો, પાઘડી તથા કમરબંધ બાંધે તે બંદૂક ફોડે.

આ ગારદીખાનું તે તોપખાના સાથે રહે.

હાથીખાનું, ઊંટ, ઘોડા વગેરે રાખવામાં આવતું. હાથી ઉપર સવારીમાં નિશાન રાખવામાં આવતું અને કોઈ શાદીના સરઘસ વખતે અંબાડી મૂકવામાં આવતી. મોગલના નોકરો દરવાજા ઉપર રહેતા; તે દરવાજાઓની ચોકી ભરતા. તથા આરબો પણ રાખતા. લગભગ ૮૦૦ માણસો થતા. ખાનગી ચોકીપહેરા રાખતા. તથા શહેર સાચવવા લગભગ ૧૫૦ પોલીસો રાખતા. પ્રગણાના જુદા ચાર ડંકા અને ચાર નિશાન રાખતા. તે સવારીમાં નીકળતા અને પ્રજાના કોઈ શુભ પ્રસંગે યોગ્ય દર લઈને તે સવારીરૂપે આપતા.

મોમીનખાન હુસેનયાવરખાનના સમયમાં લેવાતા વેરા. ઈ. સ. ૧૮૪૧થી ૧૮૮૦

૧. કાઠીપાલવેરો : પરગણાનાં ગામોમાં ઘર દીઠ દસ આના લેવાતા હતા. આ વેરો લેવાનું કારણ એ હતું કે અંગ્રેજ અમલ પહેલાં કાઠિયાવાડના લૂંટારુ કાઠી લોક ખંભાત પરગણામાં ધાડ તથા દરોડા પાડી રૈયતનો માલ લૂંટી લેતા તથા ઢોર વગેરે હાંકી જતા. તેના બંદોબસ્ત માટે સાબરમતી નદીને કાંઠે નવાબના રાજ્ય તરફથી થાણાં રાખેલાં હતાં.

૨. ઢોરચરાઈ વેરો : સરકારી પડતર જમીનમાં ગામના લોકો ઢોર ચરાવતા તથા ભરવાડો પોતાનાં ઢોર ચરાવતા. તે લોકો પાસેથી ચોમાસું પૂરું થતાં ઢોરની ગણતરી કરી તેના માલિક પાસેથી વેરો લેવામાં આવતો.

(૧) ભેંસ તથા મોટી પાડીના આઠ આનાથી એક રૂપિયો.

(૨) ગાય, બળદ, વાછરડાંના આઠ આના.

(૩) ઊંટનો ૧નો એક રૂપિયો (૪) બકરાં-ઘેટાના ૪ આના અને બે બળદની જોડનો રૂ. ૧] લેવાતો.

૩. કસબવેરો અથવા પાણીપીધાવેરો :

આ નામથી પરગણાનાં ગામોમાં ખેતી કરનારા સિવાય બીજા લોક પાસેથી વેરો લેવામાં આવતો.

(૧) ઘાંચી – વહોરા પાસેથી — ઘાણી દીઠ રૂ. ૨ થી ૫ સુધી.

(૨) પીંજારા પાસેથી — દર પીંજણ દીઠ રૂ. ૧ લેવાતો.

(૩) મોચી — પુખ્ત ઉમ્મરના મરદ દીઠ રૂ. ૨ લેવાતા.

(૪) નેસ્તી — વાણિયા રૂ. ૩ દુકાન દીઠ.

(૫) લવાર — દર ધમણ દીઠ રૂ. ૨થી ૫ સુધી.

(૬) સુથાર — દર વાંસલે રૂ. ૩ સુધી.

(૭) કુંભાર — દર ચાકે રૂ. ૩ સુધી.

(૮) દરજી — દરેક પુખ્ત ઉમરના મરદ દીઠ રૂ. ૩.

(૯) સોની — દર દુકાને રૂ. ૩થી ૧૩.

(૧૦) પોતવેરો — ચામડિયા લોક ગામનાં ઢોર મરી જાય તેનાં ચામડાં ઉકેલી ભેગાં કરી વેપાર કરે; તેથી જેવું ગામ તે પ્રમાણે રૂ. ૧૦થી ૨૫૦ ઉચક રકમ લેતા.

(૧૧) ઢેડ — લૂગડાં વણે તે ઘર દીઠ રૂ. ૫. આ વેરાની રકમમાં ફેરફાર થતો.

વેઠ — સરકારી કામમાં સુથાર, કડિયા, છોવારા, માછી વગેરે લોકોને માસુલના ચાલ મુજબ વેઠવહીવટ ચાલતો હતો.

## કરવેરા

ખંભાત સ્ટેટનાં ગામોમાં સને ૧૮૯૩–૯૪થી ૧૯૦૭–૮ સુધી સરવે સેટલમેન્ટ કરવામાં આવી તે વખત સુધી જે વેરા લેવામાં આવતા હતા તે નીચે પ્રમાણેના હતા; તે ત્યારથી બંધ કરવામાં આવ્યા.

૧ આની, ૨ અજાફો, ૩ અબાબ, ૪ લાકડાનો ફાળો, ૫ કોટવીરો, ૬ કસુબી સુખડી, ૭ વેરો તથા બેઠેલી, ૮ તમાકુના દોકડા, ૯ કણગરી, ૧૦ ઘઉંનો વેરો, ૧૧ ઘાસ દાણો, ૧૨ ચોકી તથા રખા, ૧૩ લખાઈના, ૧૪ ખરચના, ૧૫ શિરબંધી, ૧૬ ફાલો, ૧૭ ચોરા–ખરચ, ૧૮ ખરચના, ૧૯ મહેતા તથા હવાલદાર, ૨૦ રવીની ઉપજ, ૨૧ બાજરીના કોહાની, ૨૨ ખોટ માથાવેરો બંધ થયો (તા. ૬–૧૧–૧૧). આ વેરો ખેડૂતો પાસેથી લેવાતો હતો.

### ધીરધાર

**કોઈ મારવાડી શાહુકારો નથી :** નવાબ-સાહેબના સમયમાં કોઈ મારવાડી શાહુકારો ન હતા; ખંભાતના રહેવાસીઓ વાણિયા, બ્રાહ્મણ, જૈન અને પટેલો જેઓ મોટા ગળી, તમાકુ, અફીણ વગેરેનો વેપાર કરનારા ગણાય છે; અને ઘર આગળ વહાણ રાખી દરિયાકિનારાનાં બંદરોથી વેપાર ચલાવતા, તે લોકો પૈસાની ધીરધાર કરતા. આ લોકોની ખંભાતમાં દુકાનો તેમ જ દેશાવર ખાતે દુકાનો હતી.

નવાબસાહેબને નાણાંની જરૂર પડે તો?

ખંભાત શહેરના જ શેઠશાહુકારો પાસેથી ઉછીનાં નાણાં લેતા. અને તે થોડી મુદતમાં પાછાં આવવાનાં હોય તો વગર વ્યાજે શાહુકાર આપતા; અને જો વધારે મુદત રાખવાના હોય તો વ્યાજનો કોઈ નિયમ નહિ. પણ ૦–૧૨–૦ આનાથી વધારે તો ન લેતા. રૂપિયા પાછા આપતી વખતે નવાબ-સાહેબ તે શાહુકારને શરપાવ, ઇનામ આપતા. આથી કેટલીક વખત શાહુકાર વ્યાજ લેતા નહિ.

શાદી વગેરેના કારણસર નાણાંની જરૂર પડે તો શાહુકારને ત્યાંથી ઉછીના પૈસા મંગાવે; તો તે બદલ કોઈ ગામ વગેરેની ખાસ ઉપજમાંથી તેને ત્યાં ભરણું કરાવવામાં આવતું. તેના વ્યાજની રીત ઉપર પ્રમાણે હતી.

નવાબસાહેબની ઉપજ કોની પાસે રહેતી?

પરગણાની ઉપજ રોકડ ભાગ નવાબસાહેબના દરબારમાં પરગણાની કચેરી છે ત્યાં સિલકની પેટીમાં પરગણાની દરોગાના હસ્તકમાં રહેતી.

ખાનગી ગામો તથા કુરજાની, શીકષ્ટમ તથા ખુશકી લાન્ડકષ્ટમની જકાત તથા શહેરના વેરા વગેરેની ઉપજ એ વગેરે તમામ પરચૂરણ ઉપજ તોશાખાને તેના દરોગાના હવાલામાં એટલે કે નવાબસાહેબની ખાસ તિજોરીમાં રહેતી.

### ખરચ

સદરહુ ઉપજમાંથી ખોરાકી, પોશાકી તથા શિરબંદી વગેરેના પગાર વગેરે આપવાને જેમજેમ ઉપજ આવે તેમતેમ ચિઠ્ઠીઓ કરી આપવામાં આવે; તે ખરચ પૂરું થતાં કોઈ વખત કાંઈ બચે તો તે નવાબસાહેબના તોશાખાનામાં અને ખાસ તિજોરીમાં રહે છે.

### ખંભાત રાજ્યની ઉપજ

સને ૧૮૭૬ – નવાબ હુસેનયાવરખાન સઈજી સમયની ઉપજ

પરગણું કુલ ગામો — ૬૭ છે.

૧. બહારનાં ગામ ૩૦ છે. તેની જમીન કાળી છે. ૧૬૦૦૦૦ ને તેમાં ઘણું કરીને ઘઉં પાકે છે. તેનો અર્ધો ભાગ સરકારમાં આવે છે. તેની સુમારે ઉપજ એક લાખ સાઠ હજાર આવે છે.

૨. ચરોતરનાં ગામ ૩૭ છે. તેમાં ઘણું કરી અફીણ, તંબાકુ, ગળી, કપાસ, જાર, બાજરી, ડાંગર, તુવેર વગેરે પાકે છે. તેના વીઘોટી તરીકે રોકડા લેવાય છે.

| | |
|---|---|
| ૧. પરગણાનાં ગામોની ઉપજ રૂ. | ૯૦૦૦૦ |
| ૧. ખંભાત કસબાની ઉપજ રૂ. | ૨૫૦૦૦ |
| | ૧૧૫૦૦૦ |
| ૩. મીઠાની ઉપજ | ૮૦૦૦૦ |
| ૪. કુરજો, રાહદારી, લાંડકન્સડ એટલે ખુશકી અને તરી થઈ. | ૬૦૦૦૦ |
| ૫. પરચૂરણ ઉપજ | |
| ૧. કલાલ–ભઠ્ઠી, અફીણની ઉપજ | ૬૫૦૦ |
| ૨. નાતરાની ચિઠ્ઠીઓ | ૧૫૦ |
| ૩. ફોજદારી દંડ પ્રગણું અને શહેર | ૧૫૦૦૦ |
| ૪. અદાલતની ઉપજ – દિવાની અરજીની ફી તથા ખતોની નોંધણી તલાક વગેરેને | ૪૦૦૦ |
| | ૨૫૬૫૦ |

૬. મકાતની ઉપજ – જેની ઉપજ ૧૮૦૦૦ મકાન રૂ. ૧) એકના એક આના લેખે જિંદગીની જરૂરી જોઈતી હરેક ચીજો ઉપર લેવાય છે.

તપસીલ

| | |
|---|---|
| બારાંનાં ગામો | ૧૬૦૦૦૦ |
| ચરોતરનાં ગામો | ૧૧૫૦૦૦ |
| નીમકસાર | ૮૦૦૦૦ |
| કુરજો | ૬૦૦૦૦ |
| પરચૂરણ | ૨૫૬૫૦ |
| મકાત | ૧૮૦૦૦ |
| | ૪૫૮૬૫૦ |
| કુલ ઉપજ | ૪૫૮૬૫૦-૦ |
| ખંભાત સિક્કાના | ૫૭૩૩૧- ૪ |
| વટાવના જતાં ચલણી રૂ. | ૪૦૧૩૨૮-૧૨ |
| | રૂ. આ. |
| | ૪૦૧૩૨૮-૧૨ |

ના. મર્હુમ નવાબ સા. હુસેનયાવરખાન સાહેબના સમયના મુખ્ય માણસો
( ઈ. સ. ૧૮૪૧–ઈ. સ. ૧૮૮૦ )

આ ના. નવાબસાહેબના સમયમાં દરબારના મુખ્ય અગ્રગણ્ય ગણાતા માણસો આ પ્રમાણે હતા :

૧. શ્રી ભગવાનદાસ : દિવાન તરીકે હતા. તે મરણ પામ્યા પછી પણ તેમના દીકરા બાપુજી પોતાના બાપની માફક દિવાનગીરીનું કામ કરતા. આજે પણ દિવાનજીની પોળને નામે ઓળખાય છે.

૨. શ્રી પ્રાણલાલ સારાભાઈ : નવાબસાહેબના ખાસ ખાનગી મંત્રી તરીકે કામ કરતા.

૩. જ. સૈયદ મહંમદકાજમીયાં સા. દિવાની કામ કરતા. તે ગુજરી ગયા પછી તેમના દીકરા જ. હસનઅલી કામ કરતા. નવાબસાહેબ તેમને વિદ્વાન ગણી સારું માન આપતા.

૪. જ. ખેરાતઅલીખાન અને ગુલાલખાન તે નવાબ સા. પાસે રહેતા.

૫. શ્રી લાખાજી : રેવન્યુખાતાનો વહીવટ કરતા.

૬. જ. મીરનીઝાબતઅલી : મુનશીખાતાનું કામ કરતા. અંગ્રેજ સરકાર તરફથી આવેલા પત્રના જવાબ આપવા વગેરે કામ કરતા.

૭. જ. બાદશાહમીયાં : નવાબ સાહેબના સગા થતા. તેમને ફોજદારીનું કામ સોંપ્યું હતું.

૮. જ. સૈયદમીયાં ફકરૂદીન સા. અદાલતના કામમાં મદદ કરતા.

૯. જ. મીર ગુલામ અબ્બાસ સા. પરગણાના દારોગા કહેવાતા હતા.

૧૦. જ. આગારઝાખાન સા. તે પહેલાં તો પરગણાના દારોગા હતા પણ પાછળથી દિવાની કામ તથા ફોજદારી કામમાં મદદ કરતા.

૧૧. જ. સૈયદ અબ્બાસ સા. રાહદારીના દારોગા હતા.

૧૨. જ. મીરઝાં મેદી સા. કુરજાના દારોગા હતા. મોલવીસાહેબ. તોશાખાનું અને હજૂરની તિજોરી રહેતી.

ખંભાતના નવાબસાહેબોએ અંગ્રેજ સરકાર પ્રત્યે બતાવેલી વફાદારી

નવાબસાહેબનો બ્રિટિશ સરકાર સાથે બહુ જ વફાદારી રીતે સંબંધ સાચવેલો છે. છેક કંપની સરકારથી માંડીને ખંભાત રાજ્યનું મર્જર થયું ત્યાં સુધી એકસરખી રીતે વફાદાર રહ્યા છે. મહારાણી વિકટોરિયાએ કંપની સરકાર પાસેથી પોતાને હસ્તક હિંદની રાજસત્તા લીધી ત્યારે આ રાજ્યે કેવી રીતે પોતાની લાગણી બતાવી છે, તથા હરહમેશ કેવી રીતે બતાવતા તે નીચેના પ્રસંગોનું અવલોકન કરીએ.

શહેનશાહના જન્મદિવસ : સઘળી શાળાઓમાં મીઠાઈ વહેંચાતી અને રજા પાડવામાં આવતી. અને એ રીતે ત્યાર પછીના શહેનશાહો સાતમા એડવર્ડ અને શહેનશાહ પાચમા જ્યૉર્જના જન્મ-દિવસોએ તે પ્રમાણે કરવામાં આવતું.

આ દિવસોએ દરબાર ભરવામાં આવતો. સરદારો, શેઠશાહુકારો, અધિકારીઓને બોલાવવામાં આવતા, પ્રાર્થનાઓ થતી, હારતોરા થતા. પછી દરબાર વિસર્જન થતો.

લડાઈઓમાં જીતપ્રસંગે : દક્ષિણ આફ્રિકામાં સને ૧૯૦૦માં અગ્રેજ સરકારની જીત થઈ તેની ખુશાલીમાં, આ રાજ્ય તરફથી ખુશાલીના તાર મોકલવામાં આવ્યા હતા; શાળાઓમાં રજાઓ પાળવામાં આવી. અને ૩૧ તોપો છોડી હતી. (૭–૬–૧૯૦૦) પહેલા અને બીજા વિશ્વયુદ્ધ વખતે પણ જયઘોષણા કરવામાં આવી.

મરણપ્રસંગો : મહારાણીના બીજા કુંવર ડયુક ઓફ એડીનબરો મરણ પામ્યો ત્યારે કચેરીઓ અને શાળાઓ બંધ રાખવામાં આવી હતી. (૪–૮–૧૯૦૦); મહારાણીના મરણપ્રસંગે (૧૯૦૧); શહેનશાહ સાતમા એડવર્ડના મરણપ્રસંગે (૧૯૧૦); પાંચમા જ્યૉર્જના મરણપ્રસંગે એમ દરેક મરણ પ્રસંગે શોકસભાઓ ભરવામાં આવી હતી.

કૈસરેહિંદપદ ધારણ કર્યું ત્યારે :

સને ૧૮૭૭ના જાનેવારીની પહેલી તારીખે 'કૈસરેહિંદ' પદ મહારાણી વિકટોરિયાએ ધારણ કર્યું તે માંગલિક પ્રસંગ બહુ સારી રીતે ઉજવ્યો હતો. તેમ ત્યાર પછી ૨૦ વર્ષે તેમનો જ્યુબીલી મહોત્સવ ઉજવ્યો હતો. સને ૧૮૯૭માં મહારાણીની ડાયમંડ જ્યુબીલી ઘણા જ ભપકા સાથે પાળવામાં આવી હતી. તે પ્રસંગની ખુશાલીમાં "વિકટોરિયા ડાયમન્ડ જ્યુબિલી ફીમેલ હૉસ્પિતાલ" નામનું ઝનાના દવાખાનું ખુલ્લું મૂકવામાં આવ્યું.

રાજ્યાભિષેકપ્રસંગો : શહેનશાહ સાતમા એડવર્ડનો તથા શહેનશાહ પાંચમા જ્યૉર્જનો રાજ્યાભિષેક-સમય સારી રીતે રાજ્ય તરફથી ઉજવવામાં આવતો.

લડાઈમાં મદદ : સને ૧૯૧૮ના તથા સને ૧૯૩૮ના વિશ્વયુદ્ધોસમયે સારી રકમોની મદદ કરી પોતાની ફરજ બજાવી હતી.

જૂના નવાબસાહેબના વહીવટની ઝાંખી
(ઈ. સ. ૧૮૪૧ પહેલાં)

ખંભાતમાં જૂની અદાલતને નામે ઓળખાતું એક મકાન ત્રણ લીંમડી જતાં આવે છે. તેમાં થોડા કારકુન અને એક બુઢ્ઢો મુસલમાન સૈયદ મુખ્ય છે; તે મુકદ્દમા ચૂકવે છે. કોઈને અપીલ કરવી હોય તો તે નવાબસાહેબને કહે છે; પણ તે બાબતનો ઠરાવ કરવા કોઈને બોલાવવામાં આવે છે. મોંઢેથી કે કાગળ ઉપર તેમના બંનેના ઉત્તરો લેવાય છે. સાક્ષીઓ રદ કરે છે. પણ કોઈ તેના ઉપર સહી આપે નહિ.

દિવાની કામ ચલાવવાને કોઈ કાયદા ન હતા. અદાલતનો અધિકારી સ્વદેશી વકીલોની તકરારની વાત પૂછે છે અને પોતે તેનો ઈન્સાફ ચૂકવે છે. કોઈ વાર હિંદુ કે મુસલમાનો માટેના કાયદા વિષે કોઈને પૂછે છે.

ફોજદારી ગુનાની કોટવાલ તજવીજ કરે છે. તેની ચોકસી કરીને નવાબની મંજૂરીથી દંડ લે છે. દંડ ના આપે તો ગુનેગારને નવાબની મરજીથી કેદ રાખે છે, કોઈ વાર કોઈનો ગુનો તપાસ્યા સિવાય બધા બંદીવાનને છોડી મેલે છે. એવી રીતે કે ઓણુના વરસમાં બુજરંગખાનમ માંદી પડી માટે બધા કેદીઓને છોડી મૂક્યા.

શહેરોમાં પોળોનો બંદોબસ્ત કોટવાલ કરે છે. અને તેના હાથ નીચે આશરે ૧૫૦ સુધી સિપાઈઓ

રહે છે. દર મહિને ત્રણચાર રૂપૈયા મળે છે. એવું છતાં પણ બરોબર પગાર આપતા નથી. અને કેટલાક મહિના સુધી બાકી રહેતો, આથી રૂશવત લેવામાં આવતી.

ગામડામાં અસલની પોલીસની રીત છે. જે ગામમાં ગુનો થાય તેનો જુમ્મો તે ગામને માથે છે. નવાબ પાસે ૧૦૦-૧૫૦ ઘોડેસવાર પાયદળ છે.

શહેરને દરવાજે ૪૫૦ શીલંદી રાખ્યા છે. વળી રાજાના રક્ષણ માટે કેટલાક માણસો હોય તેમાં થોડા ઘોડેસવાર અને થોડા પાયદળ રાખતા.

મર્હુમ નવાબ હુસેન યાવરખાનના દિવાન :

દિ. ભગવાનદાસ :

એમના વખતના દિવાનો વિષે કંઈ માહિતી મળી નથી પરંતુ સને ૧૮૭૨ના અરસામાં થયેલા ખંભાતના દિવાન તરીકે ભગવાનદાસનું નામ મળે છે. તેઓ રાજ્યનો વહીવટ કરતા. તેમના મરણ પછી તેમના દીકરા બાપુજી દિવાનગીરીનું નામ ધરાવતા. દિવાનને રોકડો પગાર ન હતો; પરંતુ જે નફો (રકમ) મળતો હતો તેમાંથી અમુક રકમ તેમને મળતી. બાપુજીને રાજ્યના કામકાજમા કંઈ માથું મારવાનું ન હતું, પણ રાણીઓને ઉપજ માટે આપેલાં ખેતરોની સભાળ લેવાનું કામ કરતા.

આ દિવાન ઉપરથી ખડકીનુ નામ 'દિવાનજીની પોળ' ( જે મોટા મંદિરની બાજુમાં છે તે ) પડયું અને તેમના વંશજો પણ 'દિવાનજી'ને નામે ઓળખાય છે.

દિ. વિષ્ણુરામ

આ દિવાન મ. ન. ફત્તેહઅલીખાન ( ઈ. સ. ૧૭૮૯ – ૧૮૨૩ )ના સમયમા થઈ ગયા. તેઓ ત્રણ પોળમાં રહેતા ટોળકિયા બ્રાહ્મણ હતા. તેમને વિષે કહેવાય છે કે તેમણે નવાબસાહેબને ફરિયાદ કરી કે શહેરમાં બરાબર ઈનસાફ મળતો નથી. સરકારી ખરચ-ખૂટણનો બંદોબસ્ત નથી માટે દિવાન નીમવો જોઈએ. આ હકીકત ઉપરથી નવાબે તેમને જ દિવાન નીમ્યા. તેણે નવાબસાહેબને સારો ફાયદો કરી આપ્યો. આ પુરુષના વંશો 'દિવાન' તરીકે ઓળખાય છે.

નવાબ જાફરઅલીખાનસાહેબ મોમીનખાન છઠ્ઠા

ઈ. સ. ૧૮૮૦થી ૧૯૧૫

મર્હુમ નવાબ હુસેનયાવરખાનને (૧) જાફરઅલીખાન (૨) નજુમખાન (૩) નુરુદ્દીન મહંમદખાન (૪) બાકરઅલીખાન (૫) ફત્તેહઅલીખાન (૬) બંદેઅલીખાન અને (૭) અલીયાવરખાન એ સાત દીકરા હતા.

મર્હુમ નવાબ હુસેનયાવરખાન મરણ પામ્યા પછી ઈ. સ. ૧૮૮૦ના એપ્રિલની ૨૫મી તારીખે જાફરઅલીખાનસાહેબ તખ્તનશીન થયા. તેમનો જન્મ તા. ૨૬મી ઑગસ્ટ ઈ. સ. ૧૮૪૮માં થયો હતો. એટલે તેઓશ્રી બત્રીસ વર્ષની વયે ગાદી પર બેઠા હતા.

મીઠું અને અફીણ પકવવાનું બંધ : ઈ. સ. ૧૮૮૧માં તેઓ ગાદીએ બેઠા કે તરત જ બ્રિટિશ સરકાર સાથે કરાર થયા. તેમાં મીઠું પકવવાનું બંધ કરવામાં આવ્યું. જેના બદલામાં નવાબસાહેબને દર વરસે ચાળીસ હજાર રૂપિયા અને પાંચસો મણ મીઠું બ્રિટિશ સરકાર આપે એવું ઠર્યું. વળી ખંભાત રાજ્યનાં કેટલાંક ગામોમાં અફીણ પકવવામાં આવતું હતું તે બંધ કરવામાં આવ્યું. મીઠું પકવવાનું બંધ કરતાં નામદાર નવાબસાહેબને ઘણું જ ઓછું આવેલું એમ કહેવાય છે.

દિવાન શ્રી શામરાવ નારાયણ લાડ : ઈ. સ. ૧૮૮૦થી ૧૮૮૩ પ્રથમ વાર અને ઈ. સ. ૧૮૮૫થી ૧૮૯૦ બીજી વાર.

આ દિવાન મુંબઈના વતની હતા. શેણવી બ્રાહ્મણ હતા. ઇંગ્લીશ અને મરાઠી જાણનાર હતા. તેમણે ખંભાતમાં ઘણા સુધારા કર્યા. શેરીઓમાં ફાનસો મુકાવ્યાં, રસ્તા ઉપર પાણીનો છંટકાવ કરાવવામાં આવતો. હૉસ્પિતાલ શરૂ કરી. નિશાળોમાં વધારો કર્યો. જકાત, મકાનમાં સુધારો કર્યો. પ્રજાને સુખ આપવાના પ્રયત્ન કર્યા, તેમનાં શુભ કામનાં લોકો વખાણ કરવા લાગ્યા.[૧૫]

### રાજાપ્રજા વચ્ચે અથડામણ ઈ. સ. ૧૮૮૨

ઈ. સ. ૧૮૮૨માં ખંભાતમાં રાજાપ્રજા વચ્ચે અથડામણ ઊભી થઈ હતી. તે વખતે દિવાન તરીકે શામરાવ હતા, તથા વળી દામોદરદાસ હરિદાસ પણ તે વખતના મુખ્ય હતા. રાજ્યના કેટલાક વિઘ્નસંતોષી કારભારીઓએ પ્રજાને એ અમલદારો સામે ઉશ્કેરી; તેમને ખંભાત પાસેના ગાયકવાડી ગામ કાણીસામાં હિજરત કરાવી. ખંભાતમાં મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થઈ. દામોદરદાસ હરિદાસે મંછારામ કરીને એક ખાસ માણસને બોલાવ્યા. મંછારામે બધા કાગળો જોઈ ' ગુજરાત મિત્ર ' જે સુરતથી પ્રગટ થાય છે તેમાં નવ કટારોમાં લાંબો લેખ લખ્યો. આ દરમિયાન નવાબે પોતાના સાળાની સલાહ માની શામરાવને રજા આપી, ને કારભાર તેને સોંપ્યો.

આ આખા પ્રકરણની તપાસ કરવા અંગ્રેજ સરકારે સ્પ્રાઈસાહેબની નિમણૂક કરી. તેનું નિવેદન શામરાવ વગેરેની વિરુદ્ધ ગયું, ને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયું. ' ગુજરાત મિત્ર 'માં મંછારામે લખેલા અહેવાલથી તે તદ્દન વિરુદ્ધ હતું. તેથી બીજાં પત્રો ' ગુજરાત મિત્ર ' ઉપર તૂટી પડયાં.

શામરાવે કેટલાક દસ્તાવેજ સરકાર સમક્ષ રજૂ કર્યા ને પોતાની નિર્દોષતાની ખાતરી કરી આપી. ગેઝેટનું આગલું નિવેદન પાછું ખેંચી સરકારે નવું નિવેદન કર્યું. ' ગુજરાત મિત્ર 'માંના લેખમાંની હકીકતનું આમાં સમર્થન હતું. અને ગુજરાત મિત્રનો વિજય હતો.'[૧૬]

### દિવાન જ. નબીખાં
### ઈ. સ. ૧૮૮૩થી ઈ. સ. ૧૮૮૫

નવાબસાહેબના બહુ વિશ્વાસુ અને અંગત તરીકે નબીખાંએ બે વર્ષ દિવાનગીરીનું કામ કર્યું. પછી પાછા શામરાવને ૧૮૮૫માં ફરી બોલાવ્યા. તેમણે ૧૮૯૦ સુધી કારભાર કર્યો.

### શામરાવ દિવાન ફરી દિવાનપદે
### ઈ. સ. ૧૮૮૫થી ઈ. સ. ૧૮૯૦

જ્યારે તે બીજી વખત દિવાનગીરી ઉપર આવ્યા ત્યારે જમીનની માપણી – સરવે સેટલમેન્ટ —કરવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી. સને ૧૮૮૮ના ઑક્ટોબરમાં ખંભાત-દરબારે ગવર્નમેંટમાં લખ્યું કે આ કામ અમને સોંપો. ગવર્નમેંટે તેમને સોંપ્યું.[૧૭] પરન્તુ તે કામ સ્ટેટના લાભમાં ન ઊતર્યું.

દિવાન ઉપર હુમલો : જમીનની સેટલમેન્ટથી કેટલાક નારાજ થયા હતા. વળી કેટલાક દિવાનથી વિરોધી હતા. તેથી તેઓએ દિવાનને મારી નાખવાની તરકીબ રચી. તા. ૨૬ એપ્રિલ ૧૮૯૦ના રાતના

૧૫. ખંભાતના એક કવિ નાથાલાલ માણેકલાલે દિવાન શામરાવ વિષે એક મોટી કવિતા લખી છે; જેમાં તેમણે ખંભાતમાં કરેલા સુધારા વર્ણવ્યા છે.

૧૬ ' ગુજરાત પત્રકારિત્વનો ઇતિહાસ' પૃ. ૧૫૩–૧૫૫

૧૭. સરવે સેટલમેન્ટનો રિપોર્ટ સને ૧૮૯૩

બે અને ત્રણની વચ્ચે બે માણસ તેમના બંગલામાં પેઠા; દિવાનખાનામાં દીપ તો જલતો હતો. દિવાનની ગરદન પર ઘા કર્યો. તેમનાં પત્ની પણ દાગીના પહેરીને સૂતાં હતાં. તેઓ જાગી ગયાં. તેમને કાંઈ પણ નુકસાન કર્યું ન હતું; બદમાસો ભાગી ગયા. તેઓને ઓળખી કાઢવામાં આવ્યા. તેમના પર કેસ ચાલ્યો. સાતસાત વર્ષની સજા થઈ હતી.[૧૮]

ખંભાતમાં હુલ્લડ : ઈ. સ. ૧૮૯૦.

ઈ. સ. ૧૮૯૦ના સપ્ટેમ્બર માસની ૧૭મી તારીખે મુંબઈ સરકારને ખબર પડી કે ખંભાતના દિવાન શામરાવ નારાયણ લાડનું જુલમી વેર લેવા લોકોએ હુલ્લડ મચાવ્યું. આ સમયે નવાબ સરકારે ખેડાના લશ્કરની મદદ માગી. ત્યારે તેમને મદદ આપવામાં આવી પરંતુ એવી શરતે કે અમે જે શરત કરીએ તે તમારે કબૂલ રાખવી પડશે. ત્યાર પછી તરત લશ્કર મોકલવામાં આવ્યું; અને હુલ્લડ કરનારાઓને વિખરાઈ જવાનો હુકમ આપ્યો. છતાં તેઓ વિખરાઈ ગયા નહિ અને સામા થયા, તેથી તેઓને વિખેરતાં કેટલાકના જાનનું નુકસાન થયું. ત્યાર પછી યોગ્ય તપાસને અંતે કટલીક તપાસ કરવા, સૂચનાઓ નવાબસાહેબને આપવામાં આવી હતી.

લૉર્ડ હારીસે નવાબ ઉપર લખેલો પત્ર :

તા. ૯મી ઑકટોબર સને ૧૮૯૦ના રોજ મુબઈના ગવર્નર લૉર્ડ હારીસે નવાબસાહેબ ઉપર એક પત્ર લખ્યો હતો. 'આપના હક જાળવવા ખાતર બ્રિટિશ સરકારે ઘણી સંભાળથી પોતાની ફરજો બજાવી છે. અને હુલ્લડના વખતમાં આપને રક્ષણનો લાભ આપેલો છે. પરંતુ માત્ર જુલમના સાધન તરીકે વપરાતા અખત્યારને તાબે રહેવાની ફરજ પાડવાના દોષિત થવાનું બ્રિટિશ સરકાર મંજૂર કરી શકતી નથી. માટે હમારી સરકારે જે ખાસ શરતથી વચ્ચે આવવાનું માથે લીધું છે અને હમોએ જે ધોરણે આપના લક્ષ ઉપર મૂકેલાં છે તેને અનુસરીને ખાસ પોલિટિકલ અમલદાર તરીકે મેજર કેનેડીને નીમી ખંભાત તરફ રવાના થવા હમોએ તેમને ફરમાવેલ છે; સોપાયેલ કામ બજાવવા માટે આપે તેમને જરૂરનો સઘળો અખત્યાર અને હુકમને સ્વાધીન કરવાં જોઈ એ.'[૧૯]

દિવાન શ્રી કેશવલાલ હીરાલાલ

ઈ. સ. ૧૮૯૦ થી તા. ૧૬-૪-૧૮૯૪

સને ૧૮૯૦માં હુલ્લડ થયું; તેમાં શામરાવ દિવાને ગેરિસનના માણસો બોલાવી ગોળીબાર કરાવ્યો. જેમાં કેટલાંક માણસો માર્યાં ગયાં. આથી અંગ્રેજ સરકારે ખંભાતનું રાજ પોતાના રક્ષણ નીચે મૂકયું; અને રાજકારભાર ચલાવવાને માટે એક અંગ્રેજ અમલદાર મેજર કેનેડીની પસંદગી કરવામાં આવી; અને દિવાન તરીકે મિ. કેશવલાલ હીરાલાલ જે થાણા જિલ્લાના ડેપ્યુટી કલેકટર હતા; તેમની નિમણૂક કરી. તેઓએ ઘણો સુધારો કર્યો અને પ્રજાને શાંત પાડી. અને સને ૧૮૯૪માં નવાબ જાફરઅલીખાનને ફરીથી રાજ્યાધિકાર સોંપ્યો; અને દિવાનની નિમણૂક કામ પોતાના હાથમાં રાખ્યું. અને તે જગા ઉપર શ્રી માધવરાવ હરિનારાયણ વ્યાસની નિમણૂક કરી. કેશવલાલ હીરાલાલ અમદાવાદના વતની અને નાગર હતા.

ખંભાત સ્ટેટની સર્વે સેટલમેન્ટ – ઈ. સ. ૧૮૯૩

સને ૧૮૮૬-૮૭માં પ્રથમ સર્વે સેટલમેન્ટનું કામ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો. અને આસિ. સુપરિન્ટેન્ડેન્ટ મિ. સુમર્સની દેખરેખ નીચે કરવામાં આવ્યું; પરંતુ તેમની નોકરીની મુદત પૂરી થતાં તે રિટાયર્ડ થયા. અને કામ રીતસરનું ન

૧૮. સને ૧૮૯૦નો સ્ટેટનો રિપોર્ટ.

૧૯. હિંદરક્ષિત રાજ્યો. પૃ. ૩૧૬

હોવાથી તે કામ રદ કરવામાં આવ્યું. સને ૧૮૮૮ સુધી આ કામ ગુજરાત સર્વે ખાતાના હાથ નીચે હતું. પછી ખંભાત દરબારની માગણીથી તે કામ ખંભાત દરબારને સોંપવામાં આવ્યું; પરંતુ આ પગલું સ્ટેટના લાભમાં ન ઊતર્યું અને સને ૧૮૯૦માં ખંભાતમાં હુલ્લડ થયું. આથી રેવન્યુ સર્વેના સિદ્ધાંત પ્રમાણે એસેસમેંટ ગવર્નમેન્ટે લઈ લીધી. અને ફરી તેની પરવાનગીથી સને ૧૮૯૨ના જાન્યુઆરીમાં આ કામ પૂરું કર્યું; અને તે વખતના ખંભાતના સ્પે. ઑફિસર મેજર કેનેડીએ ગવર્નમેંટમાં રિપોર્ટ કર્યો છે.[૨૦] જો કે રિપોર્ટ કર્યો, પરંતુ તેનું કામ તો સને ૧૯૦૭–૮ સુધી ચાલુ રહ્યું હતું. આ સેટલમેંટ પ્રમાણે જમીનના જુદા જુદા વર્ગ પાડી તેના દર નક્કી કર્યા; અને તે ખંભાતી રૂપિયામાં ભરવામાં આવતા. આ વખતથી રેવન્યુઅધિકારીની જગા કમી કરી તેની જગાએ વહીવટદારની જગા નક્કી કરી. તા. ૬–૫–૧૮૯૪થી.[૨૧]

સેટલમેંટ થઈ અને ખેડૂતોના જૂના વેરા બંધ કર્યા. ઈ. સ. ૧૮૯૩

ખંભાત રાજ્યમાં સર્વે સેંટલમેંટ થતાં, તે વખતે જે વેરા લેવાતા હતા તે વેરા માફ કરવામાં આવ્યા. ઈ સ. ૧૮૯૩

| | | |
|---|---|---|
| ૧ આના વેરો | ૮ તંબાકુના દોકડા | ૧૫ શીરબંધી |
| ૨ અજાફો | ૯ ઘાસદાણો | ૧૬ ફાલો |
| ૩ અબાબ | ૧૦ ઘઉંનો વેરો | ૧૭ ચોરા ખરચ |
| ૪ લાકડાનો ફાલો | ૧૧ ઘાસદાણો | ૧૮ ખરચના |
| ૫ કીટ વેરો | ૧૨ ચોકી તથા રખા | ૧૯ મહેતા તથા હવાલદાર |
| ૬ કસુંબીની સુખડી | ૧૩ લખાઈના | ૨૦ રવીની ઉપજ |
| ૭ વેરો તથા બેઠેલી | ૧૪ ખયડાના | ૨૧ બાજરીના કોઠાની ખોટ |

અને સેંટલમેન્ટના ધારા પ્રમાણે જમીનની અંદર રહેલા ગુણ ઉપર દર ઠરાવવામાં આવ્યા. (તા. ૧૬ મે ૧૮૯૩)[૨૨]

---

૨૦. 'સર્વે સેટલમેન્ટ – કેમ્પે રિપોર્ટ સને ૧૮૯૩ – તેમાં વિગતવાર ખંભાતની હકીકત આપવામાં આવી છે.

૨૧. સરક્યુલર બુક, પાન ૫૩

૨૨. ખંભાતની સરક્યુલર બુક જૂની. નં. ૩૯

દિવાન શ્રી માધવરાવ હરિનારાયણ વ્યાસ
દિવાન : ૧૭–૪–૧૮૯૪થી તા. ૨–૭–૧૯૧૩

દિલ્હી દરબારમાં જાનેવારી સને ૧૯૦૩ શહેનશાહ સાતમા એડવર્ડની તાજપોશીનો દરબાર ભરાયો ત્યારે તેની ખુશાલીમાં વાઇસરોય તરફથી એક સોનાનો અને બે ચાંદીના ચાંદ આપવામાં આવ્યા હતા.



દિવાન શ્રી માધવરાવ
હરિનારાયણ વ્યાસ

આ ચાંદ માટે ખંભાતમાં દરબાર ભરવામાં આવેલો; અને સોનાનો ચાંદ નવાબસાહેબનો હતો. તે તેમણે રાખેલો. અને ચાંદીનો ચાંદ દિવાન માધવરાવને આપવામાં આવ્યો. તે પ્રસંગે નવાબસાહેબ જણાવે છે કે :

'ચાંદીનો એક ચાંદ અમારી રયાસતના સર્વથી મોટા અને જોખમદાર અમલદાર દિવાન રાવ બહાદુર માધવરાવ હરિનારાવણને માટે છે. તે અમારે હાથે એમને આપવામાં આવે છે તેથી ઘણી ખુશી ઊપજે છે. આ રાજ્યમાં પ્રથમ તેઓ રેવન્યુઅધિકારી હતા. તે કામ એમણે સાડાત્રણ વરસ સુધી કર્યું. તે દરમિયાન એમની મહેનત, હોશિયારી, દાનાઈ અને ઇમાનદારીથી રેવન્યુખાતામાં ઘણા જ સુધારા થયા છે. એવી એમની સારી નોકરીથી અમે ખુશી થઈ એમને અમારા રાજ્યના દિવાનનો મોટો હોદ્દો આપ્યો છે. નવ વરસ થયાં તેઓ એ હોદ્દાનું કામ મોટી કાબેલિયત, હોશિયારી, દાનાઈ, ઇમાનદારી અને રૈયતના ભલા માટે તનમનથી કાળજી રાખી ચલાવે છે. તેથી અમે એમના ઉપર ઘણા જ ખુશી છીએ. એમના ઉપર અમારો સંપૂર્ણ ભરોસો છે. અમારી ઘણી ખુશી છે કે આ ચાંદ લાંબી મુદત સુધી તેઓ પહેરે અને આ રાજ્યની ઘણાં વરસ સુધી નોકરી કરતા રહે.[૨૩]

આ દિવાને ખંભાતનો રાજ્યકારભાર ઘણી કુનેહપૂર્વક ચલાવ્યો. રાજ્યમાં સુધારા ઘણા કર્યા. અને તેઓ રેવન્યુઅધિકારીમાંથી દિવાનપદે પહોંચ્યા હતા, એટલે રાજ્યની તમામ બાબતોથી વાકેફ હતા. તેઓએ લગભગ ૨૪ વર્ષ જેટલી લાંબી નોકરી કરી. આ દિવાનને તા. ૧–૭–૧૯૧૩થી નવાબસાહેબે ખંભાતની દીવાનગીરીના કામ ઉપરથી દૂર કરી તેમની જગાએ રા. મા. ગુલાબીદાસ બાપુજીને મુકરર કર્યા. દિવાન માધવરાવ વિષે ખંભાતની પ્રજાને માન હતું. તેમના રિટાયર થયા પછી એક છાપાવાળાએ લખેલું કે 'રાવબહાદુર માધવરાવ હરેનારાયણની કાર્યદક્ષતા, સંભાવિતપણું, વિચારશીલતા, રાજા તથા પ્રજાનું હિત જાળવવાની તેની અપૂર્વ શક્તિ અને સાથેસાથે નીતિની મૂર્તિ અને સ્વતંત્ર ન્યાય કરવાની તેની દઢ ઇચ્છા ઇત્યાદિ સદ્‌ગુણોથી કોઈ પણ અજાણ્યું નથી.'

'મીલ, રેલવે, વૉટરવર્ક્સ અને બંદર જેવા પ્રજાના વ્યાપારના માર્ગો ખુલ્લા કરવામાં આશરે સત્તરથી અઢાર લાખ રૂપિયા તેમના અમલમાં

૨૩. ખં. દ. ગે. ૧લી સપ્ટે. ૧૯૦૩, પૃ. ૪૧ બીજો ચાંદ નવાબસાહેબના ઉસ્તાદ મુનશી મીરઝાં બક્ષે અલીને આપ્યો હતો. તેઓ લાંબી મુદતથી મુનશીગીરી અને કુરજાનું કામ કરતા.

ખરચાયા છે. અને પાઠશાળાઓ, સ્કૂલો વગેરે સ્થાપી પ્રજાના લાભમાં ઘણો વધારો થયો છે. તેમની બાહોશી વડે સ્ટેટની આવકમાં પણ થોડો વધારો કરી દેખાડ્યો છે અને સ્ટેટની તિજોરીમાં રૂપિયા નવ લાખની સિલક મૂકેલી સંભળાય છે. તે ઉપરાંત દરબારને અંગે તેમણે જવાહીર ખરીદેલાં છે. આ પ્રમાણે ત્રીસ વરસની દિવાનગીરીના કારભારમાં નીતિને રસ્તે સરકારની તિજોરી એમણે તર કરી આપી છે, તેમ જ પ્રજાલાભનાં કામોને મોટો ટેકો આપ્યો છે.'

'અગાઉ શાહુકારો પાસેથી નવ ટકાને વ્યાજે નાણાં લેવાં પડતાં તેને બદલે આજે સ્ટેટને ત્રણ ટકાને વ્યાજે નાણાં મૂકવાં પ્રજા સહીસલામત ગણે છે. સરકારની એવી આંટ તેમણે વધારી છે.

'દરેક ધર્મના ધર્મગુરુઓ, આચાર્યો વગેરેને એકસરખું માન તેઓ આપતા તથા દરેક ધર્મની સંસ્થાને યોગ્ય પ્રસંગે આશરો આપી વિદ્યોત્તેજન આપવામાં કંઈ કચાશ કે પક્ષપાત રાખ્યો ન હતો.'

'બ્રિટિશ સરકારે તેમની સર્વ પ્રકારની યોગ્યતાની કદર કરીને નવાબસાહેબને તેમની ઉછેરી નોકરી આપી હતી. તહેવારે હરેક પોલિટિકલ એજંટ અને મુંબઈ સરકારે તેમના કારભારના સંબંધમાં પ્રસંગે પ્રસંગે વખાણ કર્યાં છે. છેલ્લી ઘડી સુધી નામદાર નવાબસાહેબ (જાફરઅલીખાન) તેમને અંતઃકરણપૂર્વક ચાહતા હતા. શ્રીયુત માધવરામ લગભગ ૬૦ વર્ષની ઉંમરે પહોંચ્યા હતા, તે આવતા વર્ષે મુંબઈના ગવર્નરના હાથે વૉટરવર્ક્સ ખુલ્લું મુકાવી પછી દિવાનપદ છોડવાના હતા. એવું પોતે સ્પષ્ટ કહેતા'[૨૪]

૨૪. 'મુંબઈ સમાચાર' તા. ૧૪મી ઑગસ્ટ, ૧૯૧૩.

## શેપર્ડમારકીટ : ઇ. સ. ૧૮૮૯

ખંભાતમાં શાક વેચવાનું સ્થળ 'શાકમારકીટ' ગવારા દરવાજા બહાર (કોટની સફીલે) નક્કી કરવામાં આવ્યું અને સને ૧૮૮૯માં ખેડા જિલ્લાના કલેક્ટર મિ. જી. એફ. શેપર્ડના હાથે ખુલ્લું મુકાયું. તે સાથે તેમનું નામ જોડી 'શેપર્ડમારકીટ' રાખવામાં આવ્યું. તેની પાછળ રૂા. ૫૯૮૯નો ખર્ચ થયો હતો. શેપર્ડસાહેબ લખે છે કે 'તમે મારકીટ મારા નામથી રાખી છે તેને માટે હું તમારો આભાર માનું છું. હજી ઘણાં નવાં મકાનો થાય છે તે તમારા રાજ્યની આબરૂનો વધારો કરે છે. હજી પણ સુધારા કરતા જાઓ, કોર્ટો સ્થાપો. આ બધી બાબતોમાં તમારા દિવાન મિ. શામરાવે તમારા સ્ટેટને અને પ્રજાને ઘણી સારી નોકરી બજાવેલી છે.'

## ન્યાયમંદિર : ઈ. સ. ૧૮૯૩

ત્રણ દરવાજાની બહાર ફુરજાના દરવાજા તરફ જતાં ન્યાયમંદિર આવેલું છે. આ પહેલાં પાંચ હાટડી તરફ જતાં એક મકાન આવતું; કે જેમાં મર્હૂમ નવાબ હુસેનયાવરખાનસાહેબે પોતાના ઉસ્તાદ સૈયદ હસનઅલીસાહેબને ન્યાય કરવાનો થોડો અધિકાર આપેલો; એટલે તે પોતાના જ મકાનમાં કચેરી રાખતા. તેને જૂની અદાલત કહે છે. સને ૧૮૯૩માં ખાસ કચેરીઓ માટે નવું મકાન બંધાવ્યું; અને તેમાં પદ્ધતિસરની વ્યવસ્થા ગોઠવવામાં આવી.

આ કોર્ટના ઉપલા માળ ઉપર આગલા ભાગમાં એક સ્ત્રી હાથમાં ત્રાજવાં લઈ ને અદલ ન્યાય દેખાડનાર તરીકે ઊભી રાખી છે. તેમાં કાળા પથ્થર પર ફારસીમાં લેખ લખ્યો છે. તેનો અર્થ એવો થાય છે કે 'આસમાનની છત તારા માથા ઉપર તૂટી પડે તોપણ અય ઇન્સાફ કરનાર ઇન્સાફને છોડીશ નહિ.'

### ખંભાત દરબારી ગેઝેટ : ઈ. સ. ૧૮૯૦

ખંભાતમાં સરકાર તરફથી જે જે ખબરો પ્રસિદ્ધ કરવાની હોય તે માટે ખંભાતમાં એક નાનું પ્રેસ શરૂ કર્યું અને તેમાંથી "ખંભાત દરબારી ગેઝેટ" માસિક શરૂ કર્યું. તે સને ૧૯૪૭ સુધી ચાલ્યું. જ્યારે પ્રજાસત્તાક રાજ્ય થયું ત્યારે તે બંધ પડયું.

### કૅનેડી હૅાસ્પિતાલ ઈ. સ. ૧૮૯૩

ત્રણ દરવાજાની અંદર નવાબસરકાર તરફથી બાંધવામાં આવ્યું. અને કૅનેડીસાહેબનું નામ જોડી તેને ખંભાત સ્ટેટના મુખ્ય દવાખાના તરીકે ગણવામાં આવ્યું.

### ઝનાના હૅાસ્પિતાલ ઈ. સ. ૧૮૯૮

મહારાણી વિકટોરિયાના ડાયમંડ જ્યુબિલિ મહોત્સવના સ્મરણાર્થે ત્રણ દરવાજા બહાર સ્ત્રીઓ માટે નવાબ સરકાર તરફથી હૅાસ્પિતાલ બાંધવામાં આવી; અને તેનું નામ તે પ્રમાણે રાખવામાં આવ્યું.

### એડવર્ડ સેવન્થ કોરેનેશન ગાર્ડન : ઈ. સ. ૧૯૦૩

સાતમા એડવર્ડના રાજ્યાભિષેક નિમત્તે સ્ટેશન નજીક બાગ કરાવ્યો અને તેનું નામ 'એડવર્ડ સેવન્થ કોરેનેશન ગાર્ડન' આપવામાં આવ્યું. તા. ૩–૫–૧૯૦૩ના રોજ ઉત્તર વિભાગના કમિશનર લેલીસાહેબને હાથે ખુલ્લો મુકાયો.

### મીલ કાઢવા પરવાનગી આપી : ઈ. સ. ૧૯૦૭

ખંભાત શહેરના વિકાસ માટે ખંભાતમાં એક સુતરાઉ મીલ નીકળે તો સારું, આ શુભ હેતુથી સ્ટેટ તરફથી સ્વ. શેઠ હરિલાલ જગન્નાથ તથા મગનલાલ દલપતરામને તા. ૨જી જુલાઈ ૧૯૦૭ના રોજ પરવાનગી આપવામાં આવી.

### જાફર અલીખાન વૅાટર વર્ક્સ : ઈ. સ. ૧૯૧૬

મુર્હૂમ નવાબ જાફરઅલીખાનસાહેબના સમયમાં તે વખતના દિવાન માધવરામે ખંભાતની પ્રજાને પાણી પૂરું પાડવા માટે વૅાટર વર્ક્સ કરવા ગોઠવણ કરી; જગા પસંદ કરી, કામ આરંભ્યું, મોટાં મોટાં મશીનો ખરીદ કર્યાં; અને કામની શરૂઆત કરવાની હતી; પરંતુ ના. જાફરઅલીખાન સને ૧૯૧૫માં બેહસ્તનશીન થયા. એટલે તે કામ સને ૧૯૧૬માં કે. આર. બમનજીએ મુંબઈના ગવર્નરની કૌન્સીલના મેમ્બર મિ. ડબ્લ્યુ. ડી. શોર્ડને હાથે "નવાબ જાફરઅલીખાન વૅાટરવર્ક્સ" નામ આપી ખુલ્લું મુકાયું.

બીજાં લોકોપયોગી કામો : બંદર સુધારવા માટે તેમણે તે માટેનાં સાધનો મંગાવ્યાં; દરિયો ખોદાવી પાણી કાયમ રહે તે માટે પ્રયત્ન કર્યો; પ્રાથમિક શાળાઓ, સંસ્કૃત શાળાઓ, કન્યાશાળાઓ, હરિજન–શાળાઓ, ઉર્દૂ મદ્રેસાઓ કાઢવામાં આવ્યાં. વિદ્યાર્થીઓને ઇનામ આપવા માંડયાં, રસ્તાઓ સુધરાવ્યા, તે ઉપર ઝાડો રોપાવ્યાં, ગ્રામપંચાયત દાખલ કરી, મફત કેળવણી આપવાની શરૂઆત કરી, રસ્તાઓ ઉપર પાણી છંટાવા માંડયું, મહોલ્લે મહોલ્લે ફાનસોની ગોઠવણ કરી, મ્યુનિસિપાલિટી કાઢવામાં આવી; મીઠું પકવવા તજવીજ કરી; તોશાખાનામાં સેવિંગ્સ બૅંક કાઢી.

શાહજાદાસાહેબના જન્મની ખુશાલી : તેમની ઉત્તરાવસ્થામાં નવાબસાહેબ હુસેનયાવરખાનનો જન્મ (સને ૧૯૧૧) થયો. તેની ખુશાલીમાં રાજ્યમાં ત્રણ દિવસ રજા પાળી. શહેરમાં ઘેરઘેર સાકર વહેંચી, વિદ્યાર્થીઓને મીઠાઈ વહેંચી, ગરીબોને દાન આપ્યાં હતાં, ખેડૂતો પાસેની બાકી નીકળતી મોટી રકમ માંડી વાળી, નોકરોને એક માસનો પગાર વધારે આપ્યો હતો.

દિવાન શ્રી જુલાખીદાસ બાપુજી

દિવાન : તા. ૩–૭–૧૯૧૩થી ૨૮–૭–૧૯૧૩.

તેમને નિમવામાં આવ્યા પરંતુ ખેડા જિલ્લામાં તેમને નોકરી ઉપર જવાનું હોવાથી તેમને છૂટા કર્યા.

દિવાન શ્રી અબ્દુલલતિફખાન

દિવાન : તા. ૨૯–૭–૧૯૧૩થી ૨૧–૯–૧૯૧૩.

આ દિવાન ઝાઝો વખત ન રહ્યા. અને તેમની જગાએ વી. કે. આર. બમનજી આવ્યા.

દિવાન શ્રી કે. આર. બમનજી ( ખરશેદજી રતનજી બમનજી )

દિવાન તરીકે તા. ૨૨–૯–'૧૩થી ૨૧–૧–'૧૫ સુધી રહ્યા. પછી નવાબ જાફરઅલીખાન બેહસ્તનશી થતાં તા. ૨૨–૧–૧૫થી તા. ૨૨–૪–૧૮ સુધી એડમિનિસ્ટ્રેટર તરીકે રહ્યા.

**તીર્થક્ષેત્ર–ખંભાત**

મુક્તિક્ષેત્ર એ સ્નાન માત્રથી,
જન્મમરણ ભય વામેજી.
ધર્મવંતને યોગ્ય સદા નર,
પુણ્ય હીણુ નવ પામેજી.
[ વિષ્ણુદાસ સં. ૧૬૩૪ ]

ખંભાત તીર્થક્ષેત્ર તરીકે પૌરાણિક સમયથી પ્રખ્યાત છે. તે સમયે તેનું નામ મહીનગર હતું; ખંભાત સમુદ્રતીરે આવેલું હોવાથી સમુદ્રસ્નાનનો મહિમા આપણાં શાસ્ત્રોમાં ખૂબ વર્ણવ્યો છે; સ્કંદપુરાણના કુમારિકાખંડમાં સમુદ્રનું માહાત્મ્ય, મહી નદીની ઉત્પત્તિ, શિવાલયોની સ્થાપના, કુંડ–કૂપની મહત્તા વગેરે અનેક બાબતો તેમાં ભરેલી છે.

**અર્જુનનું સમુદ્ર ( ખંભાતના )માં સ્નાન**

અર્જુન ખંભાતના સમુદ્રમાં સ્નાન કરવા ક્યારે આવ્યો તે નક્કી કરવા જતાં મહારાષ્ટ્રીય વિદ્વાન અને ઇતિહાસલેખક શ્રી ચિન્તામણ વિનાયક વૈદ્યે 'કૃષ્ણચરિત્ર' નામનો મનનીય ગ્રંથ લખ્યો છે તેના ભાષાન્તરમાં તારવેલી ભગવાન શ્રીકૃષ્ણના જન્મની સાલો આપી છે; તેમાં શ્રીકૃષ્ણના ૫૩મા વર્ષે ઈ. સ. પૂર્વે ૩૧૩૨ વર્ષે અર્જુન યાત્રાએ નીકળ્યો છે એમ જણાવે છે.[૨૫]

ખંભાતના સમુદ્રને દક્ષિણ સમુદ્ર કહેતા હતા. આ તીર ઉપર જે પાંચ તીર્થો છે અને જેનું મુનિઓએ ઘણું વર્ણન કરેલું છે[૨૬] તે અમને કહો. અર્જુન તે વર્ણન સાંભળીને સમુદ્રમાં સ્નાન કરવા આવે છે; તેવો તેનો પગ પાણીમાં રહેલી મગરીઓ પકડે છે; અને તે પછી બહાર આવે છે; મગરીઓ પોતાને લાગેલો શાપ કહે છે.

'[૨૭]ત્યાં સમુદ્રતીરિ તીર્થ મોટાં,
(મહા) તાપસ કેરો વાસ
પુણ્ય વન બહુ નિરખતાં પછિ,
આવ્યા તેહની પાસ – ૪૯

---

૨૫. સ્વ. કવિ નાનાલાલ દ. 'ગુજરાતી દી. અંક–૧૯૨૬, પૃ. ૪૪ ઉપર 'રસૌ' વૈ. સ. યુગપલટો અથવા શ્રી ગોકુલેશમાંથી કુરુક્ષેત્ર વિધાતા.'

૨૬. મુનિ બોલે છે :

२ दक्षिणार्णवतीरेषु यानि तीर्थानि पच च ॥
तानि ब्रूहि विशालाक्ष वर्णयंत्यति तानि च ॥१॥
કૌ. ખંડ – અ. ૧–૧

૨૭ ખંભાતના કવિ વિષ્ણુદાસે મહાભારત રચ્યું છે; તેમાં આદિપર્વના કડવા ૭૮મામાં 'અર્જુન વનવાસપર્વ' લખ્યું છે. ( ફા. સા. સભા. મુંબઈ. પ્રસિદ્ધ ) તેમાં અર્જુન ખંભાતના સમુદ્રની યાત્રા કરવા આવે છે તેનું વિગતવાર કડી ૧થી ૮૧ સુધી વર્ણન આપ્યું છે. તેમાં અર્જુન જાત્રા કરવા નીકળ્યો છે ને ખંભાતમાં સમુદ્રસ્નાન કરે છે; એ કૌમારિકાખંડના પ્રથમ અધ્યાયનું તેમાં વર્ણન કરવામાં આવ્યું છે.

તે મધ્ય તીર્થ પાંચ છિ,
ત્યાં કુણિ ગ્યૂં ન જવાય
કિહિ તાપસ, 'શૂં કરવું અર્જુન'
વિમાસિ મન માંહિ – ૫૦
અગસ્ત્ય, પૌલોમ, નિ કરન્ધમ,
ભરદ્વાજ, સૌભદ્ર (એહવાં) નામ
મહાપાતક દર્શનિ હરિ પછિ,
આવ્યા તેણિ ઠામ્ય – ૫૧

▣

તપવિધિ કરવા ગ્યલી, પાંચિ,
આવી તેણિ ઠામિ
હૂં, સૌરભેઈ, સામેચી, ભુધા,
લતા એહવાં નામ – ૬૧

▣

પાંચ મલી પછિ એકઠી,
ચરણે ધરીની શીસ
અર્જુન કેરી સ્તુતિ કરી,
છિ ઉચ્ચરિ આશિષ – ૭૬
દિવ્યદેહ પામી અપ્સરા,
પાંચિ પોહતી ઠામિ
રાજપુત્રિ શૂં કર્યું પછિ,
પાર્થ એહનું નામ ? – ૭૭

શનિવારી અમાસે મહીસાગર – સ્નાન

સમુદ્રના સ્નાનની શ્રેષ્ઠતા બતાવતાં લખે છે કે 'સ્તંભતીર્થ નામથી પ્રસિદ્ધ થયેલું આ તીર્થ સર્વ તીર્થનું ફળ આપનારું થશે. શનિવારી અમાવાસ્યાને દિવસે મહીસાગરની યાત્રાનું જે ફળ મળે છે તે સાંભળો, પ્રભાસની દસ યાત્રાઓ, પુષ્કરની સાત યાત્રાઓ, પ્રયાગની આઠ યાત્રાઓ, કુરુક્ષેત્રની પાંચ યાત્રાઓ, નકલુશની ત્રણ યાત્રાઓ, અર્બુદની ૭ યાત્રાઓ, વસ્ત્રાપથની ત્રણ, ગંગાની પાંચ, કુપોદરીની ચાર, કાશીની ચાર અને ગોદાવરીની પાંચ યાત્રાનું જે ફળ મળશે તે ફળ સ્તંભતીર્થમાં શનિવારની અમાસે સ્નાન કરવાથી મળશે.'[૨૮]

સમુદ્રમાં અસ્થિ પધરાવવાં :

કૌમારિકાખંડમાં કહેવામાં આવ્યું છે કે 'જો મરણ પામેલાના શબનો અહીં દાહ કરવામાં આવશે અને તેનાં હાડકાં સમુદ્રમાં પધરાવવામાં આવશે તો તેની અક્ષય ગતિ થશે; તે સ્વર્ગલોકમાં દીર્ઘકાળ પર્યંત રહીને પછી આ લોકમાં પાછો આવીને સર્વ પ્રકારનો વૈભવશાળી પ્રતાપી રાજા થશે.'[૨૯] આમ હોવાથી ખંભાતની તમામ હિંદુ પ્રજાનાં શબ સમુદ્રકાંઠે દહન કરવામાં આવે છે; અને હાડકાંને એકઠાં કરીને દૂર જ્યાં સમુદ્રનું પાણી હોય ત્યાં પધરાવવામાં આવે છે; સમુદ્રથી દૂર રહેલાં ગામોના લોકો પણ આ ભાવનાથી હાડકાં સમુદ્રમાં પધરાવવા આવે છે.

ખંભાત :

ગુજરાતનાં તીર્થસ્થાનોમાં ખંભાતને ગણવામાં આવ્યું છે. ગુજરાતના ઇતિહાસકાર શ્રી દુ. કે. શાસ્ત્રી પોતાના લખેલા 'ગુજરાતનાં તીર્થસ્થાનો'માં લખે છે કે[૩૦] 'ખંભાત નવમા દસકામાં શતકમાં સારી પ્રસિદ્ધિમાં આવ્યું છે, એ જોતાં તથા સ્કંદપુરાણમાં ૧૧–૧૨–૧૩મા શતકનાં અને કવચિત્ તે પછીના બનાવોનાં વર્ણનો મળે છે. એ જોતાં ખંભાત દસમા, અગિયારમા શતકોમાં 'મોટું તીર્થ' ગણાતું હશે.'

---

૨૮. કો. ખં. ગુ. ભા. પૃ. ૩૫૨–૫૩. (અ. ૫૮–શ્લો. ૫૮થી ૬૫)

૨૯. કો. ખં. ગુ. ભા. પૃ. ૨૨૧
ગુજરાતનાં તીર્થસ્થાનોમાં 'મોટું તીર્થ'

૩૦. ગુ. તી. પૃ. ૧૯૧

મિરાતે એહમદીએ ખંભાતને તીર્થ ગણાવ્યું.

ગુજરાતના મુસલમાની સમયનો ઇતિહાસ ' મિરાતે એહમદી 'માં પણ ખંભાતને તીર્થક્ષેત્ર તરીકે ગણાવ્યું છે. તે લખે છે કે આ ' મહીતીર્થમાં આવેલો કોઈ હિન્દુ સમુદ્રમાં સ્નાન કર્યા વિના જતો નથી.'[૩૧] વળી તેણે કાણીસાનો કુંડ તથા સરોવર-તીર્થ ગણાવ્યાં છે. કાણીસાના કુંડને ' કામીરકુંડ ' નામ આપેલું છે.

### સમુદ્રકાંઠા ઉપર મેળો

ચૈત્ર સુદ ૧૫ને દિવસે ખંભાતના સમુદ્ર ઉપર મેળો ભરાય છે. ચરોતર તથા બારા – વિભાગના હજારો લોકો ચૌદશને દિવસે રાત્રે આવે છે; અને સમુદ્રના કાંઠા ઉપર ચાંદની રાતમાં મુકામ કરે છે; સમુદ્રના ભરતીના પાણીમાં સ્નાન કરે છે; ચંદ્ર પ્રકાશમાં પાવા, મોરલી વગેરેના સુમીઠડા સ્વરોથી સમુદ્રકિનારો ગુંજી રહે છે અને સવાર થતાં ( પૂનમની ) લોકો શહેરમાં હરેફરે છે; અને સાંજ થતાં મેળો વિખરાઈ જાય છે. મિરાતે એહમદી પણ એની નોંધ લે છે.[૩૨]

### પંચકોશીની યાત્રા

ખંભાતના હસ્તલિખિત કુમારિકા ખંડમાં ' ખંભાતની પંચકોશીની યાત્રા 'નામના અધ્યાયમાંથી આ પ્રમાણે સ્થળો દર્શાવવામાં આવ્યાં છે.

### શહેર બહારની યાત્રા

૧ મહીસાગર–સ્નાન. ૨ નવદુર્ગા. ૩ બર્કરેશ્વર ( ચોકમાં ). ૪ વટયક્ષણી ( વડચી ). ૫ લવણેશ્વર ( લૂણેશ્વર ). ૬ ગંગાકૂપ ( ગંગવો કૂવો ). ૭ ગંગા. ૮ નારદેશ્વર ( નારેશ્વર ). ૯ કોટીશ્વર ( કોરેશ્વર ). ૧૦ અત્રીશ્વર ( નગરામાં ). ૧૧ ગણેશ્વર ( નગરા ). ૧૨ ગૌતમેશ્વર (નગરા). ૧૩ અખંડેશ્વર. ૧૪ બ્રહ્મેશ્વર, ૧૫ જ્યાદિત્ય. ૧૬ ત્રિપુરાંબિકા. ૧૭ મોક્ષેશ્વર. ૧૮ બ્રહ્માસાવિત્રી. ૧૯ કામેશ્વર. ૨૦ ગંગાદેવી ૨૧ ભીમેશ્વર. ૨૨ કુર્કુટ્ટી. ૨૩ દારિદ્રેશ્વર. ૨૪ સંખેશ. ૨૫ ભટ્ટાદિત્ય. ૨૬ કપીલેશ્વર. ૨૭ બાલાદિત્ય. ૨૮ દારિદ્રભંજન. ૨૯ સિદ્ધેશ્વર. ૩૦ સિદ્ધાંબિકા. ૩૧ સિદ્ધવિષ્ણુ. ૩૨ સિદ્ધવટ. ૩૩ સિદ્ધક્ષેત્ર. ૩૪ સિદ્ધકૂપ. ૩૫ સિદ્ધ સરોવર. ૩૬ હરિશંકર. ૩૭ નીલકંઠ. ૩૮ બહુદકેશ્વર. ૩૯ ખડ્ગ-ધારિણી ( ખોડિયાર ). ૪૦ ફરી સમુદ્રસ્નાન.

### શહેરની અંદરની યાત્રા

૪૧ મહાકાલેશ્વર ( માદળા પર ). ૪૨ ચામુંડા-દેવી ( ટો. બા. વાડી સામે ). ૪૩ રામચંદ્રજી. ૪૪ તારાદેવી. ૪૫ વારાહી. ૪૬ વ્યાઘ્રેશ્વરી. ૪૭ નારાયણ ( નારણદેવની પોળ ) પાણિયારી. ૪૮ સોઠેશ્વર. ૪૯ હનુમંતા. ૫૦ કુમારેશ્વર. ૫૧ સાંખાય. ૫૨ કોલંબા. ૫૩ કપાલેશ્વર. ૫૪ કપાલીશ્વર. ૫૫ નારાયણી. ૫૬ સ્તંભેશ્વર. ૫૭ પ્રતિજ્ઞેશ્વર. ૫૮ રામેશ્વર. ૫૯ સપ્તઋષિ. ૬૦ અલિંગેશ્વર. ૬૧ સોમેશ્વર ( દેવની પોળ ). ૬૨ વૃદ્ધવાસુદેવ ( વડા વાસુદેવની પોળ ). ૬૩ કુશનારાયણ. ૬૪ હાટકેશ્વર ૬૫ સોમકુપ ( દેવની પોળ ). ૬૬ ભૈરવનાથ. ૬૭ શારણેશ્વર. ૬૮ ત્રંબકનાથ. ૬૯ હરસિદ્ધિ માતા ૭૦ કુંડેશ્વર. ૭૧ યજ્ઞેશ્વર. ૭૨ બહુચરાજી. ૭૩ હનુમંત ૭૪ કાલીશ્વરી. ૭૫ ગણપતિ. ૭૬ મહાલક્ષ્મી. ૭૭ ફરી મહાકાલેશ્વર.

નૂતન રાષ્ટ્રતીર્થ : ખંભાતમાં તેલ નીકળ્યા પછી કવિઓએ ખંભાત–લૂણેજને નૂતન રાષ્ટ્રતીર્થ ગણાવ્યું.

' સોમનાથ ભૃગુતીર્થ દ્વારિકાં સ્તંભતીર્થ પ્રાચીન
લૂણેજ નૂતન રાષ્ટ્રતીર્થ, વળી કૈંક થશે નવલાં,
જગતતીર્થ આશ્રમ સાબરતટ, ઠારે દુનિયા દવલાં.
( ઉમાશંકર જોશી )

---

૩૧. મિ. એ. ગુ. ભા. ભા. ૨ ( પુરવણી પૃ. ૧૬૩).

૩૨. એ જ. પૃ. ૧૬૪

## પવિત્ર જૈન તીર્થક્ષેત્ર

ખંભાતમાં અનેક પ્રભાવશાળી પ્રાચીન પ્રતિમાઓ છે. જ્યાં મહોલ્લે મહોલ્લે સુમનોહર દેવપ્રાસાદો છે; જ્યાં પ્રતિવર્ષે આચાર્યો, સાધુ, સાધ્વીઓ પધારે છે; અહિંસા, દયા અને પરોપકાર તથા ધર્મનાં અનેક પ્રકારનાં કાર્ય થાય છે. એવી ખંભાતની આ પવિત્ર ભૂમિના સ્થાનને 'જૈન તીર્થક્ષેત્ર' ગણવામાં આવ્યું છે. 'શ્રી સ્તંભન પાર્શ્વનાથ' જેને કવિઓએ 'થંભણપાર્શ્વનાથ'ના નામથી વર્ણવ્યા છે. અને જેને વિ. સં. ૧૩૬૮માં સ્તંભનકપુર (હાલનું થામણા)માંથી લાવવામાં આવ્યા છે. તથા બીજા તીર્થંકરો અહીં બિરાજે છે. તેથી આ ક્ષેત્રને 'તીર્થક્ષેત્ર' તરીકે ગણવામાં આવે છે. તેમનો મહિમા સંસ્કૃત, અને ગુજરાતી ગ્રંથોમાં ગૂંથાયેલો જોવામાં આવે છે.

### તીર્થમાળાઓ

૧. વિ. સં. ૧૪૯૯માં વિદ્યમાન પંડિત મેઘે તીર્થમાળા રચી છે તેમાં તે લખે છે કે 'ખંભનયર તિરથ હિ ભણઉં, સકળ આમિશ્રી છઈ થાંભણઉં.

૨. વિ. સં. ૧૬૬૭માં શાંતિકુશલે ગોડી પાર્શ્વનાથ સ્તવન રચ્યું છે. તેમાં લખ્યું છે કે —'થંભણપાસ ત્રંબાવતીના કોડે તું ધૃત કલ્લોલ'

૩. વિ. સં. ૧૭૨૧માં ખંભાતની યાત્રા કરનાર ઉપાધ્યાય મેઘવિજયે શ્રી પાર્શ્વનામમાલા બનાવી છે. તેમાં લખે છે કે 'જિનવર થંભણપાસ, લોડણ છોડઈ ભવપાસ.' તથા 'કંસારી જિન એ ચાંણુસમો ધન એ' એ પ્રમાણે લખે છે.

૪. વિ. સં. ૧૭૨૧ થી ૩૮ સુધીમાં યાત્રા કરનાર પંડિત શિલવિજયજી લખે છે કે — મહીસાગર ઊતરીએ પાર, આવ્યા ત્રંબાવટી મોઝાર.

થંભણતીરથ મહીમા ઘણો, ભાવેભવિકા ભકતે સુણો, આ સાધુકવિએ ખંભાતનું વર્ણન ઘણું જ કર્યું છે. તે તીર્થમાળામાં ૧૨૨ કડીથી ૧૩૯ સુધીની કડીઓ બનાવી છે. જેનો સાર આ પ્રમાણે છે. (કવિતામાં લખેલી છે)

'મહીસાગરને ઊતરીને અમે ત્રંબાવટી (ખંભાત)માં આવ્યા. અહીં થંભણપાસ્વનાથનો ઘણો મહિમા છે. હે ભાવી ભકતો તમે ભક્તિપૂર્વક સાંભળો.'

સમુદ્રની અંદર થોભેલાં વહાણો સાગરદત્ત શેઠે પ્રાપ્ત કર્યાં. સ્થંભન પાર્શ્વનાથના પ્રસાદથી પાર ઊતર્યા તેથી કુશળતાપૂર્વક આવીને થંભણપાર્શ્વનાથનું નામ સ્થાપન કરી પ્રતિષ્ઠા કરાવી. આ મહાપ્રભુ મહાપુણ્યથી પાપ્ત કર્યા. અભય દેવ સૂરિનો રોગ પણ દૂર થયો. ઘણાં વર્ષો સુધી આ મૂર્તિ ભૂતળમાં (પાતાળમાં) ધરણેન્દ્ર પાસે રહી. દૂધ ઝરવાના નિમિત્તથી પાછી પ્રકટ થઈ.

ખંભાતનું વર્ણન આપતાં તે લખે છે કે પહેલા યુગમાં આ ગામનું નામ રત્નાવતી હતું. બીજા યુગમાં કનકાવતી, ત્રીજા યુગમાં ત્રંબાવતી અને ચોથા યુગમાં ખંભાત નામ પ્રસિદ્ધ થયું છે. અહીં થંભણપાર્શ્વનાથ, જીરાઉલા પાર્શ્વનાથ, તારિંગા પાર્શ્વનાથ, ભીડભંજનપાર્શ્વનાથ, શામળાપાર્શ્વનાથ, નવપલ્લવ પાર્શ્વનાથ, જગવલ્લભ પાર્શ્વનાથ, અને સુખસાગર પાર્શ્વનાથની સેવા કરવી.

વળી આગળ લખે છે કે ખંભાતના શ્રાવકોમાં શિરોમણી સમાન, ઋદ્ધિવાળા અને સારા ગુણોના આદર કરનારા છે. આ નગરીને તુંગિયા નગરીની ઉપમા આપવામાં આવેલી છે. ગુણરાગી પુરુષો આની સેવા કરે છે.

રાજસગુણરાજે ઓસવંશ સોની તેજપાલ, એક લાખ ધન ખરચ્યું; ને જેણે શેત્રુંજે શિખર કરાવ્યું. સંઘવી ઉદયકરણ, સોમકરણ, નિજયકરણ

અને જયકરણ થયા. તેઓ દેવગુરુની આજ્ઞા પાળતા અને સારા સ્થાનમાં લક્ષ્મી ખર્ચીને લક્ષ્મીનો લહાવો લેતા. વળી પારેખ વજીયા અને રાજીયાએ શ્રીશ્રીવંશમાં બહુ ગર્જના કરવાવાળા થઈ ગયા. તેમણે ઉત્તમ એવી પ્રતિષ્ઠાઓ કરી હતી. આ લોંકાની મુખ્ય ગાદી ગોવા બંદરની હતી. ત્યાં તેમની ગાદી ઉપર સુવર્ણછત્ર શોભતું હતું. ત્યાં તેમની એક પણ આજ્ઞા કોઈ લોપતું નહિ, ફિરંગીનું રાજ્ય તો નામનું હતું. વળી પ્રાગવંશીય કુંવરજીવાડુઆએ કાવીમાં મંદિર કરાવ્યાં. પિતા-પુત્રે અહીં એકબીજાની સ્પર્ધાથી જોડાજોડ મંદિર કરાવ્યાં છે. વળી મોઢ જ્ઞાતિના ઠક્કર જસરાજ થઈ ગયા. જેનું વંશભૂષણ આજ પણ શોભે છે. ( કવિના સમયમાં ) તે સિવાય લાલજીના પુત્ર માલજી અને સવજી એ બે બંધુઓની જોડી હતી, તે પણ સારા બુદ્ધિશાળી હતા. એમણે સત્તરસોબાવીસમાં ( વિ. સં. ૧૭૨૨)માં શત્રુંજયની યાત્રા કરીને સંઘવીની પદવી લીધી. તેમણે સુપાત્રનું વિશેષ પોષણ કર્યું હતું. તે લોકોનું જીવ્યું ધન્ય છે. તેમણે સંઘવાત્સલ્ય અને જિનમંદિરની પૂજા-પ્રભાવના ઘણી કરી હતી. તેમના સમક્તિના ગુણની શોભા પણ ઉજવી હતી. આશ્રિતો પ્રત્યે પણ વાત્સલ્યભાવ ધરાવતા હતા.

ખંભાતમાં કેટલાક શાસ્ત્રના જ્ઞાતા હતા, તો કેટલાક દાતા અને કેટલાક શ્રોતા હતા, કેટલાક અન્નપાનાદિના ભોક્તા હતા, કેટલાક કવિ હતા; કે જેમણે ગુરુ-વચનથી નિશ્ચયતાપૂર્વક આગળનો ભેદ સમજીને કવિતા કરી છે. અહીં પણ બુદ્ધિશાળી અને દાન-દયાથી સુશોભિત, સત્યવાળા અને બુદ્ધિસાગર ગૃહસ્થ હતા. અહીં આણંદ ચોકસીનો પુત્ર ચતુર અને વિવેકી તથા ઉપકારી વેલજી શેઠ રહેતા હતા. આજ પણ તે બધાનો અપૂર્વ સગુણમણિ સમાન પરિવાર વિદ્યમાન છે. તેઓ જૈન ધર્મ ગુરુભક્ત છે. અને યશ તથા સૌભાગ્યને પ્રાપ્ત કરે છે.

ખંભાત એ બહુ પ્રાચીન નગર છે. દિવસે દિવસે તે શોભાનું સ્થાન દીપી રહ્યું છે. અને અનેક ગુણીરત્નોની ખાણ જેવું છે. તેનાં કેટલાંક વખાણ કરીએ ? ( ૧૩૬–૧૩૯ કડી )

૫. વિ. સં. ૧૭૫૦માં ખંભાતની યાત્રાના લેખક સૌભાગ્યવિજય પોતાની તીર્થમાળામાં લખે છે કે દેહરે ને દેરાસરે બિંબ પરે'રે, વંદુ ખંભાયત આય, થંભણપાસ જૂહારીયેં, ચિંતધારીયેં રે કંસારી પાસ.

૬. વિ. સં. ૧૮૮૬માં પંડિત રત્નકુશલે " પાર્શ્વનાથ સંખ્યાસ્તવન " રચ્યું છે. તેમાં તે કહે છે કે :

> થંભણપાસ, ઝિણેસર સાચું,
> સુર તરૂ રે અડવાડિયાં આધાર
> ભીડભંજન પાસ ભીડભંજન,
> જિન નમો રે ટાલે રોગ પ્રચાર;

૭. વિ. સ. ૧૭૦૧માં મતિસાગરે " ખંભાયતની તીર્થમાળા " બનાવી છે.

૮. સત્તરમા સૈકામાં થયેલા ખંભાતના જૈન કવિ ઋષભદાસે પણ ખંભાતની તીર્થમાળા બનાવી છે.

૯. સોળમા સૈકામાં થયેલા કવિ ડુંગરે ખંભાતની ચૈત્ય પરિપાટી બનાવી છે.

આમ અનેક જૈનાચાર્યો, શ્રાવકો ખંભાતની યાત્રાએ આવતા; અને મહોલ્લે મહોલ્લે બનાવેલાં જૈન મંદિરોમાંના દેવોનાં દર્શન કરી જીવન સફળ કરતા. વર્તમાન યુગમાં જાત્રાની સ્પેશિયલ ગાડીઓ નીકળે છે; અને ખંભાતનાં તીર્થધામોની યાત્રા કરી કૃતકૃત્ય થાય છે.

### વડવા તીર્થક્ષેત્ર ( શ્રીમદ્ રાજ્યચંદ્રના અનુયાયીઓનું )

શ્રીમદ્ રાજ્યચંદ્રની પ્રતિમા તથા અન્ય જૈન પ્રતિમાઓ અહીં છે. વળી વ્યાખ્યાન માટેનો